# ॥ અણુભાષ્યનું અધ્યયન ॥

## (સાધનાધ્યાય તથા ફલાધ્યાય ની ભૂમિકા)

ગોસ્વામી શ્યામ મનોહર

**પ્રકાશક :** સહયોગપ્રકાશન, સહયોગકર્તા :
કિશનગઢ વૈષ્ણવ સમાજ, કિશનગઢ ૩૦૫૮૦૨.
શ્રીમતી બીના સુનિલ જાવા, મલાડ, મુંબઈ ૪૦૦૦૬૨.
શ્રીમતી સુશીલાબેન, મુંબઈ.

**અધ્યાપનકર્તા :** ગોસ્વામી શ્યામમનોહર

**પ્રથમસંસ્કરણ :** શરદોત્સવ, વિ.સં.૨૦૬૮

**પ્રતિ :** ૧૦૦૦

**નિઃશુલ્કવિતરણાર્થ :**

**મુદ્રક :** રમા આર્ટ્સ,
૪, ચુનાવાલા ઈન્ડસ્ટ્રિઅલ્ એસ્ટેટ્,
કોંડિવિટા, અંધેરી (પૂર્વ),
મુંબઈ : ૪૦૦ ૦૫૯.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **મંગલાચરણ** | **૧** |


## ॥ સાધનાધ્યાયની ભૂમિકા ॥


| | |
|---|---|
| **૧. સાધનના પ્રકાર** | **૩-૧૦** |
| ઉપક્રમ : સિદ્ધ અને અસિદ્ધ સાધન | ૩ |
| પૂર્વમીમાંસાનુસાર સાધનના પ્રકાર | ૪ |
| મહાપ્રભુજીના મતમાં સાધનનો પ્રકાર | ૫ |
| સાધનના નિરૂપણમાં ભાષાનો રોલ્ | ૬ |
| સમ્બન્ધનિર્દેશના પ્રકાર | ૭ |
| શબ્દોની કેટેગરીનો વિચાર | ૭ |
| વસ્તુ સમ્બન્ધ અને ગુણ ની દૃષ્ટિથી સાધનના પ્રકારનો વિચાર | ૭ |
| **૨.સાધનાધ્યાયનો લેન્ડસ્કેપ્** | **૧૧-૨૮** |
| બ્રહ્મસૂત્રમાં સાધનાધ્યાયનું સ્થાન તથા તેની રચનાનું પ્રયોજન | ૧૧ |
| ધર્મસાધનાના ચાર મોડેલ્ | ૧૨ |
| સાકારબ્રહ્મવાદની દૃષ્ટિએ સાધનવિચાર | ૧૪ |
| સાધનાના અંગનો વિચાર | ૧૬ |
| જ્ઞાનના પ્રામાણ્યનો વિચાર/એપિસ્ટમોલોજીકલ વિચાર | ૧૬ |
| ૧. યથાર્થાનુભવઃ પ્રમા | ૧૭ |
| ૨. અનધિગત-બાધયોગ્યવ્યતિરિક્ત-વિષયકં જ્ઞાનં પ્રમા | ૧૮ |
| હર્મેન્યુટીકસ્થી વિચાર | ૧૯ |
| કર્તવ્યોપદેશની યોગ્યતાનો વિચાર | ૧૯ |
| વૈદિકપરંપરામાં ધર્મનો વિચાર | ૨૧ |
| અધિકારનો વિચાર | ૨૨ |
| સામાન્યધર્મ | ૨૩ |
| ગીતા અને ભાગવત ની ઈનસાઈટ્ | ૨૩ |
| પુષ્ટિભક્તિતો આત્મધર્મ છે | ૨૪ |
| રસૌ વૈ સઃ | ૨૫ |
| પુષ્ટિભક્તિસાધના = ભક્તિરસાનુભવની પ્રણાલી | ૨૭ |


## ॥ ફલાધ્યાયની ભૂમિકા ॥


| | |
|---|---|
| **૧. ફલસમ્બન્ધિવલ્લભવેદાન્તનો સિદ્ધાન્ત** | **૨૯-૬૦** |
| ઉપક્રમ | ૨૯ |
| ''પ્રકૃતિવદ્ વિકૃતિ કર્તવ્યા''ન્યાયાનુસાર ફલસમ્બન્ધિવિચાર | ૩૧ |
| પ્રમાણ-પ્રમેય-સાધન-ફલની કોટીઓના વિચાર અંગે ફલ માટેનુ સૂત્ર: ભગવાનેવ હિ ફલં સ યથા આવિર્ભવેદ્ ભુવિ | ૩૪ |
| ભગવદ્પ્રાકટ્યના પ્રકાર: ગુણ-સ્વરૂપભેદવડે | ૩૫ |
| ખુદાની ખુદાઈમાં કોઈનો ભાગ નથી | ૩૮ |
| સચ્ચિદાનન્દ બ્રહ્મની ત્રણ શક્તિઓ : ક્રિયા જ્ઞાન અને રમણાત્મિકા | ૩૯ |
| ૧.સદંશમાંથી પ્રકટ ક્રિયાશક્તિના પ્રાકટ્યદ્વારા ફળમાં વિભિન્નતા. | ૪૦-૪૪ |
| પ્રવાહી : અહંતા - મમતાત્મિકા કૃતિ | ૪૦ |
| મર્યાદા : નિષ્કામકર્માત્મિકા કૃતિ | ૪૨ |

પુષ્ટિ : પ્રવાહેણ ક્રિયારતા ૪૩
૨.ચિદંશમાંથી પ્રકટ જ્ઞાનશક્તિના પ્રાકટ્યદ્વારા ફળમાં વિભિન્નતા. ૪૪-૪૭
ત્રૈવર્ગિક પુરુષાર્થલભ્યફલ ૪૪
આપવર્ગિક આત્માનન્દ કે બ્રહ્માનન્દ ૪૬
મર્યાદયા ગુણજ્ઞાઃ ૪૭
૩.આનન્દાંશમાંથી પ્રકટ રમણશક્તિના પ્રાકટ્યદ્વારા ફળમાં વિભિન્નતા. ૪૭-૫૪
ઐહિક / પારલૌકિક સુખ / આનન્દ ૪૭
સાલોક્યાદિ મુક્તિ ૫૨
અલૌકિકસામર્થ્ય સાયુજ્યં સેવોપયોગિદેહો વૈકુંઠાદિષુ ૫૨
પ્રમાણસાધ્ય-પ્રમાણસિદ્ધ-પ્રામાણિક સિદ્ધાન્ત ૫૪

**૨.ફલાનુભૂતિના પ્રકાર અને તેના કારણો ૬૧-૭૪**
**( ફલતા-પ્રિયતા-આત્મબોધ-વિશ્વબોધ )**
ફલતામાટે વૈજ્ઞાનિકોના વિચાર ૬૧
ફલતાનો પ્રાથમિક આધાર પ્રિયતા ૬૧
પ્રિયતાનો આધાર અહંતા/આત્મબોધ ૬૨
અહંતાનો આધાર વિશ્વબોધ ૬૩
ભક્તિ અને જ્ઞાન માં ફલતા ૬૩
સર્વાત્મભાવ અને ફલ ૬૪
સર્વાત્મભાવની ત્રણ અવસ્થા ૭૦
વિભિન્ન દર્શન અને સર્વાત્મભાવના મુદ્દાની ચકાશણી ૭૧

**૩.પુષ્ટિભક્તિમાર્ગમાં 'સર્વાત્મભાવ'ના સ્વરૂપનો વિચાર ૭૫-૮૨**
સર્વાત્મભાવનો etymological concept ૭૫
'સર્વ' પદનોવિચાર ૭૫
'આત્મન્' પદનો વિચાર ૭૫



શબ્દોના જોડાણથી અર્થબોધના પ્રકાર અને વાક્યનું બંધારણ ૭૬
'ભાવ' પદનો વિચાર ૭૭
'સર્વાત્મભાવ'નો વિચાર : ૭૮
ભગવલ્લીલા અને સર્વાત્મભાવ ૭૯
પુષ્ટિ અને સર્વાત્મભાવ ૭૯
ભક્તિ અને સર્વાત્મભાવ ૮૦

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

# ॥ અણુભાષ્યનું અધ્યયન ॥

## (સાધનાધ્યાય તથા ફલાધ્યાય ની ભૂમિકા)

### ॥ મંગલાચરણ ॥

પ્રમાણં ચ પ્રમેયં ચ સાધનં ફલમેવ ચ।
બ્રહ્મૈવ સકલં શ્રૌતે બ્રહ્મવાદે વિભૂદિતે ॥૧॥
સાધનં પરમાત્માત્મરતૌ સ્વાત્મતયા ફલમ્।
ભગવાન્ સાધનં પુષ્ટૌ ભગવાનેવ ફલં તથા ॥૨॥
કૃષ્ણભક્તૌ સાધનં હિ કૃષ્ણાદન્યો ન કશ્ચન।
ગુણસ્વરૂપભેદાભ્યાં યથાચાવિર્ભવેદ્ ભુવિ ॥૩॥
વાક્પતેર્વલ્લભસ્યાભિપ્રેતમ્ એતચ્ચતુષ્ટયમ્।
વેત્તું શક્યં હિ દૈન્યેન પ્રણતૈર્હિ બુભુત્સુભિઃ ॥૪॥

[ વિભુ મહાપ્રભુજી દ્વારા પ્રકટાવેલ શ્રૌત બ્રહ્મવાદ અનુસાર જે કાંઈ પણ પ્રમાણો છે તે બધાંજ પ્રમાણ, તે પ્રમાણદ્વારા સમજાતા જે કાંઈ પ્રમેય તે બધાંજ પ્રમેય, જે કોઈ સાધનો વિભિન્ન પ્રણાલીઓ દ્વારા નિર્દિષ્ટ છે તે બધાંજ સાધનો તથા તે સાધનો વડે મળતા જે કાંઈપણ ફલો છે તે બધાંજ ફલ બ્રહ્મ જ છે બ્રહ્મથી અન્ય કાંઈ જ નથી.(૧)



આત્મરતિમાં સાધન તો પરમાત્મા જ બને છે. અને તે જ પરમાત્માની સ્વાત્મતયા અનુભૂતિ ફલ છે. પુષ્ટિમાર્ગમાં સાધનરૂપ ભગવાન્ જ છે તેમજ ફલ પણ ભગવાન્ જ છે.(૨).

તે કૃષ્ણ જ ગુણ અને સ્વરૂપ ના ભેદવડે આ ભૂમિ પર સ્વયં પ્રકટ થઈ ને સાધન-ફલ ઉભયરૂપતા ધારણ કરે છે આથી કૃષ્ણની ભક્તિમાં સાધન તો કૃષ્ણથી અન્ય કોઈપણ ક્યારેપણ હોઈ શકતું નથી.(૩).

વાક્પતિ શ્રીવલ્લભને અભિપ્રેત આ પ્રમાણ-પ્રમેય-સાધન-ફલની ચતુષ્ટયીને, જેમનામાં ખરેખર પ્રભુએ જ આ ફલભોગની પ્રિયતાના બીજ રોપ્યા છે તેવા વલ્લભવચનામૃતવર્ષાની આતુરતા થકી પ્રકટેલ દૈન્યવડે પ્રણત ભક્તો જ જાણી શકે છે.(૪). ]

# ॥ સાધનાધ્યાયની ભૂમિકા ॥

## ૧. સાધનના પ્રકાર

### ( ઉપક્રમ : સિદ્ધ અને અસિદ્ધ સાધન )

સાધનથી જે સિદ્ધ થતું હોય તે સાધ્ય. સાધન પહેલાં જો સાધ્ય સિદ્ધ હોય તો સાધનની જરૂરતજ નથી કે તેવા સાધનનો કોઈ અર્થ નથી, એમ સામાન્યપણે લાગે છે. પણ હકીકતમાં સાધનથી સાધ્ય સિદ્ધ થાય તે પહેલાં સાધ્ય અવર્તમાન જ હોય તે જરૂરી નથી.

ક્યારેક સિદ્ધને જ સાધનથી સાધ્ય બનાવવામાં આવે છે. અસિદ્ધને સાધ્ય નથી બનાવાતું. જેમકે આપણી પાસે જ છે પણ તેની ખબર નથી તો તેને રિમાઈન્ડ્ કરવાથી મળી જાય છે. દ્વૈતવાદી માટે બ્રહમ આવો સિદ્ધ નથી પણ શાંકરમતને આ મોડેલ્ ફાવે છે. **"નિત્યપ્રાપ્તસ્ય કંઠસ્થિતકનકસ્ય પ્રાપ્તિઃ"**. તમે પોતે બ્રહમ છો **"તત્ ત્વમ્ અસિ"** (છાન્દો.ઉપ.૬।૮।૧૦) થી યાદ કરાવે છે કે જે તમે ભૂલી ગયા છો. આને 'રાધાસૂનુપક્ષ' પણ કહે છે. કર્ણ પોતાને રાધાનો પુત્ર માનતો હતો પણ હતો કુંતીનો પુત્ર, કૃષ્ણ તેને જણાવે છે કે તુ રાધાનો પુત્ર નથી કુંતીનો પુત્ર છે માટે આને 'રાધાસુનુપક્ષ' કહે છે. આને **'દશમસ્ત્વમસિન્યાય'** પણ કહે છે. દસજણા દરિયામાં ન્હાવા ગયા, બહાર નીકળ્યા એટલે થયું કે બધા આવી ગયા કે નહિં તે ગણી લઈએ. દરેક જણ ગણે તો નવ જ થાય એટલે રડવા લાગ્યાકે એક દરિયામાં ડુબી ગયો. ત્યારે કોઈએ આવીને કહયું કે ગણો અને ગણતા નવ થયા ત્યારે આવનારે કહયું **"દશમઃ ત્વમ્ અસિ"** દસમો તું છો. ત્યારે લાગ્યું દસમો મળી ગયો પરન્તુ ખરેખર તો ખોવાયો જ ન હતો. દસે



દસ હાજર છે પણ ખ્યાલમાં વાત હવે આવી. જીવ પોતાનુ સ્વરૂપ ભૂલી ગયો છે તેને તે સ્વરૂપ યાદ કરાવવું તે બ્રહ્મ જે પ્રાપ્તજ છે તેની પ્રાપ્તિનુ તેવું સાધન છે. જેઓ જીવ-બ્રહમનું અદ્વૈત માનતા હોય તેમના માટે આ સિદ્ધસાધન છે પણ દ્વૈતવાદીને માટે સિદ્ધસાધન નથી. તેમના માટે પ્રાપ્યસાધન છે. તપ વૈરાગ્ય ભક્તિ વગેરેથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

જેઓ પરમાત્મા પર ભાર નથી આપતા ઉદા:સેમેટિક્ ધર્મ તેઓ જન્નત વગેરેની પ્રાપ્તિને ફલ માને છે.

### ( પૂર્વમીમાંસાનુસાર સાધનના પ્રકાર )

સાધ્યના જુદા જુદા ક્લાસિફિકેશન્ છે તેમાં પૂર્વમીમાંસકોએ સાધ્ય-સાધનના જે ક્લાસિફિકેશન્ કર્યા તે આ મુજબ છે : **૧. વિકાર્ય કે ઉત્પાદ્ય ૨. સંસ્કાર્ય ૩. આપ્ય (પ્રાપ્ય) ૪. પ્રતિબન્ધનિવારણ.**

**૧. વિકાર્ય કે ઉત્પાદ્ય સાધન :** ઉદા.ખિચડી બનાવવા માટેના બધા સાધનો ભેગા કરીએ પછી ખિચડી બનાવીએ તે ઉત્પાદ્ય સાધ્યના સાધન. માટી વગેરે સાધનો વાપરીને ઘડો બનાવીએ તે ઉત્પાદ્ય સાધ્ય ના સાધનો.

**૨. સંસ્કાર્ય સાધનો :** કેટલાક સાધનો સાધ્યને ઉત્પન્ન નથી કરતા પણ જે સાધ્ય છે તેને રિફાઈન્ કરે છે તે સંસ્કાર્ય સાધ્યના સાધન છે. ઉદા.મૂર્તિ પથ્થરના સંસ્કારથી ઉત્પન્ન થાય છે. પથ્થર પહેલેથી જ છે પણ તેને એવી રીતે આકાર આપ્યો કે તે મૂર્તિ બની ગયો તેથી પથ્થરના સંસ્કાર્ય સાધનો છીણી-હથોડી વગેરે છે.

**૩. આપ્ય (પ્રાપ્ય) સાધન :** કેટલાક સાધનો સાધ્યને ઉત્પન્ન નથી કરતા કે તેનો સંસ્કાર નથી કરતા પરંતુ તે સાધનો વડે

સાધ્ય પ્રાપ્ત થાય છે. ઉદા.દિલ્હી જતી ટ્રેનમાં બેસી જાવ તો દિલ્હી પહોંચી જવાય.

**૪. પ્રતિબન્ધનિવારણ સાધન :** ચોથા પ્રકારના સાધન નથી ઉત્પન્ન કરવાના કે નથી સંસ્કાર કરવામાટેના કે નથી પ્રાપ્તિમાટેના પરન્તુ તેને સાધ્ય તરીકે પ્રકટ કરવામાં આવતા પ્રતિબન્ધ દૂર કરવાના સાધનો હોય છે. તે પ્રતિબન્ધ દૂર કરે એટલે સાધ્ય પોતાની મેળે પ્રકટ થાય છે. ઉદા.બારી કે બાલ્કની પરથી પડદો હટાવતાજ સામેનું દૃશ્ય પ્રકટ થાય છે.

### (મહાપ્રભુજીના મતમાં સાધનનો પ્રકાર)

મહાપ્રભુજીના મતમાં અદ્વૈત એવુ નથી માન્યું કે જેમાં દ્વૈત સંભવી ન શકે અને દ્વૈત પણ એવુ નથી માન્યું કે જેના મૂળમાં અદ્વૈત ન હોય. જે વેદાદિ પ્રમાણ બતાવ્યા તે બ્રહમ માટે સાધન તરીકે ઉત્પાદ્ય, સંસ્કાર્ય, પ્રાપ્ય કે વિઘ્નનિવારક ક્યા સાધન હોય શકે? મહાપ્રભુજીના મતમાં ચારે સાધન હોય શકે. આ એક presuposition પ્રિસપોઝિશન્ છે. આ મહાપ્રભુજીના સાધનસમ્બન્ધિ દૃષ્ટિકોણમાં આ વિશેષતા છે તે વાત ખ્યાલમાં રાખવી. આના પર પરન્તુ વિચારકોની દૃષ્ટિ નથી ગઈ.

મહાપ્રભુજીના મતે જ્યારે બ્રહમસમ્બન્ધ લઈ સેવા કરીએ છીએ ત્યારે **બ્રહમસમ્બન્ધ લેવો એ સંસ્કાર્યનુ મોડેલ્** છે બ્રહમથી છૂટા જ નથી આપણે બ્રહમ જ છીએ તો બ્રહમસમ્બન્ધ લેવાનો ન હોય બ્રહમસમ્બન્ધ રીમાઈન્ડ્ કરવો પડે.

જ્યાંથી જ્યાં જે પહોંચે, જેના સુધી પહોંચે જે સાધનો થી પહોંચે તે બધુ જ બ્રહમ જ છે. મહાપ્રભુજીના મતે કર્મ જ્ઞાન ધ્યાન ઉપાસના ભક્તિ જે કાંઈ આપણે કરીએ તે સાધનને



ભલે તે ઉત્પાદક સાધન, પ્રાપક સાધન, સંસ્કારક સાધન કે વિઘ્નવારક સાધન હોય તેને બ્રહમથી નોખું માનતા જ સાધનની ગરીમા ખંડિત થઈ જશે. જે કર્મ, જ્ઞાન, સેવા તમે ઉત્પન્ન કરી રહયા છો તે રીતે બ્રહમ જ ઉત્પન્ન થાય છે. મહાપ્રભુજીના મતે **“સર્વં ભગવાનેવ કરોતિ પરન્તુ ભજનં વિના ન કરોતિ”** (સુબો.૩।૩૨।૨૨). બ્રહમસમ્બન્ધ લઈને ઠાકોરજી પુષ્ટ કરાવવા માટે પસંદ કરીએ છીએ તે **પ્રાપ્યનું** મોડેલ્ છે. સર્વત્ર બ્રહમ છે તેમાથી એક રૂપને પ્રાપ્ત કરીએ છીએ. પ્રાપકસાધનનું મોડેલ્ છે. તે ઠાકોરજીને જ્યારે પુષ્ટ કરાવીએ ત્યારે તે **સંસ્કાર્ય** સાધનનું મોડેલ્ છે. ચારેય સાધનો મહાપ્રભુજીના મતમાં બંધ બેસી જાય છે. બીજા દાર્શનિકોના મતમાં બંધ બેસતા નથી.

### (સાધનના નિરૂપણમાં ભાષાનો રોલ્)

ફિલોસોફીના દૃષ્ટિકોણથી સમજવાની વાત એ છે કે જે પણ સાધન કે સાધ્ય નુ નિરૂપણ કરીએ તેમાં ભાષાનો સહારો લેવો પડે છે અને લિંગ્વિસ્ટિક્ પોઈન્ટ્ ઓફ્ વ્યુ માં કોઈપણ સાઉન્ડ્ ના બે પ્રકાર છે. ૧. **ધ્વનિ** ઉદા : હોર્ન, વિમાનના ઉડવાનો અવાજ વગેરે. હોર્નથી આપણને કન્વે થાય કે કોઈ કાર પસાર થઈ રહી છે. પરન્તુ હોર્નનો મતલબ એ નથી કે “હું કાર છુ” એમ કહે છે. ૨. **શબ્દ.** અવ્યક્તનાદ ‘ધ્વનિ’ કહેવાય છે અને વર્ણાત્મક વ્યક્તને ‘ભાષા’ કહેવામાં આવે છે. આજે રિસર્ચમાં અવ્યક્ત ધ્વનિમાં પણ મિનિંગ કન્વે થાય છે તે સાબિત કરવામાં આવ્યું છે. ઉદા : પક્ષીઓના અવાજ પણ અલગ અલગ વખતે અલગ અલગ હોય છે અને તેનાથી સમજાતો અર્થ પણ અલગ અલગ હોય છે.

મનુષ્યની ભાષાના મુખ્ય વિભાગ **નામ** (noun) **આખ્યાત** (verb) **ઉપસર્ગ** (prefix) અને **નિપાત** (conjugate) એમ કરી શકાય. આમાં આપણે ત્યાં નામના ૧.કર્તા ૨.કર્મ ૩.કરણ ૪.સમ્પ્રદાન ૫.અપાદાન

૬.સમ્બન્ધ ૭.અધિકરણ ૮.સમ્બોધન એમ ભેદ કર્યા છે.

**(સમ્બન્ધનિર્દેશના પ્રકાર)**

**સમ્બન્ધ : ૧.ષષ્ઠીથી ૨.નિપાતથી અને ૩. ક્રિયાપદથી** દર્શાવવામાં આવે છે. **૧.ષષ્ઠી** (નો. ની, નુ, ના) સમ્બન્ધ દર્શાવે છે. ઉદા: 'મારી ખુરશી' કહેતા સુથાર પણ કહેશે મારી ખુરશી, યુનીવર્સીટી-મારી ખુરશી, તમે-મારી ખુરશી, ખુરશીનો ડીઝાઈનર-મારી ખુરશી. 'મારી' કહેવામાં કેટલા બધા સમ્બન્ધ હોઈ શકે. **૨.નિપાત** પણ સમ્બન્ધ દર્શાવી શકે ઉદા: રામ અને લક્ષ્મણ. રામ હશે તો લક્ષ્મણ હશે જ. ઘર અને બગીચો સામસામે છે. **૩.ક્રિયા** પણ સમ્બન્ધ દર્શાવે છે ઉદા. રામ વનમાં જાય છે. વનસાથે કર્તા રામનો સમ્બન્ધ જવાની ક્રિયા વડે દર્શાવાય છે. ભણાવનાર અને ભણનાર વચ્ચે ભણવાની ક્રિયાથી સમ્બન્ધ છે.

**(શબ્દોની કેટેગરીનો વિચાર)**

ભાષાના રૂપમાં આ રીતે જ્યારે શબ્દો વાપરવાના શરૂ થયા ત્યારે દાર્શનિકોએ વિચાર કર્યો કે શબ્દોની કેટેગરી કેટલી. ગ્રીક દાર્શનિક **પાઈથાગોરસે** મ્યુઝિકલ્ ઈન્સ્ટ્રુમેન્ટ્ હાર્પના તારના વિચારથી ત્રણ કેટેગરી બતાવી **૧.વસ્તુ** (substance) **૨.ગુણધર્મ** (Quality) **૩.સમ્બન્ધ** (relation). હાર્પના તાર એ સબસ્ટન્શ્ છે તેની જુદી જુદી લંબાઈ તેની ક્વોલિટી છે અને તેના સુરમાં રિપિટેશન થાય છે તે સમ્બન્ધ છે. દાર્શનિક **એરિસ્ટોટલે** ૧૦ કેટેગરી બતાવી. આપણે ત્યાં **ન્યાયમતમાં** ૭ કેટેગરી બતાવી છે. **દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય-વિશેષ-સમવાય-અભાવાઃ સપ્ત પદાર્થાઃ.**

**(વસ્તુ સમ્બન્ધ અને ગુણ ની દૃષ્ટિથી સાધનના પ્રકારનો વિચાર)**

ટ્રેન પ્લેન વગેરે સાધન છે તેનાથી જ્યાં પહોચવું છે તે સાધ્ય છે. આંખ, કાન, નાક કરણરૂપ સાધન છે દેખાય તે, સંભળાય



તે, ગંધ આવે તે સાધ્ય છે. શ્વાસ લઈને જીવુ છું. આમાં શ્વાસ સાધન છે જીવવું સાધ્ય છે પણ તેમાં અલગ પ્રકારે સમ્બન્ધ છે કારણકે હવા સાધન પણ છે અને આપણા કોન્સ્ટીટ્યુશનમાં પણ હવા છે. જેમ બાળકો ગાય છે ''મછલી જલકી રાની હૈ જીવન ઉસકા પાની હૈ હાથ લગાઓ ડર જાયેગી બહાર નિકાલો મર જાયેગી'' કારણ પાણી અને માછલીનો સમ્બન્ધ એ પ્રકારનો છે. જેમ તુલસીદાસજી ગાય છે ''તેરે મેરે નાતે અનેક''. આપણે પણ કહીએ છીએ ''ત્વમેવ માતા પિતા ત્વમેવ ત્વમેવ બંધુ સખા ત્વમેવ ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવદેવ!'' આવા મલ્ટિપલ મલ્ટિડાયમેનશનલ્ સમ્બન્ધ છે સાધન અને સાધ્ય વચ્ચે. જેમ શ્વાસ લેવામાં હવા સાથે, અને માછલીના પાણી સાથેના સમ્બન્ધમાં સાધન-સાધ્ય-સાધક અલગ અલગ નથી છતાં કોઈ પ્રકારે નોખા છે.

**સમ્બન્ધ એટલે સમ્યક્તયા બન્ધ.** સમ્બન્ધની બાબતમાં બૌદ્ધ અને માયાવાદીઓ ટેરરીઝમ્ અપનાવે છે કે બે સમ્બદ્ધના વચ્ચે સમ્બન્ધ છે કે અસમ્બદ્ધના વચ્ચે સમ્બન્ધ છે? જો સમ્બદ્ધના વચ્ચે સમ્બન્ધ હોય તો તેઓ સમ્બન્ધ વિના સમબદ્ધ કેવી રીતે થયા? અને બે અસમ્બદ્ધ વચ્ચે સમ્બન્ધ હોય તો તો કોઈ પણ બે વચ્ચે સમ્બન્ધ હોઈ શકે અને અસમ્બદ્ધ કાંઈ રહીજ નહી જાય!! તેથી શાંકર અને બૌદ્ધ કહે છે સમ્બન્ધ એ માત્ર ભ્રાન્તિ છે. કોઈ સાધનથી કોઈ વસ્તુ ખરેખર સિદ્ધ થતી નથી. શંકરાચાર્યના અનુસાર સાધનાધ્યાયમાં બ્રહમ સુધી પહોચાડનાર સાધન દેખાડ્યા નથી. તેમજ **''અહં બ્રહમાસ્મિ'' ''તત્ ત્વમ્ અસિ''** જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન (ફોલ્સ્) છે. સાચું જ્ઞાન પ્રાપ્ત થયા પછી આ સાધન યાદ રહયું તો તે સાચું જ્ઞાન નથી. બુદ્ધ પણ કહે છે કે મારા ઉપદેશો નાવ જેવા છે તેનાથી પાર ઉતરી શકો પણ ખભે નાવને ઉપાડીને ફરશો તો ભારરૂપજ છે. આથી શાંકરમત મુજબ સાધન

વિવર્તરૂપ છે ફેક્ fake સાધન છે. જેમ કાચમાં રિફ્લેક્શન્ જોઈને તમારા કાર્ય કરી શકો છો. તેથી સાધનોની માત્ર Utalitarian value કે truth છે.

**મહાપ્રભુજીના મતે સાધન સાધ્યનું જ કોઈક એક્સટેનશન્ છે** ઉદા: પ્રાણવાયુ અને આપણે, પાણી અને માછલી. આ ઉદાહરણોમાં સાધન અને સાધ્ય બે નથી એક છે. સાધ્ય જ સાધનભાવાપન્ન થાય છે. જેમ જીવીને શું કરવા માગો છો? જીવન જ સાધન અને જીવન જ સાધ્ય. બ્રહમમાંથી ઉત્પન્ન બ્રહમમાં જ સ્થિત છીએ તેથી બ્રહમને સાધ્ય કરવો હોય તો બ્રહમ જ સાધન. **૧. વસ્તુ** (substance) સાધ્ય જ સાધન બને છે. ઉદા.બ્રહમસમ્બન્ધ. **૨. ગુણ** (quality) ભગવદ્જ્ઞાન થકી ભગવાન મળશે. ભગવાનનો જ્ઞાન-ગુણ પ્રકટ થાય ત્યારે ભગવાન્ મળે છે. **૩. સમ્બન્ધ** (relation) : ભક્તિમય સમ્બન્ધથી ભગવાન મળશે. બ્રહમ હવા-પાણી જેવો છે તેનાથી ઘડાયા છીએ તેનાથી અને તેનામાં જ સ્થિત છીએ અને તેમાંજ લય પામશું. જેમ જીવવાનું સાધન જીવન છે અને સાધ્ય પણ જીવન છે. આમ સાધન-સાધ્યનો સમ્બન્ધ છે તેમાં લીલાત્મક ભેદ છે આત્યન્તિક ભેદ નથી.

એરિસ્ટોટલ્ બે પ્રકારના ગુણ quality બતાવે છે. ૧.essential quality (substantial quality) 2.accidental quality (aquired quality). ૧. ઉદા : સ્ત્રી કે પુરુષ પણુ ૨. ઉદા : પત્ની કે પતિ પણુ. આપણે ત્યાં બુદ્ધ ભગવાન તો વસ્તુની બાબતમાં નિર્દ્રવ્યતાવાદ સ્વીકારે છે. દ્રવ્ય જેવી વસ્તુ નથી સ્વીકારતા. અને flow is real but river is accidential substance. કારના લોખંડના ભાગ તે એસેંશિઅલ્ છે પણ કારપણુ પોતે એક્સીડન્સીયલ છે.

કોઈ પણ વસ્તુની કલ્પના ધર્મ વિના ન થઈ શકે. ઉદા : સાઉથ



પોલનો વિચાર. દ્વિતીયાધ્યાયમાં **"સર્વધર્મોપપત્તેશ્ચ"** (બ્ર.સૂ.૨।૧।૩૭) સૂત્રમાં વ્યાસજીએ વિચાર કર્યો છે કે બ્રહ્મમાં વિરુદ્ધધર્મો પણ ઉપપન્ન છે. અમુક મત પ્રમાણે કપડું કાર્ય છે તે સૂતરમાં ધર્મ તરીકે પ્રકટ થાય છે તે નિત્ય નથી. વળી કોઈક કહે છે કે શ્રુતિ કહે છે બ્રહ્મ એકમેવ અદ્વિતીય છે. તેથી બ્રહ્મના ધર્મ કાર્યરૂપ છે અનિત્ય કે ભ્રાન્તિ રૂપ છે. આમ હવે જ્યારે બ્રહમના જે ધર્મો છે તેનો નેચર શું છે? બ્રહમના બધા ધર્મો છે તે બ્રહમના કાર્યરૂપ છે કે પોતે બ્રહમ જ છે? આ પ્રશ્નના જવાબમાં સાધનાધ્યાયમાં વ્યાસજી સૂત્ર કહે છે **"પ્રકાશાશ્રયવદ્વા તેજસ્ત્વાત્"** (બ્રહમ.સૂ.૩।૨।૨૮). પ્રકાશ અને સૂર્ય નું ઉદાહરણ આપે છે તેમાં વસ્તુ અને તેના ધર્મો એક જ છે. પ્રકાશ અને સૂર્ય બન્ને સ્વાભાવિક છે. પ્રકાશ તેના મૂળથી છૂટો નથી પડતો મૂળમાં રહે છે છતાં ત્યાં પૂરાયેલો નથી રહેતો બહાર પણ આવે છે. પ્રકાશ અને સૂર્ય એક પણ લાગે છે અને ભિન્ન પણ લાગે છે.

સાધનના મૂળ મહાપ્રભુજીને હિસાબે essential quality માં રહેલા છે. ઉદા : બ્રહમમાં ક્રિયાશક્તિ છે. તેથી આપણામાં કર્મ પ્રકટ થાય છે તે કર્મ યજ્ઞયાગાદી વડે બ્રહમ સાધ્ય બને છે. તેથી કહ્યું છે **"યજ્ઞો વૈ વિષ્ણુઃ"** (તૈત્તિ.બ્રા.૧।૨।૫।૧). બ્રહમ પોતે જ્ઞાનરૂપ **"જ્ઞાનાનન્દાત્મકો વિષ્ણુઃ"** તેથી આપણામાં જ્ઞાન ગુણ પ્રકટી શકે તેથી બ્રહમ જ્ઞેય બને છે. બ્રહમ પોતે આનન્દરૂપ **"આનન્દમયોભ્યાસાત્"** (બ્ર.સૂ.૧।૧।૧૧) **"આનન્દમાત્ર કરપાદમુખોદરાદિ"** તેથી તેનો આનન્દ માણવાની શક્યતા રહેલી છે જે સ્નેહ કે ભક્તિના રૂપમાં પ્રકટ થાય છે જેથી તે પોતે ભજનીય બને છે.

**બ્રહ્માણ્ડાનાં કોટિસંખ્યાધિકાનામ્ ઐશ્વર્યં યચ્ચેતના વા યદંશઃ ।**
**આવિર્ભૂતં તન્મહઃ 'કૃષ્ણ'નામા તદ્ મે સાધ્યં સાધનં જીવનં ચ ।।**

## ૨. સાધનાધ્યાયનો લેન્ડસ્કેપ્

### (બ્રહ્મસૂત્રમાં સાધનાધ્યાયનું સ્થાન તથા તેની રચનાનું પ્રયોજન)

શ્રુતિવચનોમાં જગત્ના કારણ અન્તર્યામી વગેરે તરીખે બ્રહમના જુદા જુદા નામો અને જુદા જુદા રોલ્ કહયાં છે તેને દરેક વખતે બ્રહમ નહિં પણ જુદા જુદા નામે સંબોધવામાં આવે છે. તેમનો સમન્વય તે બ્રહમમાં કેવી રીતે કરવો તે સમજાવવા માટે બ્રહમસૂત્ર છે. તે જો જુદા જુદા હોય તો બ્રહમનું અદ્વૈત જળવાય નહીં તેથી દરેક શ્રુતિવાક્યનો સમન્વય બ્રહમસૂત્ર વડે વેદવ્યાસજી કરવા માંગે છે. કેમકે બ્રહ્મમાટે ઉપનિષદ્ કહે છે **"સર્વે વેદા યત્પદમ્ આમનન્તિ"** (કઠોપ.૧।૨।૧૫) વળી ગીતામાં ભગવાન્ પોતે કહે છે **"વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્યઃ"** (ભગ.ગીતા.૧૫।૧૫). વેદાન્તના વચનોને છૂટા છૂટા જોવાથી કન્ફ્યુઝન થાય છે તેને દૂર કરવામાટે સમન્વયાધ્યાય રચ્યો છે. તેજ પ્રમાણે પ્રમાણ અને તેના પ્રમેય ને દર્શાવતા વચનોમાં આવતા પરસ્પર વિરોધ દૂર કરવાના દષ્ટિકોણથી અવિરોધાધ્યાય રચાયો છે.

પૂર્વકાણ્ડ ઉપનિષદ્ અને ગીતામાં ઘણાંબધા સાધનો અને ઘણાં બધાં ફળો કહયા છે તેથી સાધનાધ્યાયમાં પણ તેમનો વિચાર કરવામાં આવ્યો છે. જો સાધન અને ફળ નોખા નોખા હોય તો તેમનો સમન્વય બ્રહમમાં કરવો (સમજવો) મુશ્કેલ થાય. વ્યાસજીએ વેરાયટી ઓફ સાધનોમાં બ્રહમાનુભૂતિમાટેના સાધનોના સમન્વયનો વિચાર કરવા માટે સાધનાધ્યાય ની રચના કરી. સાધનાના દષ્ટિકોણથી સમન્વિત પ્રમાણથી તે પ્રમેયને જાણીને તેની પ્રાપ્તિના સાધનોના અભ્યાસની દષ્ટિથી આ તૃતીયાધ્યાયને 'સાધનાધ્યાય' કહેવાય છે.

**સાધનાધ્યાય : સર્વશાસ્ત્રોનાં સમન્વિત પ્રમાણથી સમજાયેલા તે પ્રમેયને મેળવવાના સાધનોનો અભ્યાસ.**



### (ધર્મસાધનાના ચાર મોડેલ્)

સાધનોની લીમીટ્ એ તો સ્કાય ઈઝ ધ લીમીટ્ જેવું છે, પણ ઓવરઑલ્ સાધનની થીમ્ કઈ. ૧.બધાં સાધન જો એકજ હોય તો વૈવિધ્યની જરૂર નથી અને ૨.બધાં સાધનો વિવિધ તો અને તેમની ઈતિકર્તવ્યતા તથા ફળ પણ અલગ અલગ તો તેમનો સમન્વય કેવી રીતે સાધી શકાય?

આ પ્રોબલેમ્ને સમજવા માટે ચાર મોડલ્ સામે આવ્યા:

(૧) બધાજ સાધનોથી બ્રહમ જ પ્રાપ્ત થાય છે.

(૨) બધા સાધનોથી બ્રહમ નથી અનુભવાતો પણ તે તે સાધનો તે તે ફળ આપીને બ્રહમાનુભવની યોગ્યતા સંપાદિત કરી આપે છે.

(૩) અમારી ધર્મ સાધનાજ સાચી બાકી બધી જ સદંતર ખોટી સાધના છે.

(૪) અધિકારી જુદા જુદા તેથી તેમના અધિકાર મુજબ સાધન હોય છે, અને તદ્-તદ્ સાધનથી તદ્-તદ્ અધિકારાનુસાર સાક્ષાત્ કે પરંપરયા બ્રહમાનુભવ.

(૧) ધર્મની આસ્થા ઓછી અને છતાં દરેક ધર્મ ભગવાન્ સુધી પહોંચાડનારો છે એમ કહેનારા આ મોડેલ્ને માને છે. બધા ધર્મો પર સદ્ભાવ હોવો અલગ વાત છે અને બધા ધર્મો એટલેકે ભગવાનમાં ન માનનારા માર્ગો પણ ભગવાન્ સુધી પહોંચાડે છે એમ માનવું અલગ વાત છે. પહેલા મોડેલ્માં માનનારા ઉદા:ઓશો કહે છે કે ભગવાન્ છે નહીં પણ ભક્તિ ઉત્તમોત્તમ સાધના. ધ્યાન કરવું જોઈએ પરન્તુ ધ્યેયરૂપ ભગવાનનું ખરેખર અસ્તિત્વ નથી. ધર્મનિરપેક્ષતાવાદીઓ કહે છે અમે દરેક ધર્મને સન્માનની દષ્ટિએ જોઈએ છીએ અને કહે છે ધર્મસમ્પ્રદાયોના કારણે અશાંતિ વધતી હોવાથી સંપ્રદાયવાદ દરેક ધર્મમાં અફીણ જેવો છે.

(૨) સીઢીના સિદ્ધાન્ત મુજબ સાધનોને માનનારા આ મોડેલ્ને માને છે. ઉદા: કર્મ અને ભક્તિના સાધનો ની ઉપયોગિતા ચિત્તને શુદ્ધ કરવામાં છે અને તેથી જ્ઞાનના સાધનો કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

(૩) ત્રીજા મોડેલમાં માનનારા ઉદા: ક્રિશ્ચયન્ જેઓમાં લગભગ ૨૭ સંપ્રદાય છે અને ખાસ કરીને રોમન કેથલીક પહેલાં એમ માનતા હતા કે ક્રિશ્ચ્યનધર્મ જ ભગવાન્ સુધી પહોંચાડી શકે કેમકે **ક્રિશ્ચ્યનીટી ઈઝ ધ રાઈટ્ મેથડ્.** બાકી બધાંજ ધર્મ નરકમાં જવાના ફ્યુએલ્ (બળતણ) જેવાજ છે. જો ક્રાઈસ્ટને ન માનો તો નરક નિશ્ચિત છે.

સર્વપલ્લી રાધાકૃષ્ણને "અ હિન્દુ વ્યૂ ઓફ્ લાઈફ્" માં કહ્યું છે કે જો ગોડ લવ હોય અને જો એક જ મળેલા જન્મમાં કોઈ માણસને ક્રાઈસ્ટનો સંદેશો કન્વે જ ન થયો હોય અને મરી ગયો તો અનંત કાળ નરકમાં પડશે. પરંતુ તેમાં તેનો ગુનો કેટલો!! અને ભગવાન્ની અનંત દયાળુતા માત્ર એક સમુદાય માટે જ હોય તો ખરેખર તેને દયાલુ કેમ માની શકાય!! આ રીતની માન્યતાનો પરન્તુ જ્યારે જોરદાર વિરોધ થયો જેમકે વિચાર કરતા ક્રાઈસ્ટ્ પહેલા જે માનવ હતા તેનું શું? અને ઘણાએ આ ધર્મને વિચારહીન કહેવાનું શરુ કર્યું.

ત્યારે બીજી વેટીકનમાં તેમણે ધર્મસાધનાની પરિભાષાને રિડીફાઈન કરી કે પરધર્માનુયાયી unknown christian અનનોન્ ક્રિશ્ચ્યન્ હોઈ શકે. અને આ ભગવાન્ની કોઈ મીસ્ટ્રી છે તેમ માન્યું. પરન્તુ અનનોન્ ક્રિશ્ચયન્સ્ને પણ પોતાની જાણ મુજબની ઈસાઈ આસ્થામાં સેવા-સહાય ને બહાને પણ શામેલ કરી લેવાની વૃત્તિઓ ઉપર સંયમ લાવવું તેઓમાટે અઘરું હોય છે.



ધર્મની માન્યતાના પાયામાં આવા વિચાર રહેલા હોવાથી તેમની સાધનાપ્રણાલી એ રીતે ઘડાઈ તેથીજ આવી દયાળુતાને કારણે મધર ટેરેસા પણ છળ-પ્રપંચથી પણ કરવામાં આવતા ધર્મપરિવર્તનને પોતાનો અધિકાર માનતા હતા. ૧૪મી સદીમાં સ્પેન્માં પાદરીઓની સાઈડ્ એક્ટીવીટી આ હતી કે જેઓને બળજબરીથી ક્રિશ્ચ્યન્ બનાવવાંમાં આવ્યા તેઓ રાતના ચોરી-છુપે પણ પોતાનો ધર્મ ક્યાંક ન પાળતા હોય તેથી તેઓના ઉપર જાસુસી કરતા હતા, અને જો ચોરી-છુપે બીજો ધર્મ પાળતા પકડાય તો દયાવશ થઈને કે ક્યાંક અનંતકાળ નરકમાં ન જાય તેથી ક્રોસ પર બાંધીને જીવતા જ સળગાવી દેવામાં આવતા. તેથી હજારો લોકો ભાગીને પોર્ટુગલ ગયાં ત્યાં પણ તેમને જણાવવામાં આવ્યું કે તમે જીવો ત્યાં સુધી તમારો ધર્મ પાળો પણ તમારા બાળકોને ફરજીયાત અમને સોંપી દેવા પડશે. તેમાં ત્યાં પ્લેગનો રોગચાળો ફાટી નિકળ્યો અને ત્યાનાં રાજાની રાણી સ્પેનની કુંવરી હતી તેણે કહ્યું કે આ લોકો જે આવ્યા છે તેમને કારણે જ આ રોગચાળો ફાટી નીકળ્યો છે તેથી ત્યાંથી પણ તેમને ફક્ત ૪૦ દિવસમાં પોર્ટુગલ છોડીને ચાલ્યા જવાની નોટીસ્ મળી સાથે જણાવવામાં આવ્યુંકે તમારા બાળકોને તમે અહીંથી લઈ નહીં જઈ શકો.

**(સાકારબ્રહ્મવાદની દૃષ્ટિએ સાધનવિચાર)**

આપણાં સાકાર-બ્રહમવાદમાં એક બાજુ **"સર્વં ખલુ ઈદં બ્રહમ"** (છાન્દો.ઉપ.૩।૧૪।૧) "બ્રહમ લટકાં કરે બ્રહમ પાસે" નો સિદ્ધાન્ત છે તો તેના વિરુદ્ધ સાધનાની સિન્સીયારીટીનો વિચાર છે **"નિષ્ઠાભાવે ફલં તસ્માત્ નાસ્તિએવ ઈતિ નિશ્ચયઃ નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા"** (ત.દી.નિ.૧।૧૮). આ બન્ને જાણે એક બીજાથી સંપૂર્ણ વિરુદ્ધ કન્સેપ્ટ્ હોય તેવું લાગે. બધુંજ મૂળમાં તો બ્રહમે લીધેલા રૂપ છે તો સાધન અસાધન કે દુષ્ટસાધન ના ભેદ કેવી રીતે? **આમ ઘણાં બધા વિરોધાભાસમાં વર્તાવ કઈ રીતે કરવો તે સાધનાધ્યાયનો**

**વિષય છે.**

વ્યાસજીએ આ ચર્ચા છેડી રાખી છે ઘણાં મુદ્દાઓ ચર્ચીને સૂત્રકારે પોતાનો મત કહયો છે અને તેના પર આપણા આચાર્યે પોતાના ભાષ્યમાં પોતાનું interpretation આપ્યું છે. સાધનાધ્યાયનો વિચાર આપણા શુદ્ધાદ્વૈતના દૃષ્ટિકોણથી મહત્ત્વનો છે. આપણા ફિલોસોફિની ડિગ્નીટી અને ડિફિકલ્ટી પણ એ છે કે આપણે દરેકને બ્રહમના નામ-રૂપ-કર્માત્મક પાસા માનીયે છીએ અને તેમાં ઐચ્છિક દ્વૈત માનીએ છીએ. મોટાભાગના લોકો આ ભેદને આત્યન્તિકદ્વૈત માની લે છે. ઐચ્છિકદ્વૈત એટલે જેમ સોનાનાં ઘરેણાં. તે જે ઘરેણુ જ્યાં પહેરી શકાય ત્યાં જ પહેરી શકાય ઉદા: વીંટી આંગળી શિવાય બીજે કશે ન પહેરી શકાય, કંકણ હાથ હાથ શિવાય બીજે કશે ન પહેરી શકાય, ઝાંઝર પગ શિવાય બીજે કશે ન પહેરી શકાય વગેરે પરન્તુ તેમનામાં તાત્ત્વિક ભેદ નથી. આત્યન્તિક દ્વૈત એટલે સોનાની રીંગ અને તાંબાની રીંગ જેવો ભેદ. અહીં જગતમાં કોઈ પણ રૂપ બ્રહમની નામ-રૂપ-કર્માત્મક વિવિધતા. કોઈને કોઈ પોઈન્ટ્ પર તેને ભગવલ્લીલાનો ભાગ માનવો પડશે.

બ્રહ્મ સ્વસ્વરૂપે **"આનન્દમાત્રકરપાદમુખોદરાદિ સર્વત્ર ચ ત્રિવિધભેદ વિવર્જીતાત્મા"** ( ત.દી.નિ.૧૪૪ ) છે. આનન્દે જ દેશિક-કાલિક-સ્વરૂપગત ભેદથી દુઃખનું પણ રૂપ લીધેલું છે. કોઈક સાધન અસાધન કોઈ શુભ-અશુભ વગેરેમાં ઈન્ટ્રીગ્રીટી ઑફ લીલા કેવી રીતે જોવી? ક્યાંક બ્રહમગત અદ્વૈત અને લીલાગતદ્વૈત ને ટોટાલીટીમાં પ્લેસ્ પ્રોવાઈડ્ કરવી પડશે. બ્રહમની લીલાના રૂપમાં જે પ્રભેદો છે તે વાસ્તવિક પ્રભેદ છે. કોઈ સાધના સ્વર્ગ તરફ તો કોઈ સાધના નરક તરફ તો કોઈ સાધના મુક્તિ તરફ તો કોઈ સાધના ભગવત્સ્વરૂપ તરફ લઈ જાય છે. આ પ્રભેદ ભ્રામિક નથી વાસ્તવિક છે તે ભેદ બ્રહમમાં નથી પણ લીલામાં છે. શાસ્ત્રે વર્ણવેલા સાધનોને સાધન



તરીકે માન્ય રાખવામાં આવ્યા છે બાકી મીસ્ટ્રી ઓફ્ ગોડ્.

પુષ્ટિસિદ્ધાન્તને પુષ્ટિપ્રભુ તરફ લઈ જતી પ્રામાણિક પદ્ધતિ માનીએ છીએ અને એમ પણ માનીએ છીએ કે તે માટે બીજી પદ્ધતિ પ્રામાણિક નથી છતાં પણ તેમાં પ્રભુને પોતે આવવું હોય તો રોકનાર કોણ? તેથી 'પ્રામાણિક' નથી નો અર્થ આપણને જે પ્રામાણિક સાધનો ઉપલબ્ધ છે તેમનાં આધારે આપણી પાસે તેની જાણકારી નથી. આમ બ્રહમ કોઈ દિવસ પુષ્ટિસમ્પ્રદાયના વાડામાં કેદ થતો નથી કેમકે પુષ્ટિમાર્ગના મૂળીયા જ પ્રભુના કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ એ સર્વસામર્થ્યમાં રહેલા છે. એ સર્વસામર્થ્યને ન માનીયે તો પુષ્ટિમાર્ગજ કેન્સલ્ થઈ જાય.

**સાધનામાં પરન્તુ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે બ્રહમના સ્વરૂપ તરફ ઝુકાવ એટલો ન હોય કે પુષ્ટિલીલાના ભેદને ભુલી જવાય પુષ્ટિલીલાના ભેદ તરફ ઝુકાવ એટલો નહીં કે તે કોની પુષ્ટિ છે તે જ ભુલી જવાય.**

**( સાધનાના અંગનો વિચાર )**

કોઈ પ્રવાહમાર્ગીય કે મર્યાદામાર્ગીય સાધન કે કઈ સાધનાને પુષ્ટિમાર્ગના અંગ તરીકે લઈ શકાય અને કઈ સાધનાને અંગ તરીકે ન લઈ શકાય. એતો તે કરાતી પુષ્ટિસાધનાને તે કેટલા અંશમાં અનુકૂલ અને કેટલાં અંશમાં પ્રતિકૂલ છે તેના પર નિર્ભર કરે છે. ઉદા: દાળ ચોખા અને પાણી થી ખીચડી રાંધી શકાય પણ તેમાં ખીચડીમાં પાણી કેટલા ભાગ લેવું કે જેથી ખીચડી એ ખીચડી રહે અને ભલતુજ કાંઈ ન બની જાય?

**( જ્ઞાનના પ્રામાણ્યનો વિચાર/એપિસ્ટમોલોજીકલ વિચાર )**

સાધનાધ્યાયનું બીજું પ્રીસપોઝીશન્. જ્ઞાનમાં કઈ જાતનું જ્ઞાન

પ્રમાણ તે મહાપ્રભુજીએ બે પેરામીટર્ આપ્યાં છે. ઈન્ડિયન્ એપિસ્ટમોલોજીની દૃષ્ટિએ બે પેરામીટર માનવામાં આવ્યાં છે.

**(૧. યથાર્થાનુભવઃ પ્રમા)**

પહેલો જનરલ પેરામીટર છે : **યથાર્થાનુભવઃ પ્રમા.**

આમાં અનુભવનું યથાર્થ હોવું પોતે અનુભવ કરતા બીજી ઘણી બધી વાતો ઉપર નિર્ભર કરે છે. મહાપ્રભુજીના મતે પ્રમા અનુભવની એક વેરાયટી છે પરન્તુ જે પણ અનુભવાય તે પ્રમા નથી. પ્રમા હોવાની કોઈક શરત છે. ઓબજેક્ટ્નો જેવો કેરેક્ટર્ હોય અને તે અનુભવાય તો પ્રમાણ. લખવાનું બોર્ડ, લખવાનું બોર્ડ લાગે તો પ્રમા. તેથી **યથાર્થાનુભવઃ પ્રમા.** પરન્તુ બને છે એવું કે જે વખતે અનુભવ થતો હોય ત્યારે આપણે અનુભવનાં પાંજરામાં એવા પૂરાઈ જઈએ કે હકીકત જોઈ શકતા નથી. ઉદા:દુર્યોધનને પાણીની જગ્યાએ ભૂમિ અને ભૂમિની જગ્યાએ પાણી અનુભવાયું. હવે પ્રશ્ન છે કે તેથી ત્યારે ચેક્ કઈ રીતે કરવું?

જ્યાં ચેક્ કરવાનો સ્કોપ્ નથી જેમકે બીજાને બોલાવીને કે ફોટો પાડીને વગેરે રીતે વેરીફાય્ વગેરે કરવાનો પણ સ્કોપ્ નથી તો? મહાપ્રભુ કહે છે અનુભવમાં જે વિષય અનુભવાઈ રહયો છે તે વિષે તમારી સમજ કેવી છે? એ વિષયને ઈન્દ્રિયગમ્ય સમજો છો કે ઈન્દ્રિયાતીત? ઈન્દ્રિયગમ્ય હોય તો વેરીફિકેશન્ સંભવે, પણ ઈન્દ્રિયાતીત હોય તો તેને વેરીફાય કેવી રીતે કરશો?

યુરોપમાં ૧૦૦ વર્ષ પૂર્વે લોજીકલ પોઝીટીવિઝમ્ નો દોર ચાલ્યો હતો. તેમનો બેઝીક્ સિદ્ધાન્ત "જે સ્ટેટમેન્ટ impericaly વેરીફાયેબલ્ હોય તે જ વેલિડ્ સ્ટેટમેન્ટ્. દાત:"આ પ્લાસ્ટિક્ની થેલી છે" આ વાક્યને તમે ઈમ્પિરીકલી વેરીફાય કરી શકો છો તેથી તે વેલીડ્



સ્ટેટમેન્ટ્. પણ બીજા પ્રકારના સ્ટેટમેન્ટ્ દાત.૧. "ધેર ઈઝ ગોડ." ૨. "ધેર ઈઝ સોલ્ ઈન બોડી." ૩. "ગોડ હેઝ એન્ટર્ડ અર્થ." ૪. "દરેક કર્મનુ ફળ આજે નહી તો ૨-૪ જન્મમાં મળશે જ." તેમના મતે આ બધા વાક્યો મીનીંગલેસ્ છે તેથી તેમનું ખંડન કરવાની જ જરૂર નથી. ખંડન કરવાથી તો ઉલટું સિદ્ધ થશે.

ફાધર કોપલસ્ટન્ અને બર્ટ્રેંડ્ રસૈલ વચ્ચેની ચર્ચામાં જ્યારે ફાધર કોપલસ્ટને કહયું કે જ્યારે તમે કહો છો કે "ધેર ઈઝ ગોડ્" આ સ્ટેટમેન્ટ્ મિનિંગલેસ્ છે ત્યારેજ તમે કબુલ કરી લો છો કે આ વાક્યનો અર્થ તમને સમજમાં આવ્યો છે, નહીતો ડિનાય્ પણ કેવી રીતે કરી શકો? ત્યારે રસૈલે કહયું કે મિનિંગફૂલ સ્ટેટમેન્ટ્ના પણ બે પ્રકાર છે. **૧. વર્બલ્** ઉદા:ફેરીટેલ્. **૨. વેરીફાયેબલ્.** તેથી જેમ તમે ગ્રીક ગોડ્ની વાતોને માનો છો તેજ રીતે અમે તમારી બાયબલની ગોડ્ની વાતોને પણ માનીએ છીએ.

**(૨. અનધિગત-બાધયોગ્યવ્યતિરિક્ત-વિષયકં જ્ઞાનં પ્રમા)**

ઘણાં વર્ષો સુધી લોજીકલ પોઝીટીવિસ્ટોએ એવો ઘોંઘાટ મચાવ્યો કે ઘણાં લોકો નાસ્તિક બની ગયા. પાછળથી પરન્તુ વિચારકે પુછ્યું કે "'અ સ્ટેટમેન્ટ્ વીચ્ કેન નોટ્ બી વેરીફાયડ્ ઈઝ મિનિંગ્લેસ્' હાઉ ટુ વેરીફાય ધીસ સ્ટેટમેન્ટ્". તેથી જેના પાયા પર અન્ય બધા સ્ટેટમેન્ટોને વેલીડ્ કે ઈનવેલીડ્ ગણાવો છો તે સ્ટેટમેન્ટની પોતાની વેલીડીટિ ઈમ્પિરીકલી વેરીફાયેબલ ન હોય તો તે પોતે જ ઈનવેલીડ્ થઈ જશે. તો તેની ઉપર કેટલો મદાર બાંધી શકાય!!.

તેથી જયાં વેરીફીકેશન્ પોસીબલ્ ન હોય ત્યાં મહાપ્રભુજીએ બીજો પ્રિન્સિપલ્ લાગુ કર્યો છે. **અનધિગત-બાધયોગ્યવ્યતિરિક્ત-વિષયકં જ્ઞાનં પ્રમા.** આંખથી જો લાગતું હોય કે આ ગુલાબનું ફુલ છે અને નાકથી તેમાં પ્લાસ્ટિક્ની ગંધ આવે તો તેથી નાકના અનુભવને

આધારે પ્રમાણ બાધિત. જ્યારે અનુભવની યથાર્થતાની ચકાસણી શક્ય ન હોય ત્યારે જે જ્ઞાનનો વિષય બીજા કોઈ જ્ઞાનને આધારે સમજમાં ન આવતો હોય કે બીજા કોઈ જ્ઞાનથી બાધિત પણ ન થતો હોય તેને પ્રમાણ તરીકે સ્વીકારી શકાય એટલે પ્રત્યક્ષથી બ્રહ્મના નામ-રૂપ-કર્મોનું જ્ઞાન થાય પણ તેમની બ્રહ્માત્મકતા ન સમજાય તે શ્રુતિથી સમજાય અને પ્રત્યક્ષથી બાધિત થતી નથી. તેથી બ્રહ્મના નામ-રૂપ-કર્મ પ્રત્યક્ષગોચર છે જ્યારે નામ-રૂપ-કર્મોનું બ્રહ્માત્મક હોવું શ્રુતિગોચર છે.

### (હર્મેન્યુટીક્સથી વિચાર)

આ વાત આ વાત epistamology (એપિસ્ટમોલોજી) થી હવે harmenutics હાર્મેન્યુટીક્સ પર આવે છે. કોઈપણ સ્ટેટમેન્ટ્ ઉદા : "આ બેસતી વખતે વાપરવાનો તકિયો છે." એ આપણને ક્યારે અર્થબોધ કરાવે અને ક્યારે ન કરાવી શકે. (વેન ઈટ્ કેન કનવે મીનીંગ્ એન્ડ્ વેન્ ઈટ્ ફેઈલસ્ ટુ કનવે મીનીંગ્?) જ્યારે તકીયા તરીકે જાણાંતુ હોય ત્યારે જ સ્ટેટ્મેન્ટ્ મીનીંગફુલ્ છે. પણ જે તકીયો વાપરતાંજ ન હોય તેને માટે સ્ટેટમેન્ટ્ મીનીંગલેસ્ છે. દવા છે એમ જાણતાં હોઈએ પણ કયા રોગની છે તે ન જાણતાં હોઈએ! તે વાત ડોક્ટર્ જ જાણી શકે.

### (કર્તવ્યોપદેશની યોગ્યતાનો વિચાર)

કોઈ પણ કર્તવ્યોપદેશ યોગ્ય ક્યારે? જે કામ તમે કરતાં ન હોવ પરંતુ કરી શકતા હોવ ત્યારે, પરંતુ ૧.જેની તમને સૂઝ ન હોય અથવા ૨.જે કામ તમે કરી શકતા ન હોવ, ત્યારે કર્તવ્યોપદેશનો કોઈ અર્થ નિકળે નહિં તો અર્થ રહી જતો નથી. ઉદા : બેઠેલાને કહો કે "બેસી જાવ" અથવા મનુષ્યને કહો ઉડો.

શાસ્ત્રકારોએ આ બાબતનો ખુબ બારીકીથી વિચાર કર્યો છે



ઉદા : તમે બેઠા છો અને કહું "જમીનથી ૧૦ ફીટ્ ઉંચા થાવ." આ બાધયોગ્ય છે તેથી આપેલો ઉપદેશ નલ્ એન્ડ્ વોઈડ્. (ઈનસ્ટ્રકશનસ્‌ની પ્રેક્ટીકાલીટી ઈઝ પોઈન્ટ્ ટુ બી ચેક્ડ્). ઉપનિષદ્ કહે છે "**ન કર્મણા ન પ્રજ્યા ધનેન ત્યાગેનૈકે અમૃતત્વમ્ આનશુ**" (મહાના.ઉપ.૧૦૫). પણ જે વૈરાગ્યવાન હોય તે જ ત્યાગની આ સાધના કરી શકે. **"સોઽહમ્"**નું જ્ઞાન જે જ્ઞાની હોય તે ઈમ્પ્લીમેન્ટ્ કરી શકે જ્યારે ભક્ત ન કરી શકે; તેમજ ભક્ત **'દાસોઽહમ્'** ના જ્ઞાનને ઈમ્પ્લીમેન્ટ્ કરી શકે. દાત : પોપટને જમીનથી દસ શું સો ફુટ્ ઉપર ઉડવાનું કહો, તો ઉડી શકે. જે કરી શકતા હોય તેજ સાધન બની શકે અન્યથા નહીં. દાત : જૈનોમાં દીગમ્બરોએ સ્ત્રીઓને મુક્તિ નથી માની જ્યારે શ્વેતાંબરોએ સ્ત્રીઓને પણ સાધ્વી બનવાની છૂટ આપી છે તેથી મુક્તિ પણ માની છે.

ક્વેશ્ચન્ ઑફ્ વેલીડીટી ઈઝ ઓલવેઝ્ અબાઉટ્ રીલેટીવ્ વેલીડીટી. સ્ટેટમેન્ટ્ ઓફ્ ફેક્ટ્ તત્ત્વોપદેશ હોય, પરન્તુ જે તે ફેક્ટ્‌ને ગ્રાસ્પ્ કરી શકે તેના માટે જ હોય, અને સ્ટેટમેન્ટ્ ફોર્ ઈમ્લીમેન્ટેશન્ (કર્તવ્યોપદેશ) તો પ્રેક્ટીકલી જે કરી શકે તેના માટે જ હોય શકે બધા માટે નહીં. અભેદની સાધના તે જ કરી શકે જે અભેદ અનુભવી શકે. જે ભેદ અનુભવી શકે તે જ ભેદની સાધના કરી શકે. દાત : કૂતરો ગંધથી માણસ કઈ દિશામાં ગયો તે જાણી શકે પણ માણસ ગંધથી પારખી ન શકે.

સાધનાની બાબતમાં મોટાભાગના ધર્મોની સાથે કમ્પેરીઝન્ કે કોન્ટ્રાસ્ટ્ માં વૈદિકપરંપરાની વિશેષતા એ છે કે બીજા ધર્મો પોતે જે સાધનાપ્રણાલી બતાવી છે તે જે ન કરી શકે તેને 'પાપી', 'દુષ્ટાત્મા', 'કાફિર' કહે છે. જ્યારે વૈદિકપરંપરામાં કોઈ પણ સાધન કે સાધનાપ્રણાલી બધાજ માટે અનિવાર્ય નથી તેમાં તે તે વ્યક્તિના અધિકાર અનુસાર તેને સાધનાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

એન્થ્રોપોલોજીમાં ટ્રાઈબલ રીલીજ્યનમાં એક ટેન્ડન્સી જોવા મળે છે કે દરેક ટ્રાઈબના જુદા જુદા ટોટમ્ હોય. ઉદા:વાંદરા, પાડા, શિયાળ વગેરે. રેડઈન્ડિયનો ઈગલ્ને ટોટમ્ માનતા હતા. (કૃષ્ણના ટોટમ્ તરીકે ગાય તથા મોર) ટ્રાયબલ્ લોકો પોતાને ટોટમ્ સાથે આઈડેન્ટીફાય્ કરે છે. પોતાના રીલીજીયન્ની બાબતમાં તેમનો તેવો અભિપ્રાય હતો. અલગ અલગ એરિયામાં એકજ ટ્રાઈબ્ના પણ અલગ અલગ ટોટમ્ તેથી રીલીજીયસ્ પરસ્પેક્ટીવ્ અલગ અલગ હોય છે. તેનાં કારણે રીલીજીયસ્ ડીફરન્સ્ થાય. આ એક છોર છે બીજો છોર વૈદિકપરંપરા જે ધર્મને તેની ટ્રાઈબ્ને એકરીતે નથી જોતી અને ધર્મની પુષ્કળ વેરાયટી છે ઉદા:સામાન્યધર્મ, આશ્રમધર્મ, વર્ણધર્મ, નિત્યધર્મ, નૈમિત્તિકધર્મ. આમાં કોઈ એક ધર્મ દરેક માટે નથી. તેથી ગોરા સાહેબો આપણાં ધર્મને ટ્રાયબલ વેરાયટી તરીકે જોતા હોય છે.

વૈદિક પરંપરામાં આપણે માનતા આવ્યા છીએ કે કોઈ પણ દેશ કાળ સમાજ વર્ણ કે વર્ણની બહાર મનુષ્યમાં જે વિવિધતા છે તેથી તેમાં **દરેકને એક ધર્મ પાળવાનુ કહેવું મનુષ્યના નેચર્ની વિરુદ્ધમાં જતી વાત છે. તે પરાણે થોપેલો ધર્મ હશે.** તે તો બીક અથવા લાલચ જેવા કારણોથી અનુસરવાથી તેના માટે તે ધર્મ ધર્મ નહી રહી જાય. એથી વિરૂદ્ધનાં ઉદાહરણમાં:રશિયામાં કોમ્યુનિઝમ્ હેઠળ એન્ટીરીલીજીયસ્ પ્રોગ્રામ્ તહેત વર્ષમાં પચીસહજાર ક્લાસીસ્ લોકોને સમજાવવા લેવામાં આવ્યા કે ધર્મ બધા અફીણ જેવા છે પરન્તુ તેથી ઉલટું લોકો ચોરી છૂપે તોડેલા ચર્ચમાં લાકડાની ઠૂંઠ લગાડી પ્રેયર્ કરવા લાગ્યા!





કોઈપણ પ્રાચીન વૈદિકસમ્પ્રદાયોનો એવો દાવો નથી કે અમારો ધર્મ બધા માટે છે. આથી વૈદિકસાહિત્યની વિશેષતા છે કે કોઈ એક ધર્મને વિશ્વધર્મ (યુનિવર્સલ્) નથી માનતા. મહાપ્રભુજી માને છે કે મનુષ્યમાં દેશ કાલ વગેરે વિવિધતાની સાથોસાથ બીજભાવની પણ વિવિધતા છે. પ્રભુએ એક જ પ્રકારના બીજભાવ બધામાં મૂક્યા નથી, નોખા નોખા મૂક્યા છે. પ્રભુની લીલામાં પ્રભુએ ભેદ પ્રકટ કર્યા છે તેથી આપણાં ધર્મના મૂળમાં માણસની વિવિધતાની સમજ રહેલી છે. દેશ, કાલ તેમજ બીજભાવની વિવિધતાનો રોલ્ આપણી ધર્મસાધનામાં છે. આ વાત પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદ ગ્રન્થમાં સમજાવવામાં આવી છે.

આપણે માનીએ છીએ કે હું વૈદિકપરંપરાનો વૈષ્ણવ છું. જેવો મને મને મારા ધર્મપાલનનો અધિકાર છે તેવો જ અધિકાર બીજાને પણ તેના ધર્મપાલનમાં છે જ. આમ આપણી પરંપરા ધર્મનિરપેક્ષ નહિ પણ પોતાનાં ધર્મમાં નિષ્ઠા રાખીને બીજા ધર્મોને સન્માન આપવાની છે. ભગવદ્ગીતાનો સિદ્ધાન્ત છે કે **"શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ સ્વધર્મે નિધનં શ્રેય પરધર્મો ભયાવહ"** (ભગ.ગીતા.૧૮।૪૭).

કિશનગઢ દરબારે પોતાના મુસલ્માન મિનિસ્ટરને પોતાના ઠાકોરજીની બાબતમાં કાંઈક પૂછ્યું તે મીનીસ્ટરે દરબારને કહયું "આપ મારાં માલિક અને આપ ઠાકોરજીને માલિક માનો છો આટલું હું જાણું બાકી તો આપને ખબર પડે ઠાકોરજી શું અને કોણ છે."

કોઈપણ વૈદિક સમ્પ્રદાય બધાં માટે નથી. જેમ શ્રીશંકરાચાર્યના મતમાં સાધનાનો અધિકારી એ છે કે જેમાં:**નિત્યાનિત્યવસ્તુવિવેક ઈહામુત્રાર્થફલભોગવિરાગ શમદમાદિસાધનષટ્કસંપત્તિ તથા મુમુક્ષુત્વ** હોય.

શાસ્ત્રમાં એક જગ્યાએ અધિકારીની વાત સમજાવતા કહયું છે **"અગ્નૌ ક્રિયાવતાં દેવો દિવી દેવો મનસ્વિનામ્ પ્રતિમાસુ અલ્પબુદ્ધિનાં યોગીનાં હૃદયે હરિઃ"** જેમને ક્રિયાનું ઓરિયેન્ટેશન્ ત્યારે દેવ અગ્નિમાં એટલે યજ્ઞમાં સ્થિત હોય છે. મન ઉડવાના સ્વભાવવાળુ હોઈ મનસ્વિઓ ભગવાન્ ઉપર છે તેમ માને તો મનને મોકળાશ મળે. અહીં **અલ્પબુદ્ધિનો** અર્થ મૂર્ખ નથી. જેઓ માત્ર થોડીપણ બુદ્ધિ વાપરીને ભગવાન્‌ને સર્વત્ર માની શકે છે તેમના માટે તો પ્રતિમા બેસ્ટ્ ઓપ્શન્ છે. અન્તર્દષ્ટિવાળા યોગીઓમાટે ભગવાન્ ભીતર છે.

દેશ, કાલ, વર્ણ, આશ્રમ, નિત્યતા, નૈમિત્તિકતા વગેરે અનુસાર ધર્મોમાં વિવિધતા આવે છે. છતાંપણ આપણી વૈદિક પરંપરામાં કર્મ જ્ઞાન ભક્તિ દરેક સાધનામાં હોલિસ્ટીક્ કેર્ (સંપૂર્ણ કાળજી) લેવામાં આવી છે. ઉદા:પૂર્વમીમાંસા કર્મ વખતે સ્રુક્ સ્રુવાથી ઘી હોમતા યોગનુ ફળ કેવીરીતે મળે તો **"યસ્યૈ દેવતાયૈ હવિ ગૃહ્ણાતિ તાં વષટ્કૃત્વા મનસા ધ્યાયતિ"** આમ કર્મમાં પણ ધ્યાન/યોગને આ રીતે સમાવવામાં આવ્યું છે.

**( સામાન્યધર્મ )**

શાસ્ત્રમાં કેટલાંક સામાન્યધર્મ માણસમાત્ર માટે ઉપદેશવામાં આવ્યા છે. **"ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમ્ ઈન્દ્રિયનિગ્રહઃ ધીઃ વિદ્યા સત્યમ્ અક્રોધો દશકં ધર્મલક્ષણમ્** ( મનુસ્મૃતિ.૬।૯૨ ).

**( ગીતા અને ભાગવત ની ઈનસાઈટ્ )**

ગીતા કહે છે **"અપિ ચેદ્ સુદુરાચારો ભજતે મામ અનન્યભાક્ સાધુરેવ સ મન્તવ્ય સમ્યક્ વ્યવસિતો હિ સ** ( ભગ.ગીતા.૯।૪ ) ભક્તને દુરાચારની છૂટ નહિ, દુરાચારીને ભક્તિની છૂટ છે. કેમકે ગીતા સ્વયં કહે છે. **"ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાન્તિમ્ નિગચ્છતિ**



**કૌન્તેય પ્રતિજાનીહી ન મે ભક્તઃ પ્રણશ્યતિ"** ( ભગ.ગીતા.૯।૩૧ ).

તેથી સાધનાધ્યાયમાં વ્યાસજીએ ઘણાંબધાં સાધનોની ચર્ચા કરી છે. દરેક સાધન દરેકમાટે લાગુ થતું નથી. કોઈ માટે જે ધર્મ હોય તે તમારા માટે અધર્મ હોઈ શકે છે. તમારે માટે પણ એક અવસ્થામાં જે ધર્મ હોય તે બીજી અવસ્થામાં તે અધર્મ પણ હોઈ શકે.

કોણ ક્યા માર્ગનો અધિકારી છે તે ભાગવત સમજાવે છે કે **"નિર્વિણ્ણાનાં જ્ઞાનયોગ ન્યાસિનામ્ ઈહ કર્મસુ તેષુ અનિર્વિણ્ણચિત્તાનાં કર્મયોગસ્તુ કામિનામ્... ન નિર્વિણ્ણો નાતિસક્તઃ ભક્તિયોગોઽસ્ય સિદ્ધિદઃ"** ( ભાગ.પુરા.૧૧।૨૦।૭-૮ ) અતિવિરક્ત માટે જ્ઞાનમાર્ગ અને અતિઆસક્ત માટે કર્મમાર્ગ છે વૈરાગ્ય અને કામના જેનામાં પ્રપોર્શનેટ્ હોય તેના માટે ભક્તિયોગ છે.

**( પુષ્ટિભક્તિતો આત્મધર્મ છે )**

લીલામાં પ્રભુએ પુષ્ટિ પ્રવાહ મર્યાદા ના ભેદ પ્રકટ કર્યા છે તેથી કોઈ તમારો દીકરો, ભાઈ, હસબન્ડ્ કે કોઈ પુત્રી બહેન કે વાઈફ હોય તેથી પુષ્ટિમાર્ગીય નહિં બને. આથી જ મહાપ્રભુએ સ્વયં પણ ધણીવાર કહયું છે આ દૈવી નથી તેથી તેને બ્રહમસમ્બન્ધ નહિં આપું. આથી **પુષ્ટિમાર્ગ કેન્ બી ફોર્ એનીબડી બટ્ નોટ્ ફોર એવરીબડી.**

સામાન્યધર્મ દેહધર્મની સાથે જતી વાત છે. જ્યારે સેવા તો આપણો આત્મધર્મ છે. પણ તે સેવારૂપ આત્મધર્મનું અમલીકરણ દેહાદિના ઈન્સ્ટ્રુમેન્ટ્થી કરીએ છીએ. દેહ દેશ કાલ વર્ણ આશ્રમ ને ઈન્સ્ટ્રુમેન્ટ્ બનાવી ભગવત્સેવા કરવાની છે.

મહાપ્રભુજી આજ્ઞા કરે છે **"સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ઈન્દ્રિયાશ્વ-વિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્. એતદ્દવિરોધિ યત્ કિઞ્ચિદ્ તત્તુ શીઘ્રં પરિત્યજેદ્ ધર્માદીનાં તથા ચાસ્ય તારતમ્યં વિચારયન્"** (ત.દી.નિ.૨ા૨૩૮-૨૩૯). ભક્તિમાર્ગીયના બધા સામાન્યધર્મો ભગવદ્ભજન માટે છે. ભગવદ્ભજન સામાન્યધર્મ માટે ન વપરાય દાત: પેટ ઘટાડવા દંડવત્પ્રણામ ન કરાય, ધનને ભગવદ્ભજનાર્થ વપરાય પણ ભગવદ્ભજનનો ઉપયોગ ધનમાટે ન કરાય. જેઓ ભક્તિમાર્ગીય છે તેઓ જ્ઞાન કર્મ આચાર ને ભક્તિ માટે વાપરી શકે પણ ભક્તિને જ્ઞાન કે આચાર માટે વાપરે તો ભક્તિમાર્ગીય ન રહે. જેમ માથા પર લાગે તો હાથ વચ્ચે પડીને માથાને બચાવે પણ હાથ પર લાગવા જતા માથુ કોઈ વચ્ચે ન નાખે. ભક્તિની રક્ષા કરવા ઘણાં ધર્મો પાળવાના કારણકે પરમમહત્તા ભક્તિની છે. વધતી જતી ભક્તિ બીજા ધર્મોની કેર્ લેશે.


સેવાનો સિદ્ધાન્ત સમજાવતાં મહાપ્રભુજી કહે છે કે **"પરં બ્રહ્મતુ કૃષ્ણો હિ"** (સિ.મુ.૩) તેથી આપણે કૃષ્ણની ભક્તિ કૃષ્ણને પરબ્રહમ માનીને કરવાની છે તેથી સૃષ્ટિના સર્વ તત્ત્વો તથા સર્વ દેવો કૃષ્ણે લીધેલા રૂપો છે. ભગવાન્ ગીતામાં કહે છે **"ભૂમિરાપોનલો વાયુખંમનોબુદ્ધિરેવચ અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા" "યેઽપિ અન્યદેવતાભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતા તેઽપિ મામેવ કૌન્તેય! યજન્તિ અવિધિપૂર્વકમ્"** (ભગ.ગીતા.૭ા૪,૯ા૨૩). નીચેનાં દેવને બ્રહમ પરમાત્મા તરીકે ભજવામાં વાંધો નથી પણ બ્રહમ પરમાત્માને નીચલાં પાયરી પર પટકી ન શકાય. અવરને પરમતત્ત્વ તરીકે જોઈ શકાય પરમને અવર તરીકે ન જોઈ શકાય.

### (રસૌ વૈ સઃ)

શ્રુતિ બ્રહ્મને ફક્ત 'સચ્ચિદાનન્દ' જ નથી કહેતી 'રસાત્મક' પણ કહે છે. તે કહે છે **"રસો વૈ સઃ"** (તૈત્તિ.ઉપ.૨ા૭). રસશાસ્ત્રના



અનુસાર રસની વ્યાખ્યા છે **"વિભાવાનુભાવસંચારિભાવૈઃ નિષ્પન્નો સ્થાયિભાવઃ રસઃ સ્મૃતઃ"** . વિભાવ અનુભાવ સંચારિભાવો વડે આપણી ભીતર જે ભાવ પનપે અને સ્થાયી રહે તેને 'રસ' કહેવાય છે.
સ્થાયિભાવ-lingering mood, વ્યભિચારિભાવ -transitory mood.
chart :




બાહ્ય વસ્તુ કે વ્યક્તિ આલંબનવિભાવ ક્યારે બને? તેવી જાતનો આપણા હૃદયમાં ભાવ હોય તો. જે ભાવ હોય તેને જે વાત ઉદ્દીપ્ત કરે તેની તમારા પર અસર પડવી જોઈએ તો અનુભાવ ઉત્પન્ન થાય. અનુભાવના ૮/૧૦ ભેદ છે. સંચારિભાવના ૩૬ જેટલા ભેદ છે. આ બધા multiple factors ને કારણે સ્થાયિભાવ ઘડાય. બ્રહ્મના અદ્વૈતમાં આવું સંભવે નહીં પરંતુ લીલામાં દ્વૈત છે. લીલા વગર બ્રહમનુ કાંઈ માહાત્મ્યજ્ઞાન છે પણ માત્ર માહાત્મ્યજ્ઞાન રસાત્મક નથી. વળી લીલા બ્રહ્મ સાથે છે તેથી રસાત્મક આનંદ છે. રસાનુભૂતિ મૂલતઃ આનન્દાનુભૂતિ છે, સામાન્યતયા રસ આનન્દની artificial અનુભૂતિ છે. પણ બ્રહ્મના આનન્દના એન્ગલ્થી artificial નથી natural છે તેથી નિત્ય-નૈમિત્તિક કર્મોમાટે **"બ્રહ્માપર્ણં બ્રહ્મહવિર્ બ્રહ્માગ્નૌ...બ્રહ્મકર્મસમાધિના"** (ભગ.ગીતા.૪ા૨૪) બ્રહ્મદૃષ્ટિ રાખીને

અથવા તો પોતાના આત્મામાટે **"અહં બ્રહ્માસ્મિ"** (બૃહ.ઉપ.૧।૪।૧૦) બ્રહ્મદષ્ટિ રાખીને અથવા તો **"સર્વં ખલુ ઇદં બ્રહ્મ"** (છાન્દો.ઉપ.૩।૧૪।૧) અથવા **"તદેવાગ્નિઃ તદ્વાયુઃ તત્સૂર્યઃ તદુ ચન્દ્રમાઃ"** (મહાનારા.ઉપ.૧।૭) અથવા **"સ બ્રહ્મ સ શિવઃ સ હરિઃ સેન્દ્રઃ સોઽક્ષરઃ પરમસ્સ્વરાટ્"** (મહા.ના.ઉપ.૪।૧૩) તે-તે ઉપાસ્ય દેવરૂપોની બાબતમાં બ્રહ્મદષ્ટિ રાખીને તે-તે આલંબનવિભાવોમાં બ્રહ્મદષ્ટિના સ્થાયિભાવ રાખતાં બ્રાહ્મિક રસાનુભૂતિ શક્ય બનતી હોય છે.

**(પુષ્ટિભક્તિસાધના = ભક્તિરસાનુભવની પ્રણાલી)**

રસની પ્રક્રિયા દ્વૈત વિના સંભવ નથી પણ સાથોસાથ અભિનવગુપ્ત કહે છે કે નાટકમાં કોઇ પાત્ર હોય તેમાં દર્શક પોતાની આઇડેન્ટિટી શોધે. તે સાધારણીકરણ થાય ત્યારે ઇન્વોલ્મેન્ટ્ આવે અને તોજ રસાનુભૂતિ સરખી રીતે થાય. તેને અને પોતાને એકજ માનો તો સાધારણીકરણ થાય નહીં જો અલગ જ માનો તો પણ સાધારણીકરણ નહીં થાય. absolute identity or absolute difference માં સાધારણીકરણ થાય નહીં પરન્તુ મન જ્યારે નક્કી ન કરે તો નાટકમાં સીતાના હરણથી રામ રડે તો રડવું આવે.

સામાન્ય શોક કે ભય ની અનુભૂતિ અપ્રિય લાગે પરન્તુ રસાનુભૂતિની પ્રક્રિયામાં જેમ વધારે ભય લાગે કે વધારે દુઃખ થાય તેમ વધારે રસાનુભૂતિ થાય. ભીતિના ભાવમાં આઇડેન્ટિટી પરન્તુ રસાનુભૂતિમાં થોડો ભેદ અને થોડો અભેદ બન્ને નો ભાવ.

સેવાને ભક્તિરસાત્મક બનાવવાની પ્રક્રિયામાં સાધારણીકરણ ઘણો મુખ્ય ભાગ ભજવે છે. જે સેવા આપણે કરી રહયા છીએ તેમાં શતપ્રતિશત આપણાદ્વારા થતી સેવા છે કે જેમ કીર્તનમાં ગવાય છે તેવી શતપ્રતિશત યશોદાજી કે વ્રજભક્તોના દ્વારા થતી સેવા છે? આ બન્નેમાંથી એક પણ ભાવમાં ફિક્સેશન્ થઇ જાય તો



તે આપણી પ્રણાલી મુજબની સેવા નથી.

સંયોગ અને વિપ્રયોગ બન્નેમાં જે ભાવ જળવાય તો જ તે ભાવ રસાત્મક ભાવ છે. રસની પૂર્વશરત છે કે ઠાકોરજીની absence અને presence બન્ને સ્વીકારવી કે અનુભવવી. પુષ્ટિમાર્ગમાં કેમકે સેવા કરતી વખતે પ્રભુનાં સંયોગનો અનુભવ અને અનવસરમાં વિપ્રયોગનો અનુભવ એમ પ્રેઝન્સ્ અને એબસન્સ્ની સાયકલ્ બને છે. આ એક જાતની રસાત્મક સંતાકુકડી છે. આ અવસર અને અનવસર ઠાકોરજીને રસાત્મક બનાવે છે. સેવામાં રસાત્મકતા માટે મહાપ્રભુએ ટેરાની પ્રથા રાખી છે દર્શનાર્થીઓને લલચાવીને રીઝવવા માટે નહીં. ભક્તિ કેવલ ક્રિયા કે શુષ્કભાવ ન રહી જાય રસાત્મકતામાં કેળવાય તેના માટે ટેરાની પ્રથા છે. સેવા-સેવ્ય-સેવક ત્રણેયને રસાત્મક બનાવવા માટે ટેરો છે. ડ્રાયપ્રેક્ટીસ્ ઓફ્ મેડીટેશન્ અને રસાનુભૂતિ કરાવનારી સાધનાપ્રણાલીમાં ઘણું અન્તર છે.

સેવામાં હસવાના કે રડવાનાં ફિક્શેશન્ નહિં પણ જીવનના ધબકારા. બેલેન્સ્ કરતાં આવડે તે જ રસાત્મકતા અનુભવી શકે. તેજ સેવાની ભક્તિરસાત્મકતા અનુભવી શકે.

# ॥ ફલાધ્યાયની ભૂમિકા ॥

## ૧. ફલસમ્બન્ધિવલ્લભવેદાન્તનો સિદ્ધાન્ત ॥

### ( ઉપક્રમ )

અણુભાષ્યમાં પ્રમાણ પ્રમેય સાધન ના ત્રણ અધ્યાયો સંકલિત કરવામાં આવ્યા છે તે જોઈ લીધા. તેવી રીતે ફળમાં પણ સમગ્ર વિચાર કરવામાટે અવકાશ નથી પણ ફળવિચારના અગત્યના સંકલિત સૂત્રો છે જે મહાપ્રભુજીની ફળ સંબંધિત ધારણાઓને સ્પષ્ટ કરે તેના સૂત્રો આપણે જોવાના છે. અહીં ત્રણ અધિકરણ લીધા છે. 'અધિકરણ' એટલે વિષય સંશય પૂર્વપક્ષ ઉત્તરપક્ષ સિદ્ધાન્ત અને સંગતિ, આમ પાંચ રીતે વિભાગોમાં વિભાજિત વિષયનો વિચાર કરવામાં આવે ત્યારે એને 'અધિકરણ' કહેવામાં આવે છે.

અહીં પણ ત્રણે અધિકરણોમાં એકંદરે ત્રણ વિષય, ત્રણ જાતના સંશય, ત્રણ જાતના પૂર્વપક્ષ, ત્રણ જાતના સિદ્ધાન્ત, ત્રણ જાતની સંગતિ નો આપણે વિચાર કરવાનો છે. પૂરો પહાડ જોવા ન મળે પણ શિખર જોવા મળે તો થોડો તો પરિચય થઈ જતો હોય છે.

ફળ સંબંધી વિચારમાં મારે એ મુદ્દો સ્પષ્ટ કરવાનો છે કે કોઈ એક ગ્રન્થમાંથી હું નથી કહી રહયો. એટલે ભાષ્યના અનુવાદમાં તમે જોશો તો આ મુદ્દો મળશે નહીં, સુબોધિની નિબંધ ષોડશગ્રન્થ માં પણ કોઈ એક ગ્રન્થને પકડીને ચાલશો તો આ વાત મળશે નહીં. બધા ગ્રન્થોને સંકલિત કરીને જે વાત ઉભરતી હોય છે તે હું એઝ્ એ સિનોપ્સિસ્ (ભૂમિકાના રૂપમાં) સમજાવી દેવા માંગુ છું. જે વાતોનો બેઝ્ છે તે વાતોને કમ્પાઈલ્ કરીને ભણાવી રહયો છું.



ફલાધ્યાયમાં ફળના વિચારમાટે જે ત્રણ અધિકરણ આપણે લીધા છે તે ટોચના જેના ત્રણ અધિકરણ લીધા છે. પહાડની વચ્ચે કે તળેટી ના અધિકરણો આપણે નથી લીધા. આપણે ઓચિંતા એવરેસ્ટ્ની ટોચ પર બેસી જઈએ તો એવરેસ્ટ્ને ચડવામાં કયા કયા દૃશ્યો આવ્યા તે જોવાનો કોઈ ચાન્સ્ નથી રહી જતો. એ જોવાનો ચાન્સ્ હોય કે ન હોય પણ એટલીસ્ટ્ આપણામાં એ અવેરનેસ્ હોવી જોઈએ કે ટોચ પર જે દૃશ્ય છે તે નીચે હોવું જરૂરી નથી અને નીચે છે તે દૃશ્ય ટોચ પર હોવું જરૂરી નથી. આપણી સમજમાં આટલી મોકળાશ જરૂરી છે.

આમાં મુખ્ય સમજવાની વાત એ છે કે અવાર નવાર હું પાસાઓ સમજાવતો હોઉં છું, બ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ અને એનું આપણે જે રીતે ભજન કરતાં હોઈએ તે (ઘરના ઠાકોરજી). તે આખી સિસ્ટમ્ને પુષ્ટિભક્તિમાર્ગના નેરો ફ્રેમ્માં આપણે સમજી શકીએ છીએ. શાસ્ત્રને આધારે મહાપ્રભુજી આ જગત્માં પુષ્ટિમાર્ગ જ એક માર્ગ છે બીજા કોઈ માર્ગ નથી એવું તે નથી સ્વીકારતા. જીવોનો પ્રભેદ છે તેમાં ફક્ત દૈવીજીવો જ છે અને પ્રવાહીજીવો નથી એવું પણ મહાપ્રભુજી નથી સ્વીકારતા. દૈવીજીવોમાં પણ બધા જ દૈવીજીવો એક સરખા છે એવું પણ મહાપ્રભુજી નથી સ્વીકારતા. એટલે મર્યાદા પુષ્ટિ નો ભેદ કરે છે. અને મર્યાદા પુષ્ટિ ના ભેદમાં પણ મર્યાદામાર્ગમાં કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ ઉપાસનામાર્ગ અથવા પંચપર્વાવિદ્યાના ઍન્ગલ્થી જોઈએ તો **"वैराग्यं सांख्ययोगौ च तपो भक्तिः च केशवे पंचपर्वेति विद्येयं यया विद्वान् हरिं विशेत्"** (ત.દી.નિ.૧૧૪૬) વૈરાગ્ય સાંખ્ય યોગ તપ ભક્તિ, જે વિદ્યાના પાંચ પર્વો છે, જોકે કોઈ ગ્રન્થમાં કહયું નથી પણ બાયૂઈમ્પ્લીકેશન્ લેવું હોય તો લઈ શકાય કે ઓછામાં ઓછા વિદ્યાના પાંચ પર્વોના પાંચ માર્ગ તો આપણે માનવા જ પડશે. તદુપરાંત કોઈક એને ભેગા કરીને, કોઈક એનું બાયફરકેશન્ કરીને માનતો હોય એ શક્યતાઓ પણ રહેલી છે.

(''પ્રકૃતિવદ્ વિકૃતિ કર્તવ્યા''ન્યાયાનુસાર ફલસમ્બન્ધિવિચાર)

મીમાંસામાં એક ન્યાય છે—''પ્રકૃતિવદ્ વિકૃતિ કર્તવ્યા''. એનો મતલબ, વેદના એક ભાગ સંહિતા અને બ્રાહ્મણ માં જ્યાં કર્મના વિધાન કરવામાં આવ્યા છે ત્યાં કેટલાક કર્મો પ્રકૃતિરૂપ કર્તવ્યો છે. કેટલાક એ કર્મોમાં વિકૃતિરૂપ એટલે એના પેટારૂપ કર્મો બતાવવામાં આવે છે.

આપણે એને આ રીતે સમજી શકીએ કે યુનિવર્સીટીમાં ભણવું છે તો યુનિવર્સિટીમાં એપ્લીકેશન્ કરવી, એનરોલ્ થવું એ પ્રકૃતિરૂપ કર્તવ્ય છે. એ યુનિવર્સિટીમાં સાયન્સ્ આર્ટ કોમર્સ જે લેવું હોય એ પ્રકૃતિના વિકૃતિરૂપ કર્તવ્યમાં આવતું કર્તવ્ય થયું. એપ્લીકેશન્માં એનો પણ ખુલાસો કરવો પડશે. વિકૃતિ ત્યાં રોકાઇ નથી જતી. આર્ટસ્માં કેટલા બધા વિષયો છે! એ વિષયોમાં પાછો ખુલાસો કરવો પડશે કે કયો વિષય લેવો છે. એ પાછી એની વિકૃતિ (પેટા વિભાગમાં આવી) થઇ. એમાં પાછો જે વિષય પસંદ કર્યો તે વિષયમાં પુસ્તકો પણ ઘણાં બધાં હશે. એમાંથી કેટલીક ટેક્સ્ટ્બુક્ હોય, કેટલીક રેફરેન્સ્ બુક્ હોય. એમાં ટેક્સ્ટ્બુક્ અને રેફરેન્સ્બુક્ નો પ્રભેદ સમજવો પડશે. રેફરેન્સ્બુક્ તેની વિકૃતિ થઇ. 'વિકૃતિ' એટલે ખરાબી નહીં પણ તેના પેટાવિભાગ. યુનિવર્સિટીના એજ્યુકેશન્માં જેમ પ્રકૃતિ અને વિકૃતિ નો રોલ્ છે તેમ કર્મમાં તેનો ફોડ્ પાડતાં મીમાંસકો એમ કહે છે જ્યાં પ્રકૃતિમાં ખુલાસો કરી દીધો કે તે કેવી રીતે કરવું તેનો નોહાઉ (જાણકારી) આપવામાં આવી હોય અને કોઇ વિકૃતિમાં એનો ખુલાસો ન કરવામાં આવ્યો હોય ત્યારે મુંઝવણ નહીં અનુભવવી જોઇએ. જે પ્રકૃતિની સિસ્ટમ્ છે તે ત્યાં એપ્લાય્ કરી દેવી જોઇએ. જેમ પ્રકૃતિમાં કરવાનું હોય તે નિયમ વિકૃતિમાં પણ લાગુ પડે છે. કોઇ પણ કર્મ જેમાં ઇન્સ્ટ્રક્શન્ આપવામાં આવી હોય કે ન આપવામાં આવી હોય પણ પ્રકૃતિમાં ઓલરેડી ઇન્સ્ટ્રક્શન્ આપવામાં આવી ગઇ હોય તો તેની વિકૃતિમાં,



તે નિયમને કેરીફોર્વર્ડ કરી લેવો જોઇએ. ત્યાં ખોટી મુંઝવણ નહીં માનવી કે આનો ખુલાસો તો છે નહીં કે આ કેમ કરવું! યુનિવર્સિટીનો જે કાયદો હોય કે અમુક લેકચર્ ભરવા તો તેની વિકૃતિ તરીકે આર્ટસ્ વિજ્ઞાન કે વલ્લભવેદાંત નાં કોર્સમાં લાગુ પડે છે.

આ યુનિવર્સલ્ લૉ છે. જે યુનિવર્સલ્ હોય તેને પર્ટીક્યુલર્ પર લાગુ કરવું તે લોજીક્ની ડીમાન્ડ્ છે. તે મુજબ મહાપ્રભુજીના જે જનરલ્ રુલ્ છે, કોઇ નિયમ પ્રકૃતિમાં મહાપ્રભુજીએ સમજાવ્યા છે, કોઇ વિકૃતિમાં ન સમજાવ્યા હોય અને ત્યાં આપણે વૈચારિક છટકબારી રાખીએ કે આમાં તો ખુલાસો કર્યો નથી તો દાઇનો ઘોડો રમતો જમતો છૂટ્ટો. મહાપ્રભુજીએ કોઇ પણ નિયમ પ્રકૃતિના અન્તર્ગત સમજાવ્યો હોય તેના અન્તર્ગત આવતી જે પણ કાંઇ વિકૃતિ છે તેનાં ઉપર લાગુ થશે જ. એ આપણે લોજિકલી અને પ્રેકટિકલી પણ જોઇ શકીએ છીએ.

આપણા દેશમાં લેફ્ટ્સાઇડ્ કારડ્રાઇવ્ કરવાનો સિદ્ધાન્ત છે. તે નિયમ રાજ્યોમાં લાગુ થાય કે નહીં? તો પછી જે તે શહેરમાં લાગુ થાય કે નહીં? ત્યાં ક્યાં કહ્યું છે? ત્યાં આપણે ઉલટી ગાડી ચલાવીએ તો? ગાડી તો ચલાવી શકીએ પણ જે ડિસીપ્લીન્ડ્ ડ્રાઇવર છે તે ગાડી ચલાવશે તો લેફ્ટ્ સાઇડ્ પર જ. ડિસીપ્લીન્નો તકાજો છે ને! બરાબર તે જ રીતે ધર્મદર્શનના નિયમોને આપણે એ રીતે નથી જોતાં એટલે એને સમજવા અને સ્વીકારવા બુદ્ધિની એક્સ્ટ્રા એનર્જી વાપરવી પડતી હોય છે. તેને જીવનમાં જોડીને જોઇએ તો ખબર પડી જતી હોય છે કે કોઇ દર્શન ધર્મ સાયન્સ્ લોજીક્ જીવનથી બહાર નથી. જીવનમાં જ મૂકાયેલી વસ્તુ છે. આ રીતે સમજશું તો ધર્મ અને દર્શન નાં સિદ્ધાન્તોને સમજવા માટે બુદ્ધિની એક્સ્ટ્રાકેલરી ખર્ચ કરવી નહીં પડે.

તે મુજબ મહાપ્રભુજીએ પ્રકૃતિ અને વિકૃતિ સમજાવી છે તેમાં આપણે એક વાત જોઈ શકીએ છીએ. જ્યાં પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા ભેદ છે ત્યાં પણ એ સિસ્ટમ્ મહાપ્રભુજીએ ઈન્ટ્રોડ્યુસ્ કરી છે. **"પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા વિશેષેણ પૃથક્-પૃથક્ જીવ-દેહ-ક્રિયા-ભેદૈઃ પ્રવાહેણ ફલેન ચ"** ( પુ.પ્ર.મ.૧ ) પ્રમાણ-પ્રમેય-સાધન-ફળ ની ચતુષ્ટયી મહાપ્રભુજી ત્યાં ઈન્ટ્રોડ્યુસ્ કરી રહયા છે. ત્યાં મહાપ્રભુજીએ એ વાત પણ કરી કે પ્રવાહસૃષ્ટિ ભગવાને તેમના મનથી કરી છે. મર્યાદાસૃષ્ટિ ભગવાને વાણીમાંથી પ્રકટ કરી છે. પુષ્ટિસૃષ્ટિ ભગવાને પોતાના સ્વરૂપથી પ્રકટ કરી છે. સ્વરૂપથી પ્રકટ કરી એટલે શરીરમાં જેમ વાળ ઉગે છે તે રીતે નહીં. પ્રકટ થાય છે મતલબ જે સિસ્ટમ્ છે તે શેનાથી ગવર્ન થઈ રહી છે? મર્યાદાની સિસ્ટમ્‌ને પ્રભુએ કહીને પ્રકટ કરી છે. પ્રવાહની સિસ્ટમ્ મનમાં ધારી તેથી પ્રકટ થઈ છે. પ્રભુ જે ધારે તે પ્રકટ થાય, પ્રભુ જે કહે તે પણ પ્રકટ થાય. પ્રભુએ ધાર્યું હોય કે ન ધાર્યું હોય, કહ્યું હોય કે ન કહ્યું હોય, પણ પ્રભુની સ્વરૂપાસક્તિથી જે સિસ્ટમ્ પ્રકટ થાય તેને **"પુષ્ટિં કાયેન નિશ્ચયઃ"** (પુ.પ્ર.મ.૯) એમ કહેવામાં આવે છે. પ્રભુની સ્વરૂપાસક્તિથી જે સિસ્ટમ્ ઉભી થતી હોય છે તેનું નામ **"પુષ્ટિં કાયેન નિશ્ચયઃ"** એટલે ત્રણે જીવોનું પ્રમાણ, ત્રણે જીવોનું પ્રમેય, ત્રણે જીવોનું સાધન, ત્રણે જીવોનું ફળ, ક્યાંક ને ક્યાંક એની વ્યવસ્થા ભગવાન્‌થી ગવર્ન થઈ રહી છે. ભગવાન્‌ના મનથી વાણીથી કે સ્વરૂપથી ગવર્ન થઈ રહી હોય તો વાત નક્કી છે કે દરેકમાં ભગવલ્લીલા જોવાનો આપણો અભિગમ હોવો જ જોઈએ. એને નકારી ન શકીએ. આ સિદ્ધાન્ત પ્રકૃતિરૂપ થયો એની વિકૃતિરૂપે એક બીજો સિદ્ધાન્ત આપણને સમજવો પડશે. ચાહે પુષ્ટિજીવના પ્રમાણ પ્રમેય સાધન ફળ ની વ્યવસ્થા, ચાહે મર્યાદાજીવના પ્રમાણ પ્રમેય સાધન ફળ ની વ્યવસ્થા, ચાહે તો પ્રવાહીજીવના પ્રમાણ પ્રમેય સાધન ફળ ની વ્યવસ્થા, એ ચારેમાં કોઈક ને કોઈક જાતની ભગવલ્લીલા પ્રકટ થઈ રહી છે. જો ભગવલ્લીલા પ્રકટ થઈ રહી



હોય તો આપણે દરેક ઠેકાણે ભગવાન્‌ને જોવાની સીફત ન કેળવીએ તો લોચો શું થાય? આ તરફ મહાપ્રભુજીનો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ખંડિત થઈ જાય, બીજી તરફ પ્રભુના સર્વસમર્થ સર્વજ્ઞ સર્વશક્તિમાન હોવાની ધારણા ખંડિત થઈ જાય. સર્વોપાદાન સર્વસમર્થ એ સર્વભાવાપન્ન થયો છે, એ સિદ્ધાન્ત જો ખંડિત થયો તો બ્રહ્મવાદ જ નહીં રહી ગયો. તો પુષ્ટિમાર્ગ ક્યાંથી રહી જાય? એટલે અહીં **"પ્રકૃતિવદ્ વિકૃતિ કર્તવ્યા"** નું લોજિક આપણે એપ્લાય્ કરવું જોઈએ. આ ખુલાસો કોઈ ગ્રન્થમાં નહીં મળી શકે. એનું કારણ કે આ ઈમ્પ્લીકેશન્‌થી આવી રહયો છે. વર્બલી નથી આવી રહયો.

**(પ્રમાણ-પ્રમેય-સાધન-ફલની કોટીઓના વિચાર અંગે ફલ માટેનુ સૂત્ર : ભગવાનેવ હિ ફલં સ યથા આવિર્ભવેદ્ ભુવિ )**

બ્રહ્મ સચ્ચિદાનન્દ એક જાતની પ્રમાણકોટિ છે. અહીં પ્રમાણ પહેલાં લીધું છે. કારણકે **"માનાધીના મેયસિદ્ધિઃ"** તેથી પ્રમાણથી પ્રમેય ખબર પડે. જેમ એક્સરે હોય તો શરીરની અંદરના હાડકાં દેખાય. પ્રમાણ હોય તો પ્રમેય દેખાય. તો એકંદરે બ્રહ્મનું **સચ્ચિદાનન્દ** હોવું તે **પ્રમાણ** હોવાની કોટિ છે. બ્રહ્મનું **પરમાત્મા** હોવું તે **પ્રમેયકોટિ** છે. બ્રહ્મનું **ભગવાન્** હોવું એની **સાધનકોટિ** છે. બ્રહ્મનું **કૃષ્ણ** હોવું તેની **ફળકોટિ** છે. ડીડક્શન્‌ની પ્રક્રિયાથી આવતી આ વાત છે. ઉદા : All man are mortal. Socratice is man. Therefor socratice is mortal. ની જેમ ડિડક્ટિવ્ કન્ક્લુજન્ છે. આપણે એમ સમજી શકીએ કે **"ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ"** આ કન્ક્લુજન્ પુષ્ટિમાર્ગના કોન્ટેક્ટસ્‌માં આવેલુ છે. મર્યાદામાર્ગના કોન્ટેક્સ્ટ્‌માં મહાપ્રભુજીએ નથી કહયું. ભગવાન્ જ ફળ છે અને તે ભગવાન્ ભૂતલ ઉપર પ્રકટ થાય, **"ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્"** ( પુ.પ્ર.મ.૧૭ ) પોતાના ગુણથી અથવા પોતાના સ્વરૂપથી જે રીતે પ્રકટ થાય તે રીતે પ્રકટ થતા ભગવાન્ પુષ્ટિમાર્ગમાં ફળરૂપ તરીકે સ્વીકારવામાં આવેલ છે. ભગવાન્ પોતે ફળ છે પણ તે અનકન્ડિશનલ્ સ્ટેટમેન્ટ્ નથી.

કેવા ભગવાન્ ફળ છે? તમારા માટે જેવી રીતે ભૂતલ પર પ્રકટ થાય તે રીતે તેવા ભગવાન્ પુષ્ટિજીવોમાટે ફળ છે. આટલું કહેતાં બાય્ ઈમ્પ્લીકેશન્ શું આવ્યું? જો ભગવાન્ કોઈ રીતે પ્રકટ થતાં જ ન હોય અને પ્રમાણ પ્રમેય સાધન વાપરી રહયા છો પણ ફળ અનુભવાઈ નથી રહયું. કોઈ ને કોઈ રીતે ભગવાન્ પ્રકટ થાય તો પુષ્ટિજીવને પુષ્ટિજીવનું ફળ મળી ગયું કહેવાય.

**( ભગવદ્પ્રાકટ્યના પ્રકાર : ગુણ-સ્વરૂપભેદેન )**

હવે ભગવાન્ કેવી રીતે પ્રકટ થાય છે? એનો ફોડ પાડતાં (ચોખવટ કરતાં) મહાપ્રભુજી કહે છે કે જરૂરી નથી કે દર વખતે ભગવાન્ પોતાના સ્વરૂપે જ પ્રકટ થાય. ક્યારેક ગુણથી પણ પ્રકટ થાય છે. ક્યારેક સ્વરૂપથી પણ પ્રકટ થાય છે. પણ જો તમે પુષ્ટિજીવ હોવ તો તમારામાં એટલી આશ્વસ્તતા હોવી જોઈએ કે ગુણથી પ્રકટ થયા તે ભગવાન્ પણ મારા માટે ફળ છે અને મૂળમાં એ સિદ્ધાન્ત હોવાને કારણે મહાપ્રભુજી એમ કહે છે કે ભગવાનનું સ્વરૂપ જેવી રીતે ભાગવતાત્મક છે તેવી રીતે ભાગવત ભગવત્સ્વરૂપાત્મક છે. ભાગવતમાં ભગવત્સ્વરૂપ પ્રકટ નથી થઈ રહ્યું, ભગવાન્‌ના ગુણ પ્રકટ થઈ રહ્યા છે.

ભગવત્સ્વરૂપોમાં જે અવતારો પ્રકટ થયા તે અવતારોમાં ભગવાન્‌ના આ ગુણો જે ભાગવત પ્રકટ કરવા માંગે છે તે ક્યાંક પ્રકટ થયા છે ક્યાંક પ્રકટ નથી થયા. ત્યાં સુધી કે કૃષ્ણાવતારમાં આપણે જેને પૂર્ણાવતાર માનીએ છીએ તે વખતે પણ કૃષ્ણને પૂર્ણતયા સ્વીકારવા લોકો તૈયાર ન હતા. એમની પૂર્ણતા ઉપર ચેલેન્જ કરતાં હતાં કે આ પૂર્ણતા અમને માન્ય નથી. તે ઘટના રામ સાથે ઘટી છે. નૃસિંહ સાથે નથી ઘટી કારણ તેમનું સ્વરૂપ વિકરાળ છે. કોઈ વખત સ્વરૂપમાં ગુણ પ્રકટ થતાં હોય છે. કોઈ વખત સ્વરૂપમાં ગુણ પ્રકટ નથી થતાં. કોઈક વખત ગુણમાં સ્વરૂપ પ્રકટ



થતું હોય છે, કોઈક વખત સ્વરૂપ પ્રકટ નથી થતું, ગુણ જ પ્રકટ થતાં હોય છે. કોઈ વખતે ગુણ અને સ્વરૂપ બન્ને પ્રકટ થાય. તો ભાગવતમાં ભગવાન્‌ના ગુણો પ્રકટ થયા છે. પછી એ કોઈ પણ રીતે અવતરિત થયા હોય, માછલીરૂપે કાચબારૂપે વરાહરૂપે વામનરૂપે...ભાગવતમાં એ બધા રૂપોની સ્તુતિ જોશો તો ખબર પડશે કે બધા જ ભગવદ્‌ગુણો ત્યાં સ્વીકારવામાં આવ્યાં છે. ભલે આ રૂપ આવું હોય પણ ગુણો દિવ્ય છે. ભાગવતમાં પ્રભુના ૨૪ અવતારો તો શિખરની જેમ છે પણ તળેટીમાં અંશ કલા આવેશ અવતારો અને સૃષ્ટિને પણ ભગવાન્‌ના અવતારના રૂપે વર્ણવી છે. ભગવાન્‌ના ઘણા બધા ગુણો ભાગવત વર્ણવવા માગે છે. ભાગવતમાં ભગવાન્‌ના ગુણ પ્રકટ થયા અને એ ગુણને અનુરૂપ અવતારો પ્રકટ થયા. રૂપ પ્રકટ થયું ત્યારે કોઈ વખત ગુણ પ્રકટ થયા છે કોઈ વખત ગુણ પ્રકટ નથી થયા.

ક્યાંક નામ પ્રકટ થાય, રૂપ પ્રકટ થાય પણ ગુણ પ્રકટ નથી થતા. જેમ ભાગવતસપ્તાહમાં કોઈ નાના બાળકને કૃષ્ણ બનાવી તેને છાબડામાં સુવડાવીને કૃષ્ણજન્મ કરવામાં આવે ત્યારે ત્યાં માત્ર રૂપ પ્રકટ થાય છે પણ ગુણ પ્રકટ નથી થતા. ક્યાંક ગુણ પ્રકટ થાય છે ત્યાં રૂપ પ્રકટ નથી થતું. ક્યાંક રૂપ અને ગુણ બન્ને પ્રકટ થાય છે. ઓપ્શન્‌ને ઓપન્ રાખવામાટે મહાપ્રભુજી કહે છે **"ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્"** ગુણથી અથવા રૂપથી પ્રકટ થાય, તેને ફળ માનવાની તમારી તૈયારી હોય તો તમારામાં પુષ્ટિભાવ છે. ભગવાન્ જે રીતે ( ગુણ કે રૂપ ) પ્રકટ થાય તે રીતે સ્વીકારવાની તમારા હૃદયમાં મોકળાશ હોય તો તમને પુષ્ટિમાર્ગના પ્રમાણ પ્રમેય સાધન કામ આવશે, નહીં તો કામ નહીં આવે.

આ નિયમ મહાપ્રભુજીએ ભગવલ્લીલાની વિકૃતિમાં રજૂ કર્યો છે. પ્રકૃતિમાં રજૂ નથી કર્યો. પણ પ્રકૃતિમાં શું વાત કહેવામાં

આવી છે? પ્રકૃતિમાં એ વાત કહેવામાં આવી છે કે આખી સૃષ્ટિ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા-ભેદથી પ્રકટ થઈ છે તેના પ્રમાણ પ્રમેય સાધન ફળ ચારે ભગવાન્ છે. જો પ્રકૃતિમાં આ વાત કહેવામાં આવી હોય તો જેને જે પ્રમાણ એવેલેબલ્ છે તે ભગવદ્રૂપ છે કે નહીં? જેને જે પ્રમેય એવેલેબલ્ છે તે ભગવદ્રૂપ છે કે નહીં? જેને જે સાધન એવેલેબલ છે તે ભગવદ્રૂપ છે કે નહીં? જેને જે ફળ એવેલેબલ છે તે ભગવદ્રૂપ છે કે નહીં? **"પ્રકૃતિવદ્ વિકૃતિ કર્તવ્યા"**નો રોલ્ એપ્લાય્ કરીને જુઓ. પ્રકૃતિમાં પ્રમાણ પ્રમેય સાધન ફળ ચારે ભગવાન્ છે. બ્રહ્મસૂત્રભાષ્યથી પણ આપણે તે વસ્તુને જોઈ ગયા.

ત્યારે આપણે એ વાત સમજવી પડશે કે આપણો કૃષ્ણભક્તિ શરણાગતિ નો પુષ્ટિમાર્ગ છે. આપણા પુષ્ટિમાર્ગમાટે કૃષ્ણની ભક્તિ અને પ્રપત્તિ માં ભગવાન્‌ના જે ગુણ કે રૂપ આપણા માટે પ્રકટ થાય તેને આપણે ફળરૂપે સ્વીકારીશું. મર્યાદામાર્ગને અનુરૂપ ભગવાન્‌ના જે પ્રમાણ પ્રમેય સાધન ફળ હોય તે મર્યાદામાર્ગમાં ફળ થશે. આ લોજિકની વાત છે. હવે જો પુષ્ટિ અને મર્યાદા માં એ રીતે હોય તો પ્રવાહને હડધૂત કરી શકીએ? પ્રવાહ માટે પણ એ સ્કોપ્ ખુલ્લો રાખવો પડશે. પ્રવાહમાર્ગી જીવોમાટે પ્રભુએ જે પ્રમાણ પ્રમેય સાધન નું રૂપ ધારણ કર્યું એ પ્રમાણ પ્રમેય સાધન ની વ્યવસ્થામાં ફળરૂપે પ્રભુ પ્રકટ થાય છે તે પ્રવાહમાર્ગી જીવને તો આપનારા તો પ્રભુ જ છે. આ વાત બ્રહ્મસૂત્રમાં **"ફલમત ઉપપત્તેઃ"** (બ્ર.સૂ.૩।૨।૩૮) કરીને એક સૂત્ર છે તેમાં કહેવામાં આવ્યું છે. જગત્‌માં કોઈ પણ ફળ સાધકને પોતાની સાધનાને કારણે નથી મળતું પણ પરમાત્મા જેને જે ફળ આપવા માગે છે તેને તે ફળની પ્રાપ્તિ થાય છે. **"ફલમ્ અતઃ પરમાત્મનઃ સકાશાત્"** (અણુભાષ્ય). જે કાંઈ સાધનાના ફળ હોય તે ફળ પ્રભુ થકી બધાને મળે છે. જીવને પોતાની સાધનાના ભરોસે નથી મળતા. પ્રવાહીજીવને જે ફળ મળે. કદાચ



આપણી દૃષ્ટિથી એ કન્ડમ્નેબલ્ હોઈ શકે પણ પ્રભુની દૃષ્ટિથી તે લીલા જ છે. પ્રભુ તે પ્રમાણ પ્રમેય સાધન ફળ લીલાની અન્તર્ગત કરી રહયા છે. તેથી આપણે એ સ્વીકારવું પડશે કે **"ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ"** પુષ્ટિમાટે જે સિદ્ધાન્ત છે તે મર્યાદા અને પ્રવાહ માટે પણ લાગુ થશે. ત્યાં ગુણ રૂપ બદલાઈ જશે પણ જે રૂપથી જે ગુણથી જે પ્રમાણ પ્રમેય સાધન ફળ થી જે ફળ મળવાનું હશે તે મળશે તો ભગવાન્‌ના રૂપે જ.

**(ખુદાની ખુદાઈમાં કોઈનો ભાગ નથી)**

એક સુફી સન્તે કહયું છે **"જુમ્ને હક મી ન આયદ્ દિલરૂબાઈ શિરકત્ નેસ્ત કતરા દર ખુદાઈ...."** આ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવા જેવી વાત છે. જેને જે વસ્તુ સુંદર લાગી રહી છે. તમારા દિલને આકર્ષિત કરવાની શક્તિ, જેનું દિલ જેનાથી આકર્ષિત થતું હોય તે તે વસ્તુ. તે આકર્ષિત કરવાની શક્તિ તેને પરમાત્મામાંથી મળી છે. ખુદાની ખુદાઈમાં કોઈનો ભાગ નથી. ખુદાથી મોટો કોઈ દિલરૂબા હોઈ શકતો નથી અને ખુદાની ખુદાઈમાં કોઈનો ભાગ નથી. તેથી જે કાંઈ ફળ છે તે પ્રભુનું આપેલું જ ફળ છે તે સિદ્ધાન્ત આપણે સમજી શકીએ તો દરેક વાત આપણને સમજાઈ જાય. જેને જે ફળ મળી રહયું છે તે પ્રભુના રૂપે પ્રભુદ્વારા આપેલું ફળ મળી રહયું છે. ફળથી વધારે દિલરૂબા કોઈ વસ્તુ હોઈ શકતી નથી. કોઈ કોઈકને ફળ માને છે. જૈનધર્મમાં સંથારો સીજી જવો એ દિલરૂબાઈ છે. એનાથી વધારે કોઈ ઉત્તમકક્ષા જીવિત અવસ્થામાં જૈનોમાં મળી શકતી નથી. જૈનોમાં સંથારો સીજે તેને મુક્તિ માને છે. બીજા તેને આત્મહત્યા કહી દેશે. દરેકના માટે અને દરેક વસ્તુમાં રહેલી દિલરૂબાઈ ભગવાને પ્રમાણ પ્રમેય સાધન ફળ ની વ્યવસ્થા નોખી-નોખી પ્રકટ કરી છે. જેને માની શકતો હોય જેને માણી શકતો હોય તેને માટે દિલરૂબાઈ પ્રકટ કરી છે. એકંદરે ફળમાં દિલરૂબાઈ રહેલી છે. કોણ કોને ફળ માને છે તે તેના પર નિર્ભર

છે. આટલી વાત સમજાશે તો ફળની વાત સમજવામાં કોઈ મુશ્કેલી નહીં આવે. ફળ ક્યાં ક્યાં છે તે જોવા આપણી આંખ તૈયાર નથી, ઘોડાને લગાડેલા ડાબલાની જેમ.

**( સચ્ચિદાનન્દ બ્રહ્મની ત્રણ શક્તિઓ : ક્રિયા જ્ઞાન અને રમણાત્મિકા )**

ભગવાન્‌ની ત્રણ શક્તિઓ છે. સદંશમાંથી ક્રિયાશક્તિ, ચિદંશમાંથી જ્ઞાનશક્તિ અને આનંદાંશમાંથી રમણશક્તિ પ્રકટ થાય છે. એ ત્રણ શક્તિનો ચાહે પુષ્ટિ હોય, ચાહે મર્યાદા હોય, ચાહે પ્રવાહ હોય. તેનો બધો ખેલ છે.

જેમ નામ આપણી ચેતના સાથે વણાયેલું છે તે રીતે. આપણે માનીએ કે પુષ્ટિ એટલે અમે, બીજે કશે પુષ્ટિ હોઈ શકતી નથી. એ કઈ રીતે? દા.ત. મારું નામ 'શ્યામમનોહર' છે. કોઈ પણ 'શ્યામમનોહર' બોલે તો મને પહેલો હાથ ઉંચો કરવાનું મન થાય કે આવ્યો! આપણો અહંકાર દર વખતે હાથ ઉંચો કરવાની પ્રેરણા આપતો હોય છે. કેમકે નામ આપણી ચેતના સાથે આ રીતે વણાઈ જતું હોય છે. આપણને દર વખતે પુષ્ટિની વાત આવે તો લાગે કે આપણે જ છીએ. પણ હકીકતમાં એવું નથી. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદમાં મહાપ્રભુજીએ પુષ્ટિપુષ્ટિ મર્યાદાપુષ્ટિ પ્રવાહપુષ્ટિ અને શુદ્ધપુષ્ટિ કહી છે. પુષ્ટિમાં પ્રવાહને ભેળવ્યો કે નહીં? પુષ્ટિમાં મર્યાદાને ભેળવી કે નહીં? પુષ્ટિમાં પુષ્ટિને ભેળવી કે નહીં? **"પ્રકૃતિવદ્ વિકૃતિ કર્તવ્યા"** ન્યાયથી પ્રવાહમાં પુષ્ટિ, પ્રવાહમાં મર્યાદા કેમ ન ભેળવી શકાય? પ્રવાહમાં પ્રવાહ કેમ ન ભેળવી શકાય? તેમ મર્યાદામાં પુષ્ટિ પ્રવાહ મર્યાદા કેમ ન ભેળવી શકાય? એકંદરે નવ (૯) પ્રકાર થઈ ગયા. જો પુષ્ટિમાં પુષ્ટિ પ્રવાહ મર્યાદા ને ભેળવીને મહાપ્રભુજી ચાર કેટેગરી કરી રહયા છે તો પ્રવાહમાં એ ચાર કેટેગરી આપણે ઉભી કરવી કે ન કરવી on the bases of similarity. એવું તો ન હોય કે પુષ્ટિજીવો જ બિચારા લાંછિત હોય



એટલે તેમાં પ્રવાહ મર્યાદા ભળી જાય. અને પ્રવાહી જીવો દિવ્ય કે એમાં કોઈ ભળી જ ન શકે. અને જો પ્રવાહમાં પુષ્ટિ મર્યાદા ભળી જતી હોય તો તેમના પણ ચાર ભેદ થશે. પ્રવાહ - પ્રવાહ, મર્યાદા - પ્રવાહ, પુષ્ટિ - પ્રવાહ અને શુદ્ધ - પ્રવાહ. તેજ પ્રમાણે મર્યાદા - મર્યાદા, પ્રવાહ - મર્યાદા, પુષ્ટિ - મર્યાદા અને શુદ્ધ - મર્યાદા. તે પેરેલલીઝમ્ આવશે ને! હવે જો આ વ્યવસ્થા હોય તો આપણે એ સ્કોપ્ આપવો પડશે કે જ્યાં પુષ્ટિ ભળે ત્યાં પ્રવાહનું રમણ થઈ શકે છે. અને જ્યાં પુષ્ટિ મર્યાદામાં ભળે ત્યાં પ્રભુની આનંદાત્મક શક્તિ પ્રકટ થઈ શકે છે કે નહીં? પ્રભુની રમણશક્તિનું કોઈ ફોર્મ તો પ્રકટ થશે કે નહીં? એ સ્વરૂપ પ્રકટ થતું હોય તો આ બધી વેરાયટીમાં આપણે સમજી શકીએ કે આપણે માત્ર ટ્રેસ્ કરવાનું રહે કે ક્યાં શું છે. ત્રણેમાં ફળનો કયો પ્રકાર છે. ?

## (૧) સદંશમાંથી પ્રકટ ક્રિયાશક્તિના પ્રાકટ્યદ્વારા ફળમાં વિભિન્નતા.

**( પ્રવાહી : અહંતા - મમતાત્મિકા કૃતિ )**

સૌથી પહેલાં આપણે પ્રવાહ લઈએ. પ્રવાહીજીવની પોતાની અહં - મમાત્મિકા કૃતિ કે હું આ અને મારું આ. તે મુજબ કૃતિ કરે તે ભગવાને પોતાના મનથી નિર્ધારિત કરી છે કે આના માટે આ જાતનું ફળ છે. જ્યાં મારી અહંતા અને મમતા પોસાય તેવા કાર્યનું પરિણામ તે મારા માટે ફળ. મારી અહંતા - મમતા ખંડિત થતી હોય તેવું કાંઈ રિઝલ્ટ મળે તો એ ફળ ન લાગે. **"ભગવાન્ એવ હિ ફલં"** અહીં આવે છે કે નથી આવતું? ક્રિયાશક્તિના કારણે જે કાંઈ કૃતિ પ્રકટ થઈ રહી છે, એની અહંતા મમતા ને કારણે જે ફળ મળે છે તે પ્રભુએ એના લીલાવિહારમાં નિર્ધારિત કરેલું ફળ છે કે નહીં? જો એમ ન માનીએ તો એ મળેલા ફળને પ્રભુની સૃષ્ટિની બહારની વસ્તુ છે. સૃષ્ટિની વસ્તુ નથી. અને પ્રભુની

સૃષ્ટિની બહારની કોઈ વસ્તુ છે તો તો બ્રહ્મવાદ ખંડિત થઈ ગયો.

આ વાત આ ગ્રન્થમાં કેમ નથી મળી ? કારણકે પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રન્થ આપણને પૂરો મળ્યો નથી, અડધો મળ્યો છે. કેવળ પુષ્ટિમાર્ગનો જ ખુલાસો આવ્યો છે. મર્યાદામાર્ગનો કે પ્રવાહમાર્ગનો પૂરો ખુલાસો નથી આવ્યો. એક તો તેને કારણે આ વસ્તુ નથી વર્ણવાઈ. બીજું પોતાની અહંતા-મમતાની કૃતિથી મળતું ફળ જ રીવોર્ડ હોય છે. એ દિલરૂબાઈ ભગવાન્‌ની ન હોય તો ભગવાન્‌ની બહાર તેને માનવી પડશે. અને જો ભગવાન્‌ની હોય તો અન્તે પ્રભુ જ લીલા કરી રહ્યા છે. **"મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિ:"** મનથી પ્રભુએ પ્રવાહના પ્રમાણ પ્રમેય સાધન અને ફળ ની વ્યવસ્થા કરી છે. એની બાબતમાં વાણીને કોઈ અવકાશ નથી આપ્યો કેમકે વાણી તો મોરાલીટીનો ઉપદેશ આપે. પણ મન એવો ઉપદેશ નથી આપતું. મન એવું પ્રમાણ, એવો પ્રમેય, એવું સાધન, એવું ફળ એને માફક આવી જતું હોય છે.

મન શું ઉપદેશ આપે છે? ભાડમાં ગઈ મોરાલીટી. ઉદા : ક્રુશ્ચેવ નાનો હતો ત્યારે તેની ક્લાસટીચરે વહેંચવાની મોરાલીટી હળીમળીને રહેવું તે વાત સમજાવી. આવું ન કરે તે ઈમ્મોરલ્ તેમ સમજાવ્યું. પછી તેને કહયુ કે બે ચોકલેટ્ આપી તો તુ શું કરીશ? તો તે કહે "બન્ને ચોકલેટ્ ખાઈ જઈશ" મોરાલીટી ફૉલો કરવામાં એક ચોકલેટ્ જતી કરવી પડતી હોય એના કરતાં બન્ને ચોકલેટ્ ખાઈ લેવામાં ક્યાં વાંધો આવ્યો? બીજા જેને મોરલ્ થવું હોય તે થાય, આપણને ક્યાં વાંધો છે? આ બધી પ્રવાહની લોજિક્ છે. એને એવું પ્રમાણ પ્રમેય સાધન ફળ માફક આવી જતું હોય છે, ગળે ઉતરી જતું હોય છે, રેલિશ્ પણ કરી લેતું હોય છે. પણ એઝ એ પુષ્ટિમાર્ગી એ પ્રભુની લીલા છે એ સ્વીકારવાની મોકળાશ આપણામાં હોવી જોઈએ.



બ્રહ્મસૂત્રમાં પ્રવાહીના સાધન ફલ ની બાબતનું કોઈ અધિકરણ નથી એનું કારણ કે આ બ્રહમસૂત્ર દૈવી એટલેકે મર્યાદા અને પુષ્ટિ જીવને માટે પ્રકટ થયેલ હોવાથી પ્રવાહી જીવને બ્રહમસૂત્રના અધિકારી નથી માનવામાં આવ્યા. તું ભગવાન્‌ના મનથી ચાલી રહ્યો છે એમાં બ્રહ્મસૂત્ર તને ક્યાં સમજાવવા બેસું? તને જે ગમતું હોય તે તું કર. એટલે પ્રમેયની વ્યવસ્થામાં બતાવવામાં આવ્યું છે કે કેટલાક પ્રવાહીજીવો પોતાની અહંતા-મમતાથી કર્મ કરે છે અને ફળ ભોગવે છે. અને એ ફળ ભોગવીને તેઓ સંતુષ્ટ રહે છે. એ જીવને અધિકારી માને તો એના ફળનું ચિંતન કરે ને! એટલે બ્રહમસૂત્રના ફલાધ્યાયમાં આ ફળ વર્ણવવામાં નથી આવ્યું. ફળ વર્ણવામાં નથી આવ્યું તેથી આપણે કહીએ કે આ ફળ નથી તો ખોટી સમજ છે. જ્યારે કે **"પ્રકૃતિવદ્ વિકૃતિ કર્તવ્યા"** નું એઝમ્શન્ છે તે આના આધારે સમજાશે કે આ રીતે તેનું ફળ છે. આ ડેટા બ્રહમસૂત્ર + પુષ્ટિપ્રવાહમર્યાદા માંથી મળશે. ત્યાંથી એનો ખુલાસો મળી શકે.

**( મર્યાદા : નિષ્કામકર્માત્મિકા કૃતિ )**

મર્યાદામાર્ગમાં એ પ્રભુની શક્તિ નિષ્કામકર્માત્મિકા નિષ્ઠાના રૂપે પ્રકટ થશે. વેદમાં તેથી જ કહેવામાં આવ્યું છે કે **"કુર્વન્નેવ ઈહ કર્માણિ જીજીવિષેત્ શતં સમા"** (ઈશા.ઉપ.૨) તમારા કર્મને કરતાં કરતાં તમે સો વર્ષ જીવવાની ઈચ્છા રાખો. જે કર્મ છે તેને નભાવીને સો વર્ષ જીવવાની ઈચ્છા રાખો. એ જીવવાની ઈચ્છા સંસારાત્મિકા નથી પણ મુક્તિરૂપા છે. સો વર્ષ હું નિષ્કામ કર્મ કરતો રહું. બીજાને એ કર્મકાંડ લાગે. પણ મર્યાદાજીવમાટે એનું પ્રમાણ પ્રમેય સાધન એવી જ જાતનું છે કે એને એજ વાત સમજાવે છે કે કોઈ પણ કામના વગર કર્મ કરતાં-કરતાં સો વર્ષ જીવું તો એ સંસારની ઈચ્છા નથી. એ ફલાત્મિકા ઈચ્છા છે સાધનાત્મિકા પ્રમેયાત્મિક પ્રમાણાત્મિકા ઈચ્છા નથી. પણ એ વસ્તુ સમજમાં

કોને આવશે? તે મર્યાદાજીવને કે જેમાં પ્રભુની ક્રિયાશક્તિ પ્રકટી છે.

### ( પુષ્ટિ : પ્રવાહેણ ક્રિયારતા )

પ્રભુની ક્રિયાશક્તિનું પુષ્ટિમાં પ્રાકટ્ય થાય તો આપણે સમજી શકીએ. મહાપ્રભુજી કહે છે **"પુષ્ટયા વિમિશ્રા સર્વજ્ઞા પ્રવાહેણ ક્રિયારતા"** ( પુ.પ્ર.મ.૧૫ ) જેનામાં પ્રભુની ક્રિયાશક્તિ પ્રકટ થઈ છે તેને તેની બધી લાચારીમાં ક્રિયાને નભાવવામાં જીવનનું સાફલ્ય સમજાતુ હોય છે. તેના સાફલ્યને આપણે સમજી નથી શકતાં, સ્વીકારી નથી શકતાં, માણી નથી શકતાં. કેમકે આપણામાં ક્રિયાશક્તિ પ્રકટ નથી થઈ. આપણામાં ક્રિયા કરવાનું ઈન્સ્પીરેશન્ નથી તેથી જેનામાં પ્રકટ થતી હોય છે તો આપણને લાગે છે કે આપઘાતી વૃત્તિ છે. કેટલી ઘરડી માજીઓ સેવામાં ૮૦-૯૦ વર્ષ સુધી સેવા કરતી હોય છે. આપણને લાગે કે કોઈની સાથે હળ્યા મળ્યા નહીં, કાંઈ આનન્દ ન કર્યો, ખાલી ત્રાસ વેઠ્યો. mind it એમનામાં પ્રભુની ક્રિયાશક્તિ એટલા ફોર્સથી પ્રકટ થઈ છે તેથી તે મેઈન્ટેઈન્ કરી શક્યા છે. પ્રભુની ક્રિયાશક્તિ જો પ્રકટ ન હોત તો they could have dropped. પણ એ કોને સમજમાં આવે? જેનામાં થોડી પણ ક્રિયાશક્તિ હોય તેને સમજમાં આવે. જેનામાં પ્રભુની ક્રિયાશક્તિ થોડી પણ પ્રકટ નથી થઈ તેનામાં એનું એપ્રિશિએશન્ પણ નથી જાગવાનું. કોઈ સુંદર છોકરી ઉત્કૃષ્ટ કક્ષાનું નૃત્ય કરે તો કાગડા કે ગધેડા ને તેમાં મોહ થવાનો નથી. કારણ તેને એપ્રિશિએટ્ કરવાની પ્રમાણ પ્રમેય સાધન ની વ્યવસ્થા કાગડા ગધેડા માં એવેલેબલ્ નથી. એપ્રિશિએટ્ નથી કરી શકતા તો ફળ કેવી રીતે માને? આખી ફલવ્યવસ્થા મહાપ્રભુજીના મતે કઈ જાતની છે જુવો!

**"પ્રવાહેણ ક્રિયારતા"** ક્રિયામાં રત થવું. એમને સમજ કરતાં ક્રિયામાં જ રસ પડે. The person is more interested in



performing the action than understanding it. So what he enjoyes is a performence of action but not the understanding of the divine phenomina. And the person who wants to understand it, if you ask him to enjoy the performenc he will not, he would like to understand more than the performing any action. જેમાં જે સમજ ઓરીએન્ટેશન છે પણ તેને પરફોર્મન્સ્ કરવાનું કહેવામાં આવે તો થોડુ મુશ્કેલ થઈ જતું હોય છે.

## (૨) ચિદંશમાંથી પ્રકટ જ્ઞાનશક્તિના પ્રાકટ્યદ્વારા ફળમાં વિભિન્નતા.

### ( ત્રૈવર્ગિક પુરુષાર્થલભ્યફલ )

પ્રવાહીમાં પ્રભુની જ્ઞાનશક્તિ પ્રકટ થાય તો ત્રૈવર્ગિક પુરુષાર્થ ધર્મ અર્થ કામ થી મળતા ફળ તેને સમજમાં આવે. તે ફળની બાબતમાં તેને ઉમળકાનો ભાવ આવે, તે રેલિશ્ કરી શકે. 'ત્રૈવર્ગિક પુરુષાર્થલભ્યફળ' એટલે એ પોતાની અહંતા-મમતાથી જે કૃતિ થઈ રહી છે તેમાં તે ફળ ન માને. પણ ત્રૈવર્ગિક પુરુષાર્થ છે—શાસ્ત્રે બતાવેલ ધર્મરૂપ ક્રિયા, શાસ્ત્રે બતાવેલ અર્થ, શાસ્ત્રે બતાવેલ પુરુષાર્થરૂપ કામ તે તેને સંતુષ્ટ કરી શકે. અહંતા-મમતામૂલક ક્રિયા અર્થ અને કામ તેને સંતુષ્ટ ન કરી શકે. પણ શાસ્ત્ર કહે કે આમ કરવું તો તેના મનમાં સોંસરુ ઉતરી જાય. ત્રૈવર્ગિક પુરુષાર્થથી જે આનન્દ મળતો હોય છે તેને તે માણતો હોય છે. કોણ? જે પ્રવાહી જીવમાં પ્રભુની જ્ઞાનશક્તિ પ્રકટ થઈ. તે શાસ્ત્ર કે વાણી થી પ્રકટ થાય છે. વાણીથી મળતું કર્મ અર્થ તે મારું કર્મ કે અર્થ.

આપણે મોટા ભાગે કન્ફ્યુઝ કરતા હોઈએ છીએ. આપણે ભગવાન્ની ભક્તિને કમાવાનું સાધન ન બનાવવું જોઈએ. વેશ્યા પોતાના ગ્રાહક પાસેથી પૈસા લે છે પણ પોતાના સાચા પ્રેમી સાથે તો પ્રેમ જ કરે છે. તો વેશ્યા પણ એક ડિગ્નીટી નિભાવતી

હોય છે. પુષ્ટિમાર્ગીઓ પરન્તુ પોતાના પ્રભુ બાબતે આવી ડિગ્નીટી નિભાવી શકતા નથી. આપણે આપણા પ્રભુને કમર્શિયલ્ ઉપયોગમાં વાપરતા હોઈએ છીએ. આપણું કેટલું ડિગ્રેડેશન્ થયું છે તેની કલ્પના નથી આવતી. પ્રભુના નામ અને સ્વરૂપ નો આપણે પ્રોસ્ટીટ્યુશન્ જેવો ઉપયોગ કરતાં હોઈએ છીએ.

પણ આ વાત ગળે કોને ઉતરે? જેને ઉતરે તેને જ ઉતરે. અત્યારે ચાલતાં કમર્શિયલાઈઝેશન્માં ધંધાકીય ભાગવત, ધંધાકીય હવેલી ચલાવવી તેને જસ્ટીફાઈડ્ કરે છે. અને ત્યાં જઈને ચેરીટીમાં પુષ્ટિમાર્ગીઓ પૈસા આપતાં હોય છે. Mahaprabhuji could never anticipate such a pushtimarg. He is totally against such practice and motivations. ગુસાંઈજી તો ત્યાં સુધી આજ્ઞા કરે છે કે ''ગંગાજલને સંડાસના લોટામાં ભરીને સંડાસ ધોવો તેવું પાપ તમે કરી રહયા છો.'' તો પણ આપણને ખબર નથી પડતી!! કારણ? પ્રભુ પ્રત્યેનું જે જ્ઞાન છે કે બધી વસ્તુને મારી કમાણીનું સાધન બનાવીશ પણ મારા પ્રભુને કમાણીનું સાધન નહીં જ બનાવું. એ સેન્ક્ટિટી/સમજ જ આપણી બંધ થઈ ગઈ છે. આપણે માનીએ છીએ કે આપણે પુષ્ટિમાર્ગી છીએ પણ આપણી અંદર જ્ઞાનશક્તિ બંધ થઈ ગઈ છે.

આ પણ પ્રભુની લીલા છે તેથી તેમના પર ગુસ્સે થવાની વાત નથી. પણ એ સમજવાની વાત છે કે પ્રભુની લીલાની વેરાયટી કેટલી!! તે સમજવાની વાત છે. જે નથી સમજતા તેનામાં પ્રભુએ જ્ઞાનશક્તિ પ્રકટ નથી કરી. ધંધાકીય સાર્વજનિક છપ્પનભોગ કુનવારા ભાગવત નું આયોજન, મોટા-મોટા માંડવા...જેવી કોઈક ક્રિયાઓ કરતાં રહે.



**(આપવર્ગિક આત્માનન્દ કે બ્રહ્માનન્દ)**

મર્યાદામાં જ્ઞાનશક્તિ પ્રકટ થાય તો તેને ત્રૈવર્ગિક પુરુષાર્થમાં આસક્તિ નહીં થઈને આપવર્ગિક બ્રહ્માનન્દ કે આત્માનન્દ માં ફળની અનુભૂતિ થશે. 'આત્માનન્દ' એટલે ભગવાન્ ગીતામાં જેને સ્થિતપ્રજ્ઞ કહે છે. **''પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ! મનોગતાન્ આત્મન્યૈવ આત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞઃ તદા ઉચ્યતે''** (ભગ.ગીતા.૨।૫૫) મુજબ જે થઈ શકતો હોય. ત્રૈવર્ગિક પુરુષાર્થથી મને સંતોષ થતો નથી તેવી જે સમજ આવે.

ઋષિ યાજ્ઞવલ્ક્ય પોતાની બન્ને પત્નીઓ કાત્યાયની અને મૈત્રેયી ની વચ્ચે સંપત્તિ વહેંચીને જ્યારે સંન્યાસ લેવા જઈ રહ્યા હતા ત્યારે મૈત્રેયીએ પૂછ્યું કે ''આપ ક્યાં જઈ રહયા છો? અને જે સંપત્તિના ભાગલા પાડીને આપ જઈ રહ્યા છો તેનાથી મને શું મળવાનું છે? આ સંપત્તિને છોડીને જેની પ્રાપ્તિમાટે આપ જઈ રહયા છો તેમાં મારો ભાગ કેમ નથી આપતા જો હું આપની અર્ધાંગિની હોઉં તો''. **''સર્વા પૃથ્વી વિત્તેન પૂર્ણા સ્યાત્ કિમહં તેન કુર્યાં...યાજ્ઞવલ્ક્યો હ ઉવાચ અમૃતસ્ય ન આશા અસ્તિ વિત્તેન...સા હોવાચ મૈત્રેયી યેનાહં ન અમૃતા સ્યાં કિમ્ અહં તેન કુર્યાં યદેવ ભગવાન્ વેદ તદેવ મે બ્રૂહીતિ''** (બૃહ.ઉપ.૨।૨।૨-૩) ત્યારે યાજ્ઞવલ્ક્યે કબૂલ કરવું પડ્યું કે તું ફક્ત મારી પત્ની જ નથી પ્રિયા પણ છે. ઉપનિષદ્ નથી કહી રહ્યુ પણ મૈત્રેયીના મનમાં ભાવ હશે કે તું થૂંકે તેમાં નહીં પણ તું જમે તેમાં મને ભાગ આપ! યાજ્ઞવલ્ક્યે કહ્યું કે ''ત્રૈવર્ગિકમાં દાંપત્ય નિભાવ્યું હવે આપવર્ગિકમાં પણ દાંપત્ય નિભાવશું''. જે મર્યાદાજીવમાં પ્રભુની જ્ઞાનશક્તિ પ્રકટ થાય તેનામાં આપવર્ગિક પુરુષાર્થને માણવાની પ્રમાણ પ્રમેય સાધન ની વ્યવસ્થા પ્રકટ થાય અને તે ફળને તે માણી શકે.

**( મર્યાદયા ગુણજ્ઞાઃ )**

જેનામાં પ્રભુની જ્ઞાનશક્તિ પ્રકટ થાય તે પ્રભુના ગુણને વધારે એન્જોય્ કરતો થઈ જાય. સ્વરૂપને એન્જોય્ કરવામાં એને થોડી કનડગત હોય છે. understanding oriented વ્યક્તિને પ્રભુને માણવાનું એટલું ન ગમે. **"મર્યાદયા ગુણજ્ઞાસ્તે"** પુષ્ટિમાં પ્રભુની જ્ઞાનશક્તિ પ્રકટ થાય તો તેને પ્રભુની ગુણજ્ઞતા આવે. પ્રભુના ગુણ એને જ્યાં - જ્યાંથી જાણવા મળે તો તેને જાણશે, માણશે, ગાશે, ગવડાવશે. કારણકે એનામાં પ્રભુની જ્ઞાનશક્તિ પ્રકટ થઈ છે.

## (૩) આનન્દાંશમાંથી પ્રકટ રમણશક્તિના પ્રાકટ્યદ્વારા ફળમાં વિભિન્નતા.

**( ઐહિક / પારલૌકિક સુખ / આનન્દ )**

પ્રભુનું રમણ બન્ને પ્રકારનું હોઈ શકે—ઐહિક અને પારલૌકિક. બન્નેની ક્રિયાશક્તિમાં ફરક એટલો થયો કે (જે વ્યક્તિ) અહંતા - મમતાથી કરવામાં આવતી ક્રિયા અને તે ક્રિયાથી મળતા આનન્દને માણતો હોય છે તે પ્રવાહી જીવ છે. જેનામાં પ્રભુની આનન્દાત્મક રમણશક્તિ પ્રકટ થઈ. તે અહંતા - મમતાથી એના સુખોને નહીં ભોગવે. પણ જે કાંઈ ઐહિક - પારલૌકિક સુખ પ્રભુએ મને આપ્યું છે, મહાપ્રભુજી એ વાત શિક્ષાશ્લોકીમાં **"ભાવઃ તત્રાપિ અસ્મદીય..."** પ્રભુ મારું સર્વસ્વ છે. સર્વસ્વ છે એનો અર્થ એ નહીં કે પ્રભુસુખ ઐહિક છે જ નહીં. પ્રભુ સર્વસ્વ છે માત્ર પારલૌકિક સુખ નથી નહીં તો એવા સર્વસ્વની શી જરૂર? સર્વસ્વ છે તો ક્યાં તો આ લોકમાં હશે ક્યાં તો પરલોકમાં હશે. ક્યાંક તો હશે ને! તો આ લોકમાં મળતા જે સુખ છે તે પોતાની અહંતા - મમતાના ત્રાજવેથી નહીં તોલીને પ્રભુ જે સુખ મને આપવા માંગે છે તે મારા માટે સર્વસ્વ છે.



બૌદ્ધ પારસી ઈસાઈ યહૂદી મતમાં એક ચોખ્ખી સ્પષ્ટ ધારણા છે કે ભગવાન્ આપણને સુખ આપવા માંગે છે. તે સુખ આપણે માણવું જોઈએ, ત્યજવું ન જોઈએ. વૈરાગ્યવાદીઓને લાગે કે જે સુખ માણી રહયો છે તે સંસારી છે. ઈસ્લામ કહે છે કે "અલ્લાહે બધું જગત્ મારા માણવા માટે ઉત્પન્ન કર્યું છે."

આમાં બધું હું જ લઈ લઉં તેવું માનવું તો ઈમ્મોરલ્ થઈ ગયું, પણ તેનો પ્રપોર્શન્ સમજીએ કે મારા માટે જે પ્રકટ કર્યું છે તેને હું માણું. આનો વિવેક કેવી રીતે કરવો? **"આયાતમ્ આયાન્તમ્ અપેક્ષણીયં, ગતં ચ ગચ્છન્તં ચ ઉપેક્ષણીયં, અલં વૃથા ખેદન-મોદનાભ્યામ્ યદ્ અસ્મદીયં ન હિ તત્ પરેષામ્"** જે માણસ સમજદાર છે તેનો સુખ ભોગવવાનો અભિગમ કેવો હોય? જે મારી પાસે ભોગવવામાટે આવી ગયું છે તેની હું અપેક્ષા રાખીશ. જે ગયું કે જઈ રહયું છે તેની ઉપેક્ષા કરીશ. રડવાથી કે હસવાથી શું હાનિ-લાભ થશે? ભાગવતકાર પણ આ બાબતમાં સુંદર ગાઈડલાઈન્ આપે છે. **"યત્ પૃથિવ્યાં વ્રીહિયવં હિરણ્યં પશવઃ સ્ત્રિયઃ યતો નૈકસ્ય પર્યાપ્તમ્ ઈતિ મત્ત્વા શમં વ્રજેત્** ( ભાગ.પુરા.૯।૧૯।૧૩ ) ની વ્યાખ્યા એમ કરી શકાય **"યતો નૈકસ્ય પર્યાપ્તં સ્વાર્જિતં નિર્મમો ભજેત્"**. આ પૃથ્વીમાં ધનધાન્ય પશુ સ્ત્રી બધું જ ક્યારે પણ એક વ્યક્તિને મળી શકતા નથી, મળી શક્યા નથી અને મળી શકવાના નથી. જે તમને મળ્યું છે તેને તમે રેલિશ્ કરો. વ્યર્થનો અહં - મમ રાખ્યા વિના. ઐહિક - પારલૌકિક સુખની હેલ્ધી રેલીશમેન્ટ્ની પ્રતિષ્ઠા છે.

ઈસ્લામ વિગેરેમાં ભગવાન્ આપણને પ્રોવાઈડ્ કરી રહયા છે. ક્રિશ્ચિઆનિટીમાં ભગવાન્નું આ પ્રોવિડેન્સ્ છે. તેથી તેને રેલિશ્ કરો. વ્યર્થમાં એને છોડવાનો ભાવ નહીં રાખો. જે તમને મળ્યું તેનો તમે નિર્મમ રેલિશ્ કરો. આ નિર્મમ રેલિશ્ કરવાથી પ્રભુની જે ક્રીડા છે તેમાં તમે ભાગ લઈ શકો છો. પોતાની અહંતા - મમતાથી

રેલિશ્ કરશો તો લોચો થશે. પણ આવી સમજ રાખીને કે કોઈ એકને બધું મળવાનું નથી પણ પ્રભુએ જે મને આપ્યું છે તેને હું રેલિશ્ કરીશ. લૌકિક સુખ ભોગવવાના અને પારલૌકિક સુખ ભોગવવાના ભાગવતમાં અનેક ઉપાખ્યાનો છે. ધ્રુવ ના પાડતા હતા પણ તેમને પ્રભુએ કહયું કે તારે રાજ્ય કરવું પડશે. ધ્રુવે કહયું કે બરાબર છે. તમે રાજ્ય આપી રહયા છો તો હું રાજ્ય ભોગવીશ, અને રાજ્ય ભોગવી લીધું. એવા એક ઉદાહરણ નહીં પણ ભાગવતમાં અનેક કથાઓમાં આ ઉપદેશને વર્ણવવામાં આવ્યો છે. મુચકુન્દને પણ મોક્ષ નહીં આપીને રાજ્ય ભોગવવાની આજ્ઞા કરી.

જૈનોને પૂછશો તો કહેશે કે આ તો રાગ-દ્વેષનો ઈશ્યુ છે. આમાં ધર્મ ક્યાં આવ્યો? ધર્મ તો સંથારા કરીને મરવામાં આવ્યો. એમની સમજ પ્રમાણે આ અધર્મ છે. પણ આપણને ભગવાનદ્વારા પ્રોવાઈડ્ સુખને ન ભોગવવું, અથવા ત્યાં વૈરાગ્ય કરવો. જૈન રામાયણમાં કહેવામાં આવ્યું છે શ્રીરામ જ્યારે સીતાજીને પટરાણીની પદવી આપવા જઈ રહયા હતા ત્યારે તેઓ જૈન દીક્ષા લઈને સાધ્વી બની ગયા! આપણે ત્યાં આ અધર્મ છે. એટલે ભગવાન્ ગીતામાં તેને વખોડે છે **''કર્ષયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમ્ અચેતસઃ માં ચૈવાન્તઃ શરીરસ્થં તાન્ વિદ્ધિ આસુરનિશ્ચયાન્.''** (ભગ.ગીતા ૧૭।૬) જાણી જોઈને પોતાના શરીરને ખતમ કરનારા, શરીરને ત્રાસ આપનારા લોકો પોતાને ખતમ નથી કરતા. તેમાં બેઠેલા મને ખતમ કરે છે. આપણે કહીએ છીએ કે જાણી જોઈને કેમ ખતમ કરો છો? મળે છે તો ભોગવો. આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં પણ ઘણા બધા એ પ્રકારના આવી ગયા છે. એક ભાઈ મને કહેતાં કે ''આપણો પુષ્ટિમાર્ગ વિરહ-ક્લેશનો માર્ગ છે. ઠાકુરજીને અનવસર કર્યા પછી ખાઈએ પીએ અને આરામ કરીએ તે પુષ્ટિભક્તિ ન કહેવાય'' તો પછી કરવું શું? તો કહે કે ''ઠાકુરજીને વનમાં ગાયો ચરાવતાં તરસ લાગી હશે એમ વિચારીને આપણે પાણી ન પીવું જોઈએ. પ્રભુને છાંયડો મળ્યો હશે કે કેમ



એ વિચારીને આપણે પંખા ન ચલાવવા જોઈએ.'' તો પછી કરવું શું? અનવસરમાં કાંઈ લઈ ન શકાય. ઉત્થાપનમાં તો લેવાય નહીં. પાછા અનવસરમાં એ જ વિરહ-તાપથી ન લેવાય. તો આપણે પણ ચાર દિવસમાં ચાલ્યા જશું. આવું પુષ્ટિભક્તિના નામે કષ્ટ ભોગવવું! તમે જૈનધર્મથી ઈમ્પોર્ટ થયેલા લાગો છો! પુષ્ટિમાર્ગમાં આવું સૂઝે છે કેમ? આવું કેમ નથી વિચારતાં કે પ્રભુને ગોચારણમાં તરસ લાગી હશે તો યમુનાકાંઠે જલ મળી ગયું હશે. વૃંદાવનમાં સારા-સારા ફળ-કંદમૂલ હશે તે અરોગીને તેમની ભૂખ પણ મટી ગઈ હશે. એવું વિચારીને આપણે પણ સુખ કેમ નહીં ભોગવવું!

તેથી જ મહાપ્રભુજી સેવાની ઈન્સ્ટ્રક્શન્‌માં ચોખ્ખી આજ્ઞા કરે છે કે **''યદ્ યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચ અતિપ્રિયમ્ આત્મનઃ યેન સ્યાન્ નિર્વૃતિઃ ચિત્તે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્''** (ત.દી.નિ.૨।૨૩૯) જે તમને ગમતું હોય,... તમારા ઐહિક-પારલૌકિકસુખને પ્રભુ સાથે ક્લબ્ કરીને માણો. તમારા ઐહિક-પારલૌકિકસુખ સાથે પ્રભુને ક્લબ્ નહીં કરો. પરણેલી કન્યાનું દહેજ સ્વીકારો પણ દહેજમાટે કન્યાને ન પરણો. આ વાત મહાપ્રભુજી શિક્ષાશ્લોકીમાં જણાવવા માગે છે **''સર્વસ્વસ્ય ઐહિકસ્ય સઃ પરલોકસ્ય તેન અયં સર્વભાવેન સર્વથા સેવ્યઃ સએવ ગોપીશો વિધાસ્યતિ અખિલં હિ નઃ''** જે ઐહિક-પારલૌકિક સુખ પ્રભુ આપવા માગે છે તેને ન જ ભોગવવું અને તેનો ત્યાગ જ કરવો એવો જડાગ્રહ પુષ્ટિમાર્ગી નથી. પ્રભુ નથી આપતો તો મસ્ત રહીશું, મળશે તો ભોગવશું. કેમકે આપણે ઐહિક કે પારલૌકિક સુખ ભોગવવા માટે પ્રભુને નથી ભજી રહયા પણ પ્રભુનું ભજન કરતાં-કરતાં આપણને કોઈ સુખ મળતું હોય તો તેને આ નિત્યલીલાનું સુખ નથી તો તેને માણવું જ ન જોઈએ એવો મહાપ્રભુજીનો અભિગમ ન હોવાથી. નહીંતર લીલા પધારતી વખતે આ વાત કેવી રીતે કહે? પ્રભુનો વિપ્રયોગ અનુભવાતો હોય તો તે સુખોપભોગ સાથે નભી શકતો નથી તેથી વિરહાનુભવાર્થ સુખ કે ગૃહ વિ.ના

ત્યાગની છૂટ છે. તેથી મિથિલાના ભક્તકવિ વિદ્યાપતિ ખૂબ જ ભાવવાહી શબ્દોમાં ગાય છે **"આનન ભેલ વિષમ સર રે ભૂષણ ભેલો ભારી. સપનહું હરિ નહીં આએલ રે ગોકુલ ગિરધારી. એક સારી ખડી કદમ તર રે પથ હેરથી મુરારી. હરિ બિન હૃદય દગધ ભેલો રે ઝામર ભેલે સારી".**

**"ભાવસ્તત્રાપ્યસ્મદીય:"** શિક્ષાશ્લોકી એ મહાપ્રભુજીનું પુષ્ટિમાર્ગીઓ માટે વિલ્ છે. જેને પણ પુષ્ટિમાર્ગમાં આવવું હોય તેને આ વિલ્ની રુએ ઉત્તરાધિકાર મળે છે. "મારો ભાવ આ છે કે પ્રભુ મારો સર્વસ્વ છે." તેથી આપણું ઐહિક સુખ અને પારલૌકિક સુખ તેને કારણે છે. સર્વભાવથી પ્રભુને સર્વસ્વ માનીને પોતાનું ઐહિક અને પારલૌકિક સુખને પ્રભુની સાથે ક્લબ્ કરીને રેલિશ્ કરવાનો તમારો ભાવ હોય તો તમે પુષ્ટિમાર્ગી છો. આ જો ભાવ ન હોય તો પુષ્ટિમાર્ગમાં તમે બહિર્મુખ છો. તમારા દેહ અને ચિત્ત ને અજગર ગળી જાય તેમ કાળ ગળી જવા તૈયાર બેઠો છે. મહાપ્રભુજી બહુ હેલ્ધી એટીટ્યુડ્ આપણને સમજાવવા માગી રહયા છે. પ્રભુ જે આપે તે પ્રભુની લીલા સમજીને માણવું તે પુષ્ટિમાર્ગ છે. પ્રભુના પ્રસાદરૂપે માણવું તે પુષ્ટિમાર્ગ છે. આનો વિચાર કરીશું તો મહાપ્રભુજીનો ફળસંબંધી વિચાર ક્લીયર્ થશે.

ખરેખર પ્રભુને મેળવવાનો વિપ્રયોગ જાગે અને રડતા હોવ તો સારી વાત છે પણ કથા કહેવાના દરમિયાન જાણી જોઈને કથાને એવા મોડ્ ઉપર લઈ જવી જ્યાં રડવાનું બહાનું મળી જાય અને પછી રડવા મંડવુ તેનું નામ ભગવત્કથા નથી. એ કથા તો રોતલ કથા છે. કૃષ્ણ તો સદાનન્દ છે. **"'કૃષિર' 'ભૂ'વાચક: શબ્દો 'ણ'શ્ચ 'નિર્વૃત્તિ' વાચક: તયોરૈક્યં પરં બ્રહ્મ 'કૃષ્ણ' ઈત્યભિધીયતે."** (ગો.પૂ.તા.ઉપ.૧૧) 'કૃષ્ણ' એટલે સદાનન્દ, જે સદાનન્દ છે તેની લીલામાં સદા રડવાનું ન હોય. રડવું આવતું હોય તો રડશું પણ



**"રોયેંગે હમ હજાર બાર કોઈ હમેં રુલાયેં ક્યોં! દિલ હી તો હૈ ન સંગોખિસ્ત"** ગાલિબ કહે છે કે દિલ છે તો રડવું આવે. કાંઈ પથ્થર નથી. જાણી જોઈને રડવું તે સાચુ રડવુ નથી. આવું રડવું એ કોઈ જાતની બિમારી છે.

સૂરદાસજીની વાર્તામાં આવે છે કે ગળામાં કાંઈક અટકી ગયું તો પ્રભુએ ઝારીજીનું જલ લેવરાવ્યું છે. હવે આપણે કહીએ કે હું નહીં જ લઉં. પ્રભુ કહે હું કહી રહયો છું અને લે. તો કહે કે ના એવો અપરાધ મારાથી ન થાય. પ્રભુને કેવું લાગે? તે કહેશે મારી વાત માને નહીં તો મારો ભક્ત કેવી રીતે થઈ શકે?

મહાપ્રભુજીના ફળસંબંધી અનપોલ્યુટેડ્ વિચારને મહાપ્રભુજીની ટર્મીનોલોજીમાં સમજવાનો વિચાર આપણે કરવો જોઈએ.

**(સાલોક્યાદિ મુક્તિ)**

મર્યાદામાં જોઈએ તો ભગવાનની આનન્દાત્મિકા શક્તિ ફોર્સફુલી પ્રકટ થતી હોય તે પ્રભુના સાલોક્ય સારૂપ્ય સાર્ષ્ટિ સામીપ્ય એકત્વ સાયુજ્ય વિગેરે મુક્તિની લીલાના પ્રકારો છે. તે મુક્તિના પ્રકારો તેને સેટીસ્ફાય્ કરતાં હોય છે. ભીતર મર્યાદાનું ઈન્ક્લીનેશન્ છે અને પ્રભુની આનન્દાત્મિકા શક્તિ એનામાં પ્રકટ થઈ છે. તે પ્રભુની સંસૃતિની લીલાને માણી નથી શકતો પણ પ્રભુની મુક્તિલીલાને માણવા તે તરત તૈયાર થઈ જતો હોય છે. પ્રભુના રમણને તે એ રીતે લે છે. અહીં પ્રભુની આનન્દાત્મિકા શક્તિ પ્રકટ થઈ છે અને જીવ મર્યાદાના નેચર્નો છે.

**(અલૌકિકસામર્થ્ય સાયુજ્યં સેવોપયોગીદેહ વૈકુંઠાદિષુ)**

જ્યારે પુષ્ટિજીવમાં પ્રભુની રમણશક્તિ પ્રકટ થાય ત્યારે મહાપ્રભુજી

સેવાફલમાં કહે છે **"સેવાયાં ફલત્રયં:અલૌકિકસામર્થ્યં સાયુજ્યં સેવોપયોગીદેહો વૈકુંઠાદિષુ"** માં મહાપ્રભુજીએ ખુલાસો કર્યો છે. **'અલૌકિકસામર્થ્ય'** એટલે કોઈ એવું સામર્થ્ય કે પ્રભુ ભલે વૈકુંઠમાં બિરાજતા હોય પણ તમે પ્રભુને અહીંયા રેલીશ્ કરી શકો. so to say તમારી સામે સાક્ષાત્ પ્રભુ પ્રકટ ન થયા હોય, તમારી આંખો કહેતી હોય કે ધાતુનો છે, પથ્થરનો છે. તો પણ શું? તમે તેને સાક્ષાત્ અનુભવી શકતા હોવ તે તમારું અલૌકિકસામર્થ્ય. તે લૌકિકસામર્થ્ય નથી. પ્રભુ આ રૂપના માધ્યમથી તમને અલૌકિક અનુભવ કરાવી શકતા હોય તે તમારું અલૌકિકસામર્થ્ય છે. કેમકે તમે આંખેથી જોતાં તે ધાતુ ચિત્ર કે પથ્થર ના સ્વરૂપની સેવા કરી રહયા છો. પણ તમારું એક્સેપ્ટન્સ, તમારું રેલીશ્મેન્ટ્, તમારો એની સાથેનો એપ્રોચ્ અને ઈન્વોલ્વમેન્ટ્ ધાતુ પથ્થર કે ચિત્ર ની બાબતમાં પણ સાક્ષાત્ પ્રભુ જેવો જ છે. એવું જો તમે રેલિશ્ કરી શકતા હોવ તો પ્રભુની રમણશક્તિ તમારી ભીતર પ્રકટ થઈ ગઈ, આ લોકમાં, ભૂતલ ઉપર. **"ભગવાન્ એવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ"** હવે જો કોઈ એમ કહે કે સાક્ષાત્ તો પ્રકટ થયા નથી આતો પથ્થર ધાતુ ની મૂર્તિ છે, ચિત્ર છે, વસ્ત્ર છે, તો આવું કોને સમજમાં આવે? જે પુષ્ટિજીવ ન હોય તેને. જેનામાં પ્રભુની રમણશક્તિ પ્રકટ નથી થઈ તેને આવું સમજમાં આવે. તેનું ઉદાહરણ જ્યારે બાળક નાના - નાના વાસણો લઈને રમે અને ખાલીખમ થાળીવાટકામાં જમવાની રમત પણ કરે છે. ત્યારે બાળકમાં જે રમવાની શક્તિ છે તેના કારણે તે તેમાં ખોવાઈ જાય છે જોકે રમવાના ખાલી વાટકામાં ખાદ્યપદાર્થ કાંઈ પણ ન હોય! એવી પુષ્ટિજીવની પ્રભુ સાથે સેવામાં એવી રમણશક્તિ પ્રકટ થતાં તેને અલૌકિકસામર્થ્ય પ્રકટ થાય. અલૌકિકસામર્થ્ય થતાં પ્રભુ એ રમતનો સ્વાદ લેતાં થઈ જાય. **'સાયુજ્ય'** એટલે પ્રભુમાં લીન થવું. **'સેવોપયોગીદેહવૈકુંઠાદિષુ'** એટલે જ્યાં સુધી ભૂતલ પર છીએ ત્યાં સુધી જ સેવા કરવા મળશે પછી નહીં, એવી વાત નથી. ભાવ દઢ હોય તો દેહ છૂટ્યા



પછી આપણને એવો જ દેહ મળશે જેથી આપણી પ્રભુસેવા સતત ચાલુ રહે. તેનું નામ પુષ્ટિજીવમાં પ્રભુએ પ્રકટાવેલી રમણાત્મિકા શક્તિ.

મહાપ્રભુજીના સિદ્ધાન્ત મુજબ ફળનો સીનેરિયો આ જાતનો છે. આના બધા જ પાસા અહીં સંકલિત નથી કર્યા. ફલાધ્યાયનો એક પેરોનોમીક્ વ્યૂ આ રીતે જોઈ શકીએ.

**( પ્રમાણસાધ્ય-પ્રમાણસિદ્ધ-પ્રામાણિક સિદ્ધાન્ત )**

ફલના વિચારનો આખો સ્પેક્ટ્રમ્ જોયો. આપણી પાસે જે પ્રમાણ (પોતાના બંધારણ મુજબ બધાનાં સોર્સ્ ઓફ્ નોલેજ્ અલગ અલગ હોય છે) હોય તેનાથી જે વસ્તુ સિદ્ધ થતી હોય તેને **'પ્રમાણસિદ્ધ'** કહેવાય છે. પ્રમાણથી સિદ્ધ હોવું અને પ્રમાણથી કોઈકને સાધ્ય માનવું તેમાં અન્તર કેટલું?

વૃક્ષ કાપવા જઈએ તો તે વૃક્ષ કોઈ જાતનો ઝેરી ગૅસ છોડે છે. જે કાંઈ ભયાનક છે તેની નિશાની આપે જે બીજા ઝાડને મળે છે અને તેને પણ ભયની જાણ થાય છે. ઝાડ એકબીજા સાથે માહિતીની આપ - લે કરે છે. પહેલાં વૈદ્યો નાડી જોઈને રોગનું નિદાન કરતાં પણ આજે ડૉક્ટરો નાડી જુએ છે પણ તેનાથી સચોટ નિદાન કરતાં નથી હોતાં. તો ત્યાં નાડીવિજ્ઞાન પ્રમાણ નથી.

આપણી પાસે પ્રમાણની જે માહિતી છે તે 'આ તો આમજ' હોય અને તેમ નક્કી થાય ત્યારે પ્રમાણસિદ્ધ થયેલું ગણાય. તેમ સિદ્ધ ન હોય પણ એમ હશે એમ સિદ્ધ કરવા માંગતા હોઈએ તો ત્યારે તે **પ્રમાણસાધ્ય** છે.

પ્રમાણસાધ્યનો અન્ત પ્રમાણસિદ્ધમાં થાય, પ્રમાણસિદ્ધનો અન્ત

પ્રામાણિક સિદ્ધાન્તમાં, આ એક ઓર્ડર્ છે. જેમ હું બોલું છું તે સંભળાય છે તો તે પ્રમાણસિદ્ધ છે. પછી હું જ્યારે પૂછું કે મારા સિવાય બીજો કયો અવાજ સંભળાય છે? ત્યારે પંખા વિગેરેનો જે અવાજ સંભળાય તો તે પ્રમાણસાધ્ય.

ફલ સંબંધી સિદ્ધાન્તના બે ભાગ થાય. ૧)પ્રમાણપ્રવૃત્તિથી સિદ્ધ હોય. ૨)પ્રમાણપ્રવૃત્તિથી સાધ્ય હોય.

આ બેઝીક ભેદથી જ મહાપ્રભુજી પોતાની સિસ્ટમ્‌ને ઓર્ગેનાઈઝ કરે છે. ૧.**"વેદા: શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હી સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ ચતુષ્ટયમ્"** (ત.દી.નિ.૧૭) આ ચાર પ્રમાણોને સ્વીકાર્યા પછી જ્યારે થિયરી વ્યવસ્થિત સમજમાં આવે ત્યારે ૨.કેવળ ચાર જ નહીં પણ જેટલા પણ આર્ષગ્રન્થો છે તે બધા જ પ્રમાણ છે. ચાર પ્રમાણ, આર્ષગ્રન્થોનું પ્રમાણ, પ્રમેયનું સ્વરૂપ, સાધનાનાં સાધનો, ફલનું સ્વરૂપ, આ બધું સમજમાં આવે પછી જ્યારે ૩.બ્રહ્‌માનુભવ થવા માંડે. બ્રહ્‌માનુભવ થાય પછી કોઈ પણ શબ્દ પ્રમાણ છે. ચાહે તે કુરાન જૈન બૌદ્ધ ક્રિશ્ચિયન પ્રમાણ હોય. જે આપણાથી વિરુદ્ધ છે તે પણ પ્રમાણ છે. બ્રહ્‌માનુભવ પછી બધાં જ શબ્દો બ્રહ્‌મ છે. વાણી પણ બ્રહ્‌મ છે. બૃહતી (બ્રહ્‌મનો નારીવાચક શબ્દ) વાણી માટે વાપરવામાં આવ્યો છે. બ્રહ્‌મ અને વાણી નો એક વિશિષ્ટ ગુણ એ છે કે તે બન્ને સ્વપરપ્રકાશક છે. સ્વપ્રકાશક અને પરપ્રકાશક છે પ્રકાશની જેમ. આપણા માટે તો બ્રહ્‌મનો પ્રકાશ પણ વાણી જ કરી રહી છે. બ્રહ્‌મ પોતે નથી કરી રહયો. વાણી કહે છે **"યદ્ વાચા અનભ્યુદિતં યેન વાગ્ અભ્યુદ્યતે તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ નેદં યદિદમ્ ઉપાસતે."** (કેન.ઉપ.૧૪) જેને વાણીથી સરખી રીતે કહી શકાતું નથી, જેના કારણે વાણી સરખી રીતે સમજમાં આવી રહી છે તેને તું બ્રહમ જાણ. તને જે સમજાય છે તેને તું બ્રહમ નહીં જાણ. સાક્ષાત્



બ્રહ્મના માટે પણ એવું કહેવામાં આવ્યું છે કે **"યો અસ્યાઃ અધ્યક્ષઃ પરમે વ્યોમન્ સો અંગ વેદ યદિ વા ન વેદ"** (ઋક્.સંહિ.૧૦।૧૨૯।૭) એટલે બ્રહ્મ અને બૃહતી સ્વપરપ્રકાશન જ્યારે કરતા હોય તેમાં બન્નેનું અમાપ હોવું પણ પ્રકટ થાય છે.

બ્રહમનો યુનિક્ કન્સેપ્ટ્ આપણા શાસ્ત્રો પાસે છે. આપણે બોલી શકીએ છીએ અને વાણી જેના કારણે સરખી રીતે સમજાય છે તે બ્રહમ. તે વાણીના લીધે સમજમાં આવે છે. જેમકે રીફ્લેક્શન્ આપણું પોતાનું છે એમ આપણે સમજી શકીએ છીએ પણ રીફ્લેક્શન્‌ને કારણે આપણી જાતને ન સમજી શકાય. નહીંતર ડાબુ જમણું થઈ જાય અને જમણું ડાબુ થઈ જાય.

તેથી શંકરાચાર્યજીએ તેવું તારણ કાઢ્યું કે વાણીથી જે ગોચર થાય તે બ્રહમ નથી. મહાપ્રભુજી કહે છે વાણીથી બ્રહમ ગોચર નથી કારણકે બ્રહમ સ્વયંપ્રકાશિત છે પણ તે પોતે વાણી બન્યો હોવાથી વાણીથી તેનો આંશિક પ્રકાશન તેના સ્વયંપ્રકાશ હોવાના ગુણને કેંસલ્ નથી કરતું. વેદાન્તદેશિક કહે છે **"અવાચ્યં વાચ્યમ્ ઈતિ વા વસ્તુનિ પ્રતિપદ્યતે વાચ્યમેવ ભવેદ્ વસ્તુ વાચ્યાવાચ્યવચોન્વયાદ્"** . દરેક વસ્તુ વાચ્ય હોય છે તેથી વાણીથી કહી શકાય છે. અવાચ્ય કહો છો તે પણ વાણીથી કહો છો ને! વાચ્ય કે અવાચ્ય વાણી વગર કહી શકાતું નથી.

બ્રહમ પોતે વાણીરૂપે પ્રકટ્યો છે. વાણીરૂપે પ્રકટતો બ્રહમ પોતે સ્વપ્રકાશિત છે તેથી વાણીથી સમજી શકાય છે. તેથી શ્રુતિ કહે છે **"યદ્ વાચા..."** આ શ્રુતિ બ્રહમ અવાચ્ય છે તેવું નહીં પરન્તુ એવું કહેવા માંગે છે કે આપણે વાણીનો ઉપયોગ કરીએ તેમાં કાંઈક મર્યાદા આવતી હોય છે. પણ વાણી જ્યારે આપણો ઉપયોગ કરે તેમાં કોઈ મર્યાદા નથી. લૌકિક બાબતોમાં વક્તા વાણીનો

ઉપયોગ કરી શકે ત્યારે વાંધો ન આવે પરન્તુ જ્યારે વાણી વક્તાનો ઉપયોગ કરે ત્યારે પ્રોબ્લેમ્ થાય છે.

એક મુવી હતું. તેમાં કેટલાક અમેરિકન સૈનિક, જર્મન સૈન્યમાં ભળી જાય છે. તેમાંથી તેમને અલગ તારવવા માટે જર્મનો ભાષાનો ઉપયોગ કરીને અમુક અમેરિકન સૈનિકોને ઓળખી જાય છે. પરન્તુ તેના મુખ્ય અભિનેતાને તેઓ પકડી શકતાં નથી. અન્તમાં બૉર્ડર્ ક્રોસ્ કરતાં પહેલાં બસની લાઈનમાં ઉભા રહેલા અભિનેતા ઉપર શંકા જતાં જર્મન સૈનિક તે અભિનેતાને અમેરિકન પદ્ધતિથી 'ગુડ્બાય્' કહે છે. અને અભિનેતાથી તે જ રીતે 'ગુડ્બાય્'ની અભિવ્યક્તિ થઈ જાય છે. તેનાથી તે અમેરિકન સૈનિક છે તેવું નક્કી થાય છે. આમ વાણીએ જ્યારે તેનો ઉપયોગ કર્યો ત્યારે પ્રોબ્લેમ્ આવે છે.

હવે આપણે જોઈએ કે જો ચાર જ પ્રમાણ હોય તો આંખોથી જોઈએ, કાનથી સાંભળીએ, હાથેથી પ્રભુના શૃંગાર કરીએ તો આ આંખ કાન સ્પર્શ બધાંને અપ્રમાણ માનવા? બ્રહ્મ વાણીથી પ્રકટ થવા માંગે છે તો સંતાડી શકાતું નથી. તેને કોઈ મર્યાદા ...નથી. આપણે કહેવા જઈશું તો નહીં કહી શકીએ. પણ બ્રહ્મે પોતાની જાતને રીવીલ્ કરવા માટે વાણીનું રૂપ પોતે ધારણ કર્યું છે. એ વાણીના ત્રણ લેયર્ મહાપ્રભુજી બતાવે છે. મહાપ્રભુજી કહે છે કે બ્રહ્મને તમે નથી સમજ્યા તો વાણીને ક્યાંથી સમજી શકશો? વાણીથી બ્રહ્મનો પ્રકાશ થઈ ગયો પછી બધા જ શાસ્ત્રો પ્રમાણ છે. બ્રહ્મ સમજાયો પણ અનુભવાયો નથી તો બધાં શાસ્ત્રો પ્રમાણ નથી પણ અનુભવમાં આવ્યાં પછી બધું જ પ્રમાણ છે. શાસ્ત્રો તો ઠીક પણ પાગલ માણસની વાણી પણ પ્રમાણ છે. તેથી કોઈ પણ પ્રકારની ફલ-સાધનનું વર્ણન કરનારી વાણી પણ ત્યારે તમારે પ્રમાણ તરીકે સ્વીકારો તો જ તમને સમગ્ર બ્રહ્માંડ તમારા



સેવ્યસ્વરૂપની લીલા તરીકે અનુભવાશે, તમારા સેવ્ય સ્વરૂપ પ્રત્યેના પ્રેમાસક્તિવ્યસન કે નિરોધભાવ ને ખંડિત કર્યા વિના.

પ્રમાણની સિસ્ટમ્માં ત્રણ વાત છે, તો **પ્રમાણસાધ્ય, પ્રમાણસિદ્ધ અને પ્રામાણિકસિદ્ધાન્ત** પણ ત્રણ ત્રણ થશે. આ આખો સ્પેક્ટ્રમ્ ફલવ્યવસ્થાનો છે. આમાં બ્રહ્મસૂત્રના ફલાધ્યાયમાંથી પુષ્ટિમાર્ગીય ફલની જ વાત અહીં લીધી છે.

(ચાર્ટ)

ફલસમ્બન્ધિવાલ્લભવેદાન્તનો સિદ્ધાન્ત

**પ્રમાણસાધ્ય**

↓

**પ્રમાણસિદ્ધ**

↓

**પ્રામાણિકસિદ્ધાન્ત**

**(પ્રમાણવ્યવસ્થાની થ્રીટાયર સિસ્ટમ)**

**પ્રારંભમાં પ્રમાણ ચતુષ્ટય**

↓


**બધાંજ આર્ષગ્રન્થો**

↓


**બ્રહ્મજ્ઞાન સિદ્ધ થાય ત્યારે શબ્દમાત્ર પ્રમાણ**


આ મહાપ્રભુજીની થ્રીટાયર્ સિસ્ટમ્ છે.


બ્રહ્મના અપરોક્ષાનુભવનો સિદ્ધાન્ત થિયોરિટિકલી અનુભવાતો નથી પણ accept કરી શકાય કેમકે આમાં પણ થ્રીટાયર્ સિસ્ટમ્ છે.




પુષ્ટિફલ બ્રાહ્મિકફલ
તો જ વિશેષપ્રકાર છે



## ૨.ફલાનુભૂતિના પ્રકાર અને તેના કારણો

### ( ફલતા-પ્રિયતા-આત્મબોધ-વિશ્વબોધ )

### ( ફળતામાટે વૈજ્ઞાનિકોના વિચાર )

ડાર્વિન્ કહે છે કે આ પૃથ્વી પર દરેક જાતીમાં evolution ની પ્રક્રિયા શરૂઆતથી ચાલી રહી છે. every species is involved in compitition, in strugle and fittest will survive. કેમકે **"જીવો જીવસ્ય જીવનમ્"** (ભાગ.પુરા.૧૧૩૪૬) હવે તેમાં fittest કોને માનવું?. અને નેચર્ પોતે પણ કોઇક રીતે બેલેન્સ્ જાળવે છે કે જેથી નબળી જાતી પણ બચે. તો તેનો રોલ્ શું?

સમૂહ અને વ્યક્તિ (class and individual) ના સમ્બન્ધમાં પણ લેટેસ્ટ્ રીસર્ચવડે જાણવા મળ્યુ છે કે individual ક્યારેક જાતિ માટે મરવા તૈયાર થાય છે ક્યારેક નથી પણ થતા. ઉદા:પેન્ગ્વીન્ સમુદ્રમાં માછલી પકડવા જાય તેમને ત્યાં sealion હોય તે ખાઈ જાય. તેથી જ્યારે પેન્ગ્વીન્ ભુખ્યા હોય ત્યારે એક બીજાને સમુદ્ર તરફ ધકેલે જેને ભુખ વધારે લાગી હોય તે સમુદ્રમાં જાય અને જો તેનાપર sealion હુમલો ન કરે તો બધા પેન્ગ્વીન્ સમુદ્રમાં માછલી પકડવા જાય.

Richard Dawkin says "cell themselves want to survive. cells are selfish. therefore cell wants to survive → bodypart wants to survive → body wants to survive → spieces want to survive."

### ( ફલતાનો પ્રાથમિક આધાર પ્રિયતા )

ઉપનિષદ્ કહે છે કે **"ન વા અરે સર્વસ્ય કામાય સર્વે પ્રિયા



ભવન્તિ આત્મનસ્તુ કામાય સર્વે પ્રિયા ભવન્તિ"** આત્મામાં રહેલી પ્રિયતા અવિદ્યાથી શરીરમાં પછી કુટુંબમાં પછી ગામ-દેશ-વિશ્વમાં.

કોઈ પણ ફલની ફલતા તે ફલ આપણને ગમતું હોય તો જ લાગે. બાકી ન ગમે તો તેજ વસ્તુ કરવી અત્યાચાર torture લાગે. ઉદા : અંગ્રેજી ભાષા કે વિદેશીરાજ્ય, પરન્તુ ઘણી વાર પહેલા સખત અવરોધ થાય પરન્તુ પાછળથી ફોર્સફુલી કરાવતા ધીરે ધીરે તેજ વાત ગમવા પણ લાગે. ઉદા : પાલતુ જાનવરને ઘરમાં પાળવા જતાં પહેલા resistance પાછળથી તેમને forcefull ઘરમાં રહેવું પણ ગમવા લાગે. ઘણીવાર બહાર છોડી દેવામાં આવે તો પણ પાછા આવી જાય. **કોઈપણ સંજોગો ફલતા ગમતું હોય ત્યાંજ.** રાજ્યપદ પણ ગમતું હોય તેને રાજા બનાવો તો ગમે નહીં તો રાજા બનવું પણ ન ગમે.

### ( પ્રિયતાનો આધાર અહંતા/આત્મબોધ )

પ્રિયતાનો આધાર પરંતુ પોતે પોતાને શું માને છે એટલેકે અહંતા પર હોય છે. પરન્તુ પોતે શું છે તે elastic છે. શ્રીશંકરાચાર્ય કહે છે **"ન ભૂમિર્ ન તોયં ન તેજો ન વાયુર્ ન ખં નેન્દ્રિયં વા ન તેષાં સમૂહઃ અનેકાન્તિકત્વાત્ સુષુપ્ત્યેકસિદ્ધઃ તદેકોઽવશિષ્ટઃ શિવઃ કેવલોઽહમ્"** (દશશ્લોકી.૧). તેમને દેહેન્દ્રિયમાં અહંતા - પોતાપણું નથી લાગતું તેથી તેમને દેહેન્દ્રિયથી છૂટવું જ ફળરૂપ લાગે છે. આની વિરુદ્ધમાં ચારવાક માને છે **"યાવજ્જીવં સુખં જીવેત્...ઋણં કૃત્વા ઘૃતં પિબેત્ ભસ્મીભૂતસ્ય દેહસ્ય પુનરાગમનં કુતઃ"** તેમને મતે જીવતા જ દેહેન્દ્રિયથી ભોગવેલું ફળ જ ફળ લાગે. પરન્તુ અહંતા - selfawerness is not steady but fluctuating phenomenon. જેમ શ્રીશંકરાચાર્ય એક જગ્યાએ કહે છે કે "સ્ત્રીઓમાં બેસી શૃંગારની ચર્ચા કરું, જ્ઞાનીઓ સાથે જ્ઞાનની ચર્ચા કરું, વૈષ્ણવો સાથે બેસી વિષ્ણુભક્તિ કરું, શૈવો સાથે બેસી શિવભક્તિ કરું". આમ જોઈએ તો selfawerness

is most fluctuating from time to time, place to place. what are you cannot be answered in a simple way. According to mahaprabhuji selfawarness is a pulsating feeling. જેમ અક્રુરજી કૃષ્ણને મથુરા પધરાવી જવા આવ્યા એ વાત ગોપીઓએ સાંભળી ત્યારે તેમણે નક્કી કર્યું કે **"નિવારયામ સમુપેત્ય માધવ કિં નો કરિષ્યન્ કુલવૃદ્ધબાન્ધવાઃ"** (ભાગ.પુરા.૧૦ા૩૯ા૨૮) પણ રથમાં પ્રભુ બીરાજ્યા ત્યારે બોલી ન શક્યા અને પ્રભુ પધાર્યા ત્યારે જોતાંજ રહી ગયા. **"લેખ્યાનીવોપલક્ષીતાઃ"** (ભાગ.પુરા.૧૦ા૩૯ા૩૬) અને જ્યારે ફરી મળ્યા ત્યારે કહ્યું નહીં કે "ગોકુલ આવો" પરન્તુ કહ્યું જ્યાં રહીયે ત્યાં તને સ્નેહ કરતા રહીયે. **"આહુશ્ચ તે નલિનનાભ પદારવિન્દં...ગેહઞ્જુષામપિ મનસ્યુદિયાત્ સદા નઃ"** (ભાગ.પુરા.૧૦ા૮૦ા-૪૯). (આમ અહંતા/આત્મબોધ બદલાતા રહે તેમ ફળતા પણ બદલાતી રહે છે.)

### (અહંતાનો આધાર વિશ્વબોધ)

કોઈ પણ આત્મબોધ વિશ્વબોધ વિના નથી થતો. શાંકરમત જગત્ને મિથ્યા માને છે તેથી તેમને ફળ તેમાં લાગે છે કે જગતનું જે થવાનું હોય તે થાય પણ આત્માનો ઉદ્ધાર કરો. જૈનમત આત્મકૈવલ્યવાદી છે તેથી તેનો ગોલ્ આત્મોદ્ધારનો જ છે. પુષ્ટિમાર્ગમાં આપણે પોતાને "દાસોઽહમ્" માનીએ છીએ તેથી આપણને લાગે છે કે જે પણ થાય મારે તો ભગવત્સેવા જ જોઈએ છે.

### (ભક્તિ અને જ્ઞાન માં ફલતા)

ભક્તિ અને જ્ઞાન માં અન્તર એ છે કે જ્ઞાનમાર્ગી માત્ર આત્મોદ્ધાર ચાહે છે જ્યારે ભક્ત તો દારાગારપુત્રાપ્ત બધાનું સમર્પણ કરીને ભક્તિ કરવા ચાહે છે તેથી આ ભક્તિવડે **"પરિજનાશ્ચ કૃતાર્થા ભવન્તિ"**. ભાગવત એક વિશિષ્ટદૃષ્ટિ આપે છે **"મન્યે અસુરાન્ ભાગવતાન્ ત્ર્યધિશે સંરમ્ભમાર્ગાભિનિવિષ્ટચિત્તાન્"** (ભાગ.પુરા.૩ા૨ા૨૪). ભાગવત



કહે છે કે અસુરો તો ભાગવત છે કારણકે ભગવાન્ની જે કાંઈ લડવાની ઈચ્છા હોય છે તેથી અસુરો જ ભગવાન્ના વીર્યગુણને સરખો રિસ્પોન્સ્ આપી શકે. જેમ ભક્તોમાં પણ ભીષ્મ એવા હતા જે ભગવાન્ સાથે લડતા હતા ભગવાન્ને હરાવવા તેમની પ્રતિજ્ઞાની સામે પ્રતિજ્ઞા કરતા હતા અને પાછા ભક્ત પણ હતા એવા કે ભગવાન્ કહે છે કે મારૂં સ્વરૂપ સાચું સમજવું હોય તો ભીષ્મ પાસે જાવ. ભીષ્મમાં ભગવાન્ માટે કાચ જેવી પારદર્શકતા હતી.

### (સર્વાત્મભાવ અને ફલ)

બ્રહ્મવાદ મુજબ ભક્તિનું sumombonum સર્વાત્મભાવ છે. ભક્તિની સર્વોચ્ચ અવસ્થા સર્વાત્મભાવ છે. તમારો આત્મભાવ અખિલબ્રહમાણ્ડમાં. તે જાતનો સર્વાત્મભાવ હોય તો સર્વત્ર પ્રિયતા પ્રકટ થાય. જેને ભાગવતમાં ભગવાન્ કહે છે **"અહં આત્મા આત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિર્ યત્કૃતે પ્રિયઃ"** (ભાગ.પુરા.૩ા૯ા૪૨).

સર્વાત્મભાવ v/s સર્વનૈરાત્મ્યભાવ નો વિચાર કરતાં તેની દૃષ્ટિએ જોતાં શૂન્યવાદમાં સર્વાત્મભાવ માફક આવે નહિં.

આત્મા પ્રિય છે તેથી દેહપ્રિય છે તેથી ઘર પ્રિય છે તેથી નિજલોક પ્રિય છે. ફલત્વના પાયામાં આ વાત રહેલી છે. જ્ઞાનીને તો આત્મામાંજ આત્મબોધ થાય છે પણ ભક્તને તો **"સર્વેન્દ્રિયૈઃ તથા ચ અન્તકરણૈઃ આત્મનાઽપિ હિ બ્રહમભાવાત્ તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે"** (ત.દી.નિ.૧૫૧). (compare with Dawkin : every cell wants to survive therefore it reproduces it self. cell નક્કી કરે તે જ જાતનું culture.)

There is tremendous verity in regarding fal in vallabh philosophy. ઉદા: સેવાફલ મુજબ ફલ અલૌકિકસામર્થ્ય, સાયુજ્ય કે

સેવોપયોગીદેહ વૈકુણ્ઠાદિમાં. મહાપ્રભુજીના અનુસાર ભક્તિ કૃષ્ણમાં સ્નેહ કરતો કરે છે ને જો દેહભાવ દઢ ન હોય તો ભક્તિ જ સાયુજ્ય કરાવી દે છે. **"દેહભાવે દઢેતુ ભક્તાનાં કૃષ્ણદાસતા સાયુજ્યં વા અન્યથા"** (ત.દી.નિ.૩।૯।૭૦). આ સૃષ્ટિ ભગવાન્‌ની લીલા છે તેથી પ્રવાહમાર્ગમાં પણ પ્રલય થાય ત્યારે ફળની બાબતમાં મહાપ્રભુજી કહે છે **"કૃષ્ણસ્ય આત્મરતૌ તુ અસ્ય લયઃ સર્વસુખાવહઃ"** (ત.દી.નિ.૧૨૪).

જેવી તમારી Selfawereness તેવી રીતે કૃષ્ણ તમારી સાથે interact કરે છે. તેથી જ ભાગવત કહે છે **"મલ્લાનામ્ અશનિઃ નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્ ગોપાનાં સ્વજનો અસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ..."** (ભાગ.પુરા.૧૦।૪૦।૧૭) શ્રીમહાપ્રભુજી આત્મબોધના ભેદ માને છે. આ પ્રભુએ વરણ કરેલો બીજભાવ આત્મબોધ બને છે. જેમ ગાયને ઘાસ ગમે છે રસગુલ્લા નહી. વાલ્લભવેદાન્ત આખા જગતને બ્રહમની આત્મલીલા તરીકે જોવાનું સમજાવે છે. આમ વિચિત્ર વિવિધતામાં પણ ફલભેદની intigrity મહાપ્રભુજી સિવાય કોઈ એ આટલી maintain નથી કરી.

**સર્વાત્મભાવ ફળની દૃષ્ટિથી સાધન અને સાધનની દૃષ્ટિથી ફળ છે.**


રાસમાં પ્રવેશ પ્રિયતમભાવને કારણે નહીં પરન્તુ સર્વાત્મભાવવાળાને મળ્યો છે. Dawkin "cell is selfish" કહે છે કારણકે તેમના પાસે શબ્દ નથી આપણે ત્યાં ઉપનિષદ્ 'આત્મરતિ' કહે છે. પોતાના આત્મભાવનું selfishnessની માફક extention કરી શકો છો. તમે તમારી આત્મરતિનો અનુભવ ક્યાં કરો છો? તેના ઉપર ફળતાનો નિર્ધાર કરી શકાય. મહાપ્રભુજી ભક્તિની વ્યાખ્યા આપે છે **"મહાત્મજ્ઞાનપૂર્વસ્તુ સુદઢ સર્વતોઽધિક સ્નેહો ભક્તિઃ ઈતિ પ્રોક્તઃ"** (ત.દી.નિ.૧૪૨). માહાત્મ્ય - wide angle દેખાડે છે જ્યારે સુદઢ સર્વતોધિક સ્નેહ concentration કરાવે છે.



ભૂમા પુલિંગ અને ભૂમિ સ્ત્રીલિંગ છે. જેમ ભૂમિ બધી વસ્તુઓની આધાર છે તેમ ભૂમા બધી વસ્તુનો આધાર છે. પણ એ આધાર નથી દેખાતો અને બધી વસ્તુઓ દેખાય છે. જો ભૂમાનો અનુભવ થાય તો દરેક વસ્તુ તેનો ભાગ છે એમ લાગશે. બલીરામજીએ એક સરસ વાત કહી હતી કે કોઈ વ્યક્તિએ બનારસમાં રીક્ષાનું ભાડુ પુછ્યુ રીક્ષાવાળાએ કહયું કે સામાન સાથે આટલા અને સામાન વગર આટલા. તો તે વ્યક્તિ પોતાના માથા પર સામાન લઈને બેઠો કહેકે સામાન તો મેં ઉઠાવ્યો છે તેથી સામાન વગરનું ભાડુ આપીશ...! પણ ભાર તો રીક્ષાએ જ ઉપાડ્યો ને! એમ દરેક વસ્તુનું મૂળ ભૂમા છે. આપણી સુખ-દુઃખની અનુભૂતિનો આધાર ભૂમા છે. જો ભૂમાનું સુખ અનુભવીએ તો દરેક સુખ એના પાર્ટરૂપે જ લાગશે. ઉપનિષદ્ કહે છે **"યો વૈ ભૂમા તત્સુખં નાલ્પે સુખમ્ અસ્તિ ભૂમૈવ સુખં ભૂમા ત્વેવ વિજિજ્ઞાસિતવ્ય"** (છાન્દો.ઉપ.૭।૨૩). શ્રીગુસાંઈજી કહે છે કે ભૂમાનો અનુભવ થાય ત્યારે ઈન્દ્રિય લૌકિકવ્યાપાર નહીં કરીને ભૂમાનો અલૌકિક વ્યાપાર કરે છે. આત્મરતિઉપર આધારિત વિષયરતિ પણ ફલાનુભૂતિમાં આત્મરતિ જ છે. જ્યારે કોઈવસ્તુ મને જોઈએ છે એ વિષયરતિ છે કામભાવ છે. કોઈ વસ્તુ હું જ છુ તેથી ગમે તે આત્મરતિ છે.

ચાર્ટ :



કોઈ કાલમાં કોઈ વસ્તુ ફલ લાગે છે પણ બીજા કાળમાં નથી લાગતી. કર્મના પરિણામરૂપે ઘણુ મળતુ હોય છે તો તે નિયત ફલ થયું. ફલતા ઘણી વખત અભિલાષાના કારણે નહીં પણ સ્વભાવના કારણે અનુભવાતી હોય છે તેમ જ દેહ પરિવાર સમાજ દેશ ની નિયતિના કારણે પણ લાગતી હોય છે તેમાં અભિલષિત હોવુ જરૂરી નથી. ઘણીવાર અભિલષિત ન હોય તો પણ નિયત ફળ તો મળતું જ હોય છે ઉદા : કરેલા કર્મનું ફલ.

મોર્ડન સાયકોલોજીમાં અભિલષિતના બારામાં પણ ફ્રોઈડના આવ્યા પછી આધુનિક સમયમાં અભિલાષાના પણ ત્રણ લેવલ્ માનવામાં આવ્યા છે. ૧. કોન્સિયસલેવલ્ ૨. સબકોન્સિયસલેવલ્ અને ૩.અનકોન્સિય-સલેવલ્. તેમ જ આત્મબોધના પણ ત્રણ લેવલ્ માનવા પડશે.

(બનારસહિન્દુયુનીવર્સિટીમાંથી 'હિન્દુ' નામ કાઢવાની સામે બહુ વિરોધ થયેલો, ઘણા મોરચા નિકળ્યા. પરન્તુ 'હિન્દુ'શબ્દ વેદ, ગીતા વગેરેમાં ક્યાંય નથી. તે તો સિન્ધુના બદલે હિન્દુ થઈ ગયુ. પર્શિયન ભાષામાં હિન્દુ એટલે કાળો ચોર બેઈમાન. એટલે કોઈ આપણને વારે વારે એમ ગાળો આપે તો આપણને પણ એમ થઈ ગયું કે આપણે હિન્દુ છીએ. આમ કોઈ આત્મબોધ અભિલાષાને કારણે હોય છે તો કોઈ આત્મબોધ વાતાવરણથી થતો હોય છે. જેમ કૂતરામાં નામ નથી હોતા પણ આપણે તેમને નામ આપીએ છીએ તો તેને પણ આત્મબોધ થતો હશે કે હું મોતી છું, ટોમી છું...)

અભિલાષાથી જ્યારે આત્મબોધ થતો હોય છે તેના ઘણાં બધા લેવલ્ હોય શકે પણ આપણને અભિલાષા થઈ રહી છે તે જાગતા પણ આપણને આત્મબોધ થતો હોય છે. મોર્ડન સાયન્સમાં કેટલીક સ્કુલ એવુ માને છે કે ઘણા બધા કારણે અભિલાષા થતી હોય છે તેઓ તેના ઘણા અર્થ કરે છે. drive, want, motive



physical, psycological...ઘણા પેટાવિભાગ છે. આપણને ખૂબ ભૂખ લાગી હોય ત્યારે પહેલાં હોકળાનો અનુભવ થાય પછી selfawareness નો અનુભવ થાય છે. અલિલાષાની સાથે જ આત્મબોધ સાથે જ રહે છે પણ ક્યારેક પાછળથી આવે છે. પણ દરેક અનુભવ સાથે તેના મૂળમાં અહંબોધ જોડાયેલો જ હોય છે કે 'મને' થઈ રહયો છે.

જ્યારે પણ આત્મબોધ હોય છે તે surrounding ના બોધ વગર નથી થતો. બહુ નાનુ બાળક અનુભવાતી વસ્તુ અને અનુભવ ને એક માને છે. તેમાં diffrenciate નથી કરી શકતો. આપણને પણ સ્વપ્નમાં અનુભવ કે અનુભવાતી વસ્તુ બન્ને એક છે એમ જ લાગે છે. કોઈપણ બાળક વાર્તામાં તલ્લીન થઈ શકે તેટલા આપણે થઈ શકતા નથી કારણકે તેને વાર્તા અને જેની વાર્તા તેમની વચ્ચે અંતર દેખાતુ નથી. પુખ્તતા આવવાને કારણે આપણે તે અન્તરને સમજી શકીયે છીએ પરન્તુ જ્યારે પણ critic ની દૃષ્ટિએ નહીં પણ રસિકની દૃષ્ટિએ કોઈ પણ નાટક-સીનેમા જોતાં જ તેમાં તલ્લીનતા આવે છે.

There cannot be any selfawareness without the awareness of surroundings. અહંબોધને કારણે વિશ્વબોધ છે કે વિશ્વબોધને કારણે અહંબોધ છે? કોઈ પણ surrounding નો બોધ એવો નથી કે જે selfawareness વગર હોય અને કોઈપણ selfawareness એવી નથી કે જે surrounding વિશ્વના બોધ વગર હોય.


મીમાંસાના પ્રાભાકર મતમાં અને શ્રીરામાનુજાચાર્યના મતમાં કોઈપણ પ્રત્યક્ષજ્ઞાન ત્રિપુટીપ્રત્યક્ષ હોય છે. ૧.હું જોઈ રહયો છું. ૨.શું જોઈ રહયો છું. ૩.શેનાથી જોઈ રહયો છું. હવે જ્ઞાનના વિષયની બાબતમાં પણ દર્શનોમાં ઝઘડો છે કે ૧.જ્ઞાનનો વિષય એક છે

ઉદા: આ ઝોલો . જ્યારે ૨. જ્ઞાનના વિષય અનેક છે ઉદા : ઝોલો તેના રંગ, તેની આકૃતિ વગેરે. કોઈપણ વખતે selfawareness થાય છે ત્યારે આસપાસનો બોધતો થશેજ. કે તમે ક્યાં છો. તન્મયતામાં કદાચ ભૂલી જવાય. તેમજ વિષયનો બોધ અહંબોધ વિના થાય તે પણ abnormal છે.

કોઈપણ વ્યવહારનો પાયો મારૂં જ્ઞાન reliable છે એ માનવું છે. કોઈવાર છેતરામણ થઈ જાય પણ કુદરત તેને ભૂલાવવાનું કામ કરે છે. છેતરામણ ભૂલવાનું સામર્થ્ય ન હોય તો પોતાની જાત પર વિશ્વાસ ન રહે ત્યારે વ્યવહાર મુશ્કેલ બની જાય. પણ આપણે ત્યાં બુદ્ધ અને શંકરાચાર્ય બન્ને કહે છે જે વાસ્તવિક અનુભવાય રહ્યું છે તે ઉદા : જગત્ કે આપણાં સામાન્ય અનુભવો તે unreal મિથ્યા છે અને abnormal છે એવું સામાન્યપણે અનુભવાતું નથી. નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ કે શૂન્યત્વ/બુદ્ધત્વ તેમજ ''અહં બ્રહ્માસ્મિ'' કે ''સર્વં દુઃખમ્'' નો અનુભવ તે real છે એવું પણ સામાન્યપણે અનુભવાતું નથી. જ્યારે બીજા વૈદિક આચાર્યો જે અનુભવાઈ રહ્યુ છે તેને પણ real માને છે. બુદ્ધના બોધિપ્રાપ્ત થયા બાદ થનારા બુદ્ધત્વના અનુભવમાં જો તેમને તેમના ૧૨ શિષ્યો ન અનુભવાતા હોત તો પાછળ પડીને, તેમને ન્હોતો સાંભળવો છતા પણ, કરૂણા કરીને ઉપદેશ કેવી રીતે આપી શક્યા! આમ selfawareness અને awareness of surrounding world એક બીજામાં વણાઈ ગઈ છે. તેથી આત્મબોધથી સર્વબોધ થતો હોય છે અને સર્વબોધમાં આત્મબોધ રહેલો હોય છે. આનાથી જે સર્વાત્મભાવ થતો હોય છે તેમાં મુખ્ય મુદ્દો એ છે કે સર્વાત્મભાવ કદી આત્મભાવ કે આત્મબોધ વગર હોય શકે નહીં, બન્ને એકબીજામાં નિહિત છે.



charts :




(સર્વાત્મભાવની ત્રણ અવસ્થા)

**૧. તદાદેશ :** 'તે' (પ્રભુ) બધે ઠેકાણે છે તેવો અનુભવ તદાદેશ.

**૨. અહંકારાદેશ :** બાળકની જેમ અથવા સામે ઘણાં બધા અરીસા રાખ્યા હોય તેમ 'અહં'નો જ સર્વત્ર અનુભવ કરવો તે અહંકારાદેશ.

**૩. આત્માદેશ :** આત્માને જ (આત્મા કહેતા જ 'તે' અને 'અહં' બન્ને ક્લબ થઈ ગયા) સર્વત્ર અનુભવવો તે આત્માદેશ.

સર્વાત્મભાવમાં મૂળ અનુભૂતિકર્તા અને અનુભૂતવિષય નું ઐક્ય.

આ ત્રણે variety રાસપંચાધ્યાયીમાં ભાગવતકારે દેખાડી છે. ગોપીઓ કૃષ્ણને ગોતે છે ત્યારે વૃક્ષ વગેરેને પૂછે છે, પોતે પોતાને કૃષ્ણમાનીને કૃષ્ણલીલા કરે છે વગેરે આમ કૃષ્ણની રાસલીલા એ

સર્વાત્મભાવનું demonstration છે પરન્તુ કથાકારો તેના વર્ણનમાં સર્વાત્મભાવ સિવાયની શૃંગારાત્મક વાતોનું જ વર્ણન રસપૂર્વક કરે છે અને સર્વાત્મભાવની કોઈ વાત જ નથી કહેતા હોતા જે આજકાલ પુષ્ટિભક્તિમાર્ગની tregedy છે.

સર્વાત્મભાવ એ માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ ના fluctuation નો proper responce છે. સર્વાત્મભાવ એ પુષ્ટિભક્તિનો sumombonum છે.

**( વિભિન્ન દર્શન અને સર્વાત્મભાવના મુદ્દાની ચકાશણી )**

દ્રષ્ટા અને દૃશ્ય, આત્મબોધ અને વિશ્વબોધ, ત્રિપુટીબોધ ( જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય ) કોઈપણ વિષયનો અનુભવ થતો હોય પોતાનો કે વિશ્વનો દરેક અનુભવમાં જે કાંઈ ડિફરન્સ્ છે કોસ્મોસ્ અને કેઓસ્ ના જે ભેદ છે તે નિયમ અને અકસ્માત (rule and accident) ના લીધે છે. જે ઠેકાણે જે વસ્તુને જે રીતે ધારતા ન હોઈયે અને તે ઠેકાણે તે વસ્તુ તે રીતે હોય તો અકસ્માત accident લાગે. પરન્તુ જો આપણી ધારણા મુજબ હોય ઉદા : સૂર્યોદય તો નિયમ (rule) લાગે. Rule depends upone fulfilment of expecptation and expectation depends upone repeated experience.

જર્મન ફિલોસોફર્ ઈમેન્યુલ્ કાન્ટ્ (Emanual kant) થયા તેણે theory ઘડી કે rules and accidents have their root in expectation. Expectations have root in our mental framework of time-space-order-relation. It is internal reality which we think as external reality therfore the outside truth is unknoweble. એટલે તેણે agnosticism ની થિયરી માની.

આપણને રૂપ રસ ગંધ સ્પર્શ વગેરેને માટે પાંચ ઈન્દ્રિયો આપી તો આપણને બહાર પણ તેના અનુસાર જ લાગશે. પણ



તેના સિવાય sixth sence પણ છે જેનાથી બહારની દુનિયાના પદાર્થ અનુભવાય. મહાપ્રભુજી કહે છે કે બ્રહ્મમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ તે વખતે સત્માંથી જડ, ચિત્તમાંથી ચેતન અને આનન્દમાંથી અન્તર્યામી પ્રકટ થયા. સચ્ચિદાનન્દ બ્રહ્મે કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરૂષ પણ પ્રકટ કર્યા છે.

આત્મબોધમાં કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરૂષનું cordination અલગ અને વિશ્વબોધમાં કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ-પુરૂષનું cordination અલગ. જેમ વૈજ્ઞાનિકો માને છે દરેક શરીરમાં bio-clock હોય છે અને શરીરના મોટા ભાગના કાર્યો પાણી પીવુ, જમવુ, ઉંઘ, જાગરણ સ્ફૂર્તિ, સુસ્તિ વગેરે એના અનુસાર થતા હોય છે પરન્તુ આપણા અહંબોધના કારણે આપણને એમ લાગે છે કે મારે પાણી પીવું છે. મને ભૂખ લાગી છે મારે જમવું છે. મારે સૂવુ છે. વગેરે આ બધું તો અહંકાર થી હું કરૂં તેમ થાય છે બાકી તો bio-clock ના હિસાબે જ કામ ચાલી રહયું છે. તે રીતે બહારના coordination ને આપણે ઓળખી નથી શકતા પણ સમજી તો શકીયે છીયે. જેમ ૨૪ કલાકનો દિવસ અને ૩૬૫ દિવસનું વર્ષ એ સમ્બન્ધ આપણી પૃથ્વી પર જ છે બાકી ગુરુ કે ચન્દ્ર પર કે બીજે ક્યાંય ત્યાનાં દિવસ-વર્ષ આપણા પૃથ્વી જેવા નથી હોતા. આપણી પૃથ્વી પર પણ ઉત્તર-દક્ષિણ ધ્રુવ પ્રદેશોમાં ૬-૬ મહીનાના રાત-દિવસ હોય છે. આપણા આત્મબોધના parameter દરેક બખતે કામ નથી આવતા.

સર્વાત્મભાવમાં જે અનુભવ થાય છે તેમાં બબ્બે કાલ-કર્મ-સ્વભાવ ના અનુભવ થાય છે. જેમ એક જ ફ્રેમ કે સ્ક્રીન માં બે mega scale અને micro scale ને જોઈ શકીયે તો કોઈ તકલીફ ન રહે. જે ક્ષણે આપણને સંપૂર્ણ વિશ્વનો બોધ થવા લાગે તે ક્ષણે કાંઈ પણ પ્રધાન રહેતુ નથી અહંબોધ પણ. અહંની પ્રથમતાને પ્રધાનતા માનવાની ભૂલ ન કરતા. મૂળમાંતો બ્રાહ્મિક કાળ વગેરેની અનુભૂતિની વિકૃતિ extention, result આપણો કાળ છે તેમજ કર્મ-સ્વભાવ

વગેરેમાં પણ છે.

આપણી અલગ અલગ કિંમત છે જેમ એક અમેરીકન ધર્મોપદેશકે કહયુ છે કે માણસને એક સ્વપ્ન આવ્યું તેમાં તેની જાહેર હરરાજી બોલાવામાં આવી. ચામડાનો વેપારી કહે કે આમાં ભેંસ કરતા ઓછુ ચામડું છે તેથી કિંમત ઓછી. લોખંડનો વેપારી કહે આમાં સ્ટીલના વાટકા કે ચમચા કરતાંય લોઢા જેવી ચીજ ખૂબ ઓછી છે. પરન્તુ ધર્મગુરૂએ કહયુકે આને પરમાત્માએ ધાર્મિક બનાવ્યો છે તેથી religious value વધારે છે. આપણી અલગ અલગ value તો બ્રહ્મની કેમ નહીં?

જે nano sclaleમાં આપણી ભીતર છે તેની અનુભૂતિ અહંબોધમાં કેદ છે તે અનુભૂતિ અને જેને સર્વાત્મભાવની અનુભૂતિ છે તેમાં આપણી અનુભૂતિ રદ્દ નથી થતી. સર્વાત્મભાવ એટલે ભગવાન્‌ની individual હોવા છતાંય universal અનુભૂતિ. જેમ પૃથ્વી પરથી થોડે ઉપરથી જોઈએ તો એકજ screenમાં પૃથ્વી પરના ખાડા-ખાબોચિયા પહાડ સપાટમેદાન બધું દેખાય. થોડા વધુ ઉપર તો ભૂમિ અને સમુદ્ર દેખાય છે. ઉપર અવકાશમાંથી જોતા આ બધાજ ભેદ લુપ્ત થઈ જાય છે. હવે પૃથ્વી પરના કોઈ એક જ screen પર પૃથ્વી પરનું અને ઉપગ્રહે મોકલાવેલ પૃથ્વીનું દશ્ય એમ બન્ને દશ્ય દેખાય તેવું સર્વાત્મભાવમાં થાય છે. પ્રભુનો સર્વાત્મભાવ થતા તેને અહંબોધ અને વિશ્વબોધ બન્ને થાય છે. શ્રીમહાપ્રભુજી કહે છે **"પ્રતીયેરન્ પરિચ્છેદો વ્યાપકત્વં ચ તસ્ય તત્"** (ત.દી.નિ.૧૫૪). આ બધામાં logic નહીં પણ બુદ્ધિ વાપરવાની છે. જેમ X-ray, sonography, MRI સામાન્ય રીતે જે ભીતરની વસ્તુ જોઈ નથી શકતી તેવી આપણીજ આંખથીજ આપણી ભીતરની વસ્તુ કે અવયવ દેખાડે છે. તેનામાટે આંખને અંદર લઈ જઈ જોવું નથી પડતું. શ્રીમહાપ્રભુજી કહે છે સર્વાત્મભાવ એવું સાધન છે કે જે તમારા આત્મબોધને રાખીને વિશ્વબોધ કરાવે છે. કોઈ પણ ઉત્પત્તિમાં જેમ ઈંડુ તોડીને પક્ષી બહાર આવે કે, બીજ તોડીને વૃક્ષ ઉગે છે તેમજ ઉત્પત્તિ નથી થતી ડાળીમાંથી જેમ પાંદડા ફૂટે તેમાં ડાળીને તેમજ રાખીને પાંદડા




ઉગે છે. જેમ surrealismનો ટ્રેન્ડ્ હતો. જેમકે શ્રીરામાનુજાચાર્ય પ્રભુને અતિમાનુષ કહે છે ન માનવ ન અમાનવ પણ અતિમાનુષ.

સર્વાત્મભાવ : esthetic experience. સર્વાત્મભાવ જ્ઞાનાત્મક, આનન્દાત્મક, તેમજ રસાત્મક પણ હોય શકે. રસાત્મકસર્વાત્મભાવમાં ભગવાન્ જે રસના ચોખટામાં સર્વાત્મભાવનો અનુભવ કરાવે તેમાં સર્વાત્મભાવ અનુભવાય.

ચાર્ટ : **આત્મબોધ - ભગવદ્બોધ**

## <u>આત્મબોધ</u>




## ૩. પુષ્ટિભક્તિમાર્ગમાં 'સર્વાત્મભાવ'ના સ્વરૂપનો વિચાર

**(સર્વાત્મભાવનો etymological concept)**

સર્વાત્મભાવ સાધનાવસ્થાની દષ્ટિએ ફલાવસ્થા છે અને ફલાવસ્થાની દષ્ટિએ સાધનાવસ્થા છે. તેથી સર્વાત્મભાવ સાધન છે કે ફલ છે કે ઈદં તૃતીયમ્ છે? આથી સર્વપ્રથમ સર્વાત્મભાવનો etymological concept સમજવો જરૂરી છે.

**સર્વાત્મભાવ = સર્વ + આત્મન્ + ભાવ**

**('સર્વ' પદનોવિચાર)**





**સર્વ** = ૧. કોઈપણ (anyone) A to Zમાંથી કોઈપણ એક ૨. બધાં (everyone) 1.given all બોલાવેલ સર્વને જમવા બેસાડો. 2.ungiven all. ૩.બધાં માંથી કોઈપણ ઉદા : પરીક્ષામાં ભણાવેલું બધુ પુછવામાં આવશે.

**('આત્મન્' પદનો વિચાર)**



**આત્મન્ :**




૧. વ્યાપીને રહેનાર. ઉદા : દેહમાં આત્મા ૨. તત્ત્વ (essence). ઉદા : ગુલાબની રૂહ. ૩. પ્રિય. ઉદા : મમાત્મા અયં ભદ્રસેન. અતિશય પ્રિયમાટે પણ 'આત્મા' શબ્દ વપરાય છે.

**'સર્વાત્મભાવ'** શબ્દ માં **'સર્વ'** શબ્દ સાથે **'આત્મન્'** શબ્દ જોડાય ત્યારે **'સર્વાત્મા'** શબ્દ બને છે.

**(શબ્દોના જોડાણથી અર્થબોધના પ્રકાર અને વાક્યનું બંધારણ)**

કોઈપણ ભાષા મૂળમાં information convey કરવાનું માધ્યમ છે:વાક્ય. વાક્યદ્વારા કરવામાં આવતા અર્થબોધની પ્રક્રિયામાં વાક્ય પોતે જે શબ્દોથી ઘડાયેલ હોય તે શબ્દોનો અર્થ ખબર ન હોય તો information convey જ ન થાય. તે શબ્દોના અર્થ તો dictinory થી સમજાય જાય. પરન્તુ માત્ર તે શબ્દોના અર્થ જાણવાથી પણ વાક્યનો અર્થબોધ થતો નથી. વાક્યમાં રહેલા શબ્દો વચ્ચેના સમ્બન્ધનું જ્ઞાન ન હોય તો પણ અર્થબોધ ન થાય information convey ન થાય. એક પદનો બીજા પદ સાથેનો જે સમ્બન્ધ છે તે dictionary meaning થી convey નથી થતો. શબ્દોના સમ્બન્ધના કેટલાક નિયમો છે. linguistic ન ભણ્યા હોઈયે તો ભાષા વાપરતા હોઈએ છતાં પણ તે નિયમો ન સમજાય.

**“શાબ્દબોધે ચૈક પદાર્થે અપરપદાર્થસ્ય સંસર્ગઃ સંસર્ગમર્યાદયા ભાસતે.”**

real meaning of verble testimony lies on the relation between two or more terms.

ઉદા : [1] મિહિરગુલ ( m ) [2] બહુ અત્યાચારી ( a ) રાજા ( r ) હતો. ( 1.unkown information + 2.known information ). 1 = 2 m = ar this information is conveyed by સંસર્ગમર્યાદા. m = ar આ અર્થબોધ સંસર્ગમર્યાદાવડે થઈ રહયો છે. શબ્દોને પાસે પાસે રાખવાથી **શબ્દો વચ્ચેનો સમ્બન્ધ જણાવનારી સંસર્ગમર્યાદા** આપણી ભીતર કામ કરી રહી છે જેનાથી અર્થબોધ થાય છે.


હવે એક બીજુ વાક્ય જોઈએ : મિહિરગુલ અત્યાચારી રાજા નહતો. m ≠ ar. આમ સંસર્ગમર્યાદાથી બોધિત થતા સમ્બન્ધો મુખ્યત્વે બે પ્રકારના છે. 1.relation of identity ૧.અભેદમર્યાદાથી થતો અર્થબોધ અભેદાન્વય કહેવાય છે. and 2.relation of non-identity ભેદમર્યાદાથી થતો અર્થબોધ ભેદાન્વય કહેવાય છે.

હવે “અત્યાચારી મિહીરગુલ રાજા તેના બાપ જેવો હતો.” આ information માં મિહીરગુલ જ નહિં પણ તેનો બાપ પણ અત્યાચારી હતો આમા અભેદાન્વય અને ભેદાન્વય બન્ને હોય શકે. સર્વ = આત્મા સર્વાત્મા એ અભેદાન્વય છે જ્યારે સર્વમાં આત્મા સર્વાત્મા આ ભેદાન્વય છે.

**( ‘ભાવ’ પદનો વિચાર )**

**ભાવ :**






**૧. ભાવ = કોઈનું ક્યાંક ક્યારેક હોવું.** ઉદા : હમણાં વરસાદનો અભાવ છે. **૨. ભાવ = લાગણી** emotion, feeling. ઉદા : તેમને મારા પ્રત્યે સદ્ભાવ છે, દુર્ભાવ છે. **૩. ભાવ = અનુભવ** experience બે પ્રકારના હોય emperical ઉદા : આ લખવાનું બોર્ડ છે. intelectual ઉદા : હજારો પ્રકાશવર્ષ દૂર પણ ક્યાંક તો આપણાં જેવા પ્રાણીઓ મોજુદ હશે. **૪. ભાવ = સમજ** understanding. કોઈક વાર અનુભવ થાય પણ સમજાય નહીં એવુ બને અને કોઈક વાર સમજાય પણ અનુભવ ન થાય તેવું પણ બને.

**( ‘સર્વાત્મભાવ’નો વિચાર : )**

આમ **‘સર્વાત્મભાવ’**નો અર્થ લેવો ઘણો ગુંચવણ ભર્યો છે.

**અભેદાન્વય :** સર્વ = આત્મા.

**ભેદાન્વય :**

૧. સર્વત્ર/સર્વેષુ આત્મનો ભાવઃ. બધે ઠેકાણે આત્માનો ભાવ. હવે ભાવ બરાબર આગળ કહેલ ચારે હોવું emotion, experience, understanding લેવાના છે.

૨. સર્વોડપિ =( આત્મનો + ભાવઃ ). જે પણ ભાવ તે એકમાંજ સ્થાપિત હોય તો. (અભેદાન્વય)

૩. સર્વૈ: + આત્મનો + ભાવ:. સર્વ-દેહેન્દ્રિયાદિથી પોતાનો ભાવ કોઈ એકમાં concentrate થઈ જતો હોય છે.

**( ભગવલ્લીલા અને સર્વાત્મભાવ )**

લીલા એકમેવ અદ્વિતીય બ્રહ્મની છે જેમાં દેવ દાનવ માનવ સારૂ નરસુ પાપ પુણ્ય...બધું જ છે. તેની **"એકમેવ અદ્વિતીયમ્ તદૈક્ષત બહુ સ્યાં પ્રજાયેય"** (છાન્દો.ઉપ.૬।૨।૨) એ લીલા છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે બ્રહ્મને ન જાણો અને લીલા જ જાણો તો ન ચાલે. લીલાતો પ્રવાહી જીવ પણ જાણી શકે છે. સાધનાધ્યાય અને ફલાધ્યાય અનુસાર સર્વાત્મભાવ સાધન અને ફલ બન્ને છે. વાલ્લભવેદાન્તમાં લીલા જ ફક્ત alpha and omega નથી. વાલ્લભવેદાન્તમાં સર્વાત્મભાવ પણ alpha and omega છે. સર્વાત્મભાવ is proper responce to the multiplicity within the unity.

**( પુષ્ટિ અને સર્વાત્મભાવ )**

આપણે ત્યાં ઘણી જગ્યાએ લખી દે છે કે "પુષ્ટિમાર્ગએ પ્રભુની કૃપા મેળવવાનો માર્ગ છે" પરન્તુ આ ખોટું છે. પ્રભુની કૃપાથી જે માર્ગ મળે તે પુષ્ટિમાર્ગ છે. પ્રભુની કૃપાની જેટલી વેરાયટી છે તેટલી વેરાયટી પુષ્ટિમાર્ગની છે. ભાગવત કહે છે **"ગોપ્ય: કામાદ્ ભયાદ્ કંસ: દ્વેષાત્ ચૈદ્યાદયો નૃપા: સમ્બન્ધાદ્ વૃષ્ણય: સ્નેહાદ્ યૂયં ભક્ત્યા વયં વિભો"** (ભાગ.પુરા.૭।૧।૩૦). લીલામાં બધુ સંભવે સાધનામાં નહી. પણ ભગવાન્‌માં કામ-ક્રોધ વગેરેને વલ્લભાચાર્યએ માર્ગાયિત નથી કર્યા. તમે તમારા સામર્થ્યથી તેને જાણી શકો તો માણી નહી શકો અને માણી શકો તો જાણી નહી શકો. તેને જો સરખી રીતે જાણતા માણવો હોય તો તે તેની કૃપા વિના આપણા સામર્થ્યથી સંભવતુ નથી. કૃષ્ણ ગમે છે તો શા માટે? તેનો પણ ખુલાસો હોવો જોઈએ. શ્રીમહાપ્રભુજી કહે છે કૃષ્ણતો બ્રહ્મની લીલાનો climax છે. લીલાનું climax કૃષ્ણલીલા છે. પુષ્ટિભક્તિમાં



કૃષ્ણ જેવો છે જેમ છે તેમ જ તમારી limited capacity માં ગમી નથી શકતો. તમને જે કારણે ગમે છે ભળતો જ માર્ગ હોઈ શકે. પણ કૃષ્ણની કૃપાથી જ કૃષ્ણની (જાણવા છતાં માણવાની) totality માં તે ગમી શકે.

સર્વ દેહ ઈન્દ્રિય ઘરબાર બધાથી relish કરવાની જે પણ faculty હોય તેનાથી ભાવનું concomittence કરવું તે 'સર્વાત્મભાવ' આ અભેદાન્વય થઈ ગયો. અભેદાન્વયની શરત સંસ્કૃતમાં norm તરીકે કહેવાયું છે. **"યલ્લિંગં યદ્વચનં યત્પ્રત્યય: (વિભક્તય:) તલ્લિંગં તદ્વચનં તદ્વિભક્તય: = અભેદાન્વય:"**

**( ભક્તિ અને સર્વાત્મભાવ )**

આ બધું જોતા ભક્તિમાર્ગમાં પણ ત્રણ પ્રકારનો સર્વાત્મભાવ હોય શકે છે. અનુભૂતિ, expectation, સ્નેહ.

**૧. સર્વત્ર/સર્વેષુ આત્મન: ભાવ:.** દરેક જગ્યાએ ભગવાન છે. આ માહાત્મ્યનું પાસુ છે. ઉદા : ચૈતન્ય મહાપ્રભુને દરેક સ્થળમાં ભગવાન દેખાતા હતાં. અખો કંઈ આની વિરૂદ્ધમાં વાત કરે છે "એક ભક્તને એવી ટેવ પથ્થર તેટલા પૂજે દેવ". સર્વત્ર ભગવદનુભવની આ feeling આપણે સાધનામાં promote કરવા માંગતા નથી, નહિતર સ્નેહ જ્ઞાન તરફ ઢળવા લાગશે. સ્નેહની story બહુ નાની છે. **"એક લબ્ઝે મુહોબ્બતકા અદનાસા ફસાના હૈ સિમટે તો દિલે આશિક ફૈલે તો ઝમાના હૈ."** તેથી સાધનાવસ્થામાં આખી દુનિયાને ભગવદ્રૂપ માનવા છતાં સ્નેહ નથી કરતા પણ એક સ્વરૂપમાં આખા જમાનાને ભેગું કરીને તે સ્વરૂપને ભજવા માટે select કરીએ છીએ.

**૨. સર્વોઽપિ આત્મનો ભાવ:.** પોતાના બધાજ ભાવ પ્રભુમાં સ્થાપવા. એ ભાવ કોઈક અર્થમાં સાચો કે ખોટો હોઈ શકે. બધા

ભાવ એટલે બધા જ નહીં પણ ભક્તિમાર્ગમાં ભાવ તરીકે યોગ્ય બધા ભાવ. ઉદા : વાત્સલ્ય સખ્ય વગેરે. હોળીમાં ગાળો પણ આપી શકાય પણ તેની certain limit.

૩. **સર્વૈઃ દેહેન્દ્રિયદારાગારાદિભિઃ યો ભાવઃ.** (ભેદાન્વય છે). જે પદ સેવામાં ગાઈએ તે વખતે તે ભાવ એવો હોવો જોઈએ કે આ પદ પોતાના ઠાકોરજી માટે છે ભલેને તે પદ શ્રીનાથજી કે નવનીતપ્રિયાજી કે કોઈપણ સ્વરૂપ માટે હોય, પણ જ્યારે ગાવ ત્યારે પોતાના ઠાકોરજી માટે. તમારા ઠાકોરજીનો પ્રસાદ જ લેવો ગમે તે જીભનો સર્વાત્મભાવ. રમવા જમવાના બધાં ભાવ એક સ્વરૂપ સાથે share કરવા લાગીએ એ પછી જે ભક્તિ છે તે સર્વાત્મભાવ માં convert થઈ ગઈ. શ્રીમહાપ્રભુજી કહે છે કે સર્વાત્મભાવથી એક ડગલું આગળ વધ્યા તો અલૌકિકસામર્થ્ય પ્રાપ્ત થશે.

આ લોકમાં બધા ભાવ એક સ્વરૂપ સાથે share કરવા તે આપણા સામર્થ્યથી નથી થઈ શકતું. તેમજ જો બધે ઠેકાણે પ્રભુ જ દેખાય તો તે પણ અલૌકિકસામર્થ્ય છે. આથી સાધનભક્તિના દૃષ્ટિકોણથી જોવા જતાં સર્વાત્મભાવ ફલ છે અને ફલના દૃષ્ટિકોણથી જોવા જતાં સાધન પણ છે. આથી ભાષ્યકારે સર્વાત્મભાવની સાધનાધ્યાય અને ફલાધ્યાય એમ બન્ને ઠેકાણે ચર્ચા કરી છે. જો સર્વાત્મભાવ ફક્ત ફલ જ હોત તો સાધનાધ્યાયમાં ચર્ચા ન કરી હોત અને ફક્ત સાધન જ હોત તો ફલાધ્યાયમાં ચર્ચા ન કરી હોત. તેમજ સુબોધિનીમાં પણ સાધનપ્રકરણ અને ફલપ્રકરણ બન્નેમાં સર્વાત્મભાવનું વિસ્તૃત નિરૂપણ કરવામાં આવ્યું છે.

ફક્ત લીલા ફલ હોય તો ગધેડા, કૂતરા, સૂવર, પ્રવાહી, ચાર્વાક બધાને અનુભવાય છે તે ફલ છે. જો ફક્ત બ્રહ્મ જ ફલ હોય તો બ્રહ્મમાં લીન થનારાને જ ફલાનુભૂતિ થાય છે એમ સ્વીકારવું



પડશે. શ્રીમહાપ્રભુજી કહે છે બ્રહ્માનન્દમાં **“બ્રહ્માનન્દે પ્રવિષ્ટાનામ્ આત્મનૈવ સુખપ્રમા સંઘાતસ્ય વિલિનત્વાદ્”** અને ભક્તની ફલાનુભૂતિ **“ભક્તાનાં તુ વિશેષતઃ સર્વેન્દ્રિયૈઃ તથા ચ અન્તઃકરણૈઃ આત્મનાપિ હિ બ્રહ્મભાવાત્ તુ ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે”** (ત.દી.નિ.૧૫૦-૫૧). બ્રહ્માનુભવ-રહિત લીલાનુભવ નહીં અને લીલાનુભવ-રહિત બ્રહ્માનુભવ નહીં તેથી લીલાસહિત બ્રહ્મનો કોઈ proper response હોય તો તે સર્વાત્મભાવ જ છે.

બ્રહ્મવાદ પ્રમાણે બ્રહ્મ + લીલા is alpha and omega of પુષ્ટિભક્તિ. સર્વાત્મભાવ plays a pivotal role in experiencing complex of બ્રહ્મ + લીલા.

એક કવિએ આસક્તિભ્રમ માટે કહ્યું છે **“પ્રાસાદે સા પથિ પથિ ચ સા પૃષ્ઠતઃ સા પુરઃ સા પર્યંકે સા દિશિ દિશિ ચ સા હંહો ચેતા પ્રકૃતિર્ અપરા નાસ્તિ મે કાપિ અન્યા સા સા સા સા જગતિ સકલે કોઽયમ્ અદ્વૈતવાદઃ”**. સામાન્ય રીતે આસક્તિભ્રમ એ hellucination છે. પણ ભક્તિમાં તો ઘી ઢોળાયું તો ખીચડીમાં જેવું છે. લૌકિકવિષયમાં સર્વાત્મભાવ મોહાસક્તિજનિત ભ્રમ પણ બ્રહ્મમાં મોહજન્ય ભ્રમ સર્વાત્મભાવ. સર્વાત્મભાવ જ્ઞાનાત્મક આનન્દાત્મક પણ હોય છે. ભક્તિ મોરનું ઈંડું છે કે તેમાંથી અનેક રંગ ખીલી શકે. ભક્તિને સર્વાત્મભાવમાં ખીલવવાની છે.